# પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૭ • અંક-૭ • જુલાઈ ૨૦૧૦ • પાના ૨૮ • કીમત રૂા.૧૦

## જિન-વચન

### પ્રાણીવધનું અનુમોદન કરવું નહિ

न हु पाणवहं अणुजाणे मुच्चेज्ज कयाइ सव्वदुक्खाणं ।
एवायरिएहिं अक्खायं जेहिं इमो साहुधम्मो पण्णत्तो ।।

–उत्तराध्ययन–८-८

જેઓ પ્રાણીવધનું અનુમોદન કરે છે, તેઓ ક્યારેય સર્વ દુઃખોથી છૂટી શકતા નથી. જેઓએ સાધુધર્મ સમજાવ્યો છે તેઓએ આ પ્રમાણે કહ્યું છે.

प्राणीवध का अनुमोदन करने वाला सर्व दुःखों से कभी भी मुक्त नहीं हो सकता । जिन्हों ने यह साधु-धर्म समझाया है उन्होंने ऐसा कहा है ।

Those who support others' act of killing living beings can never be free from all the miseries. All those who have preached true religion have said so.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન-વચન'માંથી)

## હું આપનો ઉપકાર માનું છું

## આચમન

જે માનવી તત્ત્વજ્ઞાનના સાચા ઉપાસક હોય છે એવા લોકો પોતાને હંમેશાં તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી સમજે છે. જ્યાંથી જ્ઞાન મળે ત્યાંથી લે છે ને પોતાના આચરણમાં વણી લે છે. નાની વ્યક્તિ પાસેથી પણ શીખવાનું મળે તો એ લોકો ઝીલી લે છે.

ગ્રીક તત્ત્વજ્ઞ સોક્રેટીસ આવા જ એક સાચા તત્ત્વજ્ઞાની હતા. એમનું જીવન બહુ કડક હતું. એમને જોઈને લોકો આદરથી મસ્તક ઝૂકાવી દેતા, પણ એ તો પોતાને તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી જ સમજતા અને નાની કે મોટી કોઈપણ વ્યક્તિ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ થાય તો હોંશે હોંશે જ્ઞાન ભેગું કરતા ને જીવનમાં વણી લેતા.

એક સમયે એક નામચીન શરાબી મદિરા પીને ઝૂમી રહ્યો હતો. હજી એ થોડા હોશમાં હતો. સોક્રેટીસને રસ્તામાં એ સામો મળી ગયો. તે રસ્તા ઉપર ઠેર ઠેર કાદવ હતો.

સોક્રેટીસે પ્રેમભાવે એને કહ્યું, 'ભાઈ! ડગલા સંભાળી ભરો, નહીં તો કાદવમાં ગબડી પડશો.'

દારૂડિયાએ તો સણસણતો જવાબ આપ્યો, 'અરે સંત! આપ મને શું સલાહ આપો છો. હું ગબડી પડીશ તો સ્નાન કરીને ફરીથી સ્વચ્છ થઈ જઈશ. પરંતુ આપનો પગ જો લપસ્યો તો આપ ક્યાંયના નહિ રહો. ના સાધુ! ના ગૃહસ્થ! સમજ્યા!'

શરાબીની એ વાણી સાંભળીને સોક્રેટીસે એને નમન કર્યું ને એ બોલ્યા, 'ભાઈ! આપે કહ્યું તે તદ્દન સાચું છે. આપે મને સચેત ને સાવધાન કર્યો એ માટે હું આપનો ખૂબ ઉપકાર માનું છું.

સૌજન્ય : 'ઋતંભરા શક્તિદલ'

### જરૂરી ખુલાસો

'જૈન પારિભાષિક શબ્દકોશ' તેમજ 'પત્ર ચર્ચા' વિભાગ અંતર્ગત લેખો પ્રસ્તુત અંકમાં સ્થળસંકોચને કારણે સમાવી શકાયા નથી જે બદલ વાચકો દરગુજર કરે.

તંત્રી

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ટ |
|---|---|---|---|
| (૧) | જૈન ધર્મ અને શ્રીમંતો અને અપરિગ્રહ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| (૨) | સંતવાણી : કલા અને કસબ | ડૉ. નિરંજન રાજ્યગુરુ | ૬ |
| (૩) | આનંદઘનજી રચિત-શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન | સુમનભાઈ એમ. શાહ | ૧૦ |
| (૪) | સ્વદેશી સામ્રાજ્યવાદ | મહેન્દ્ર મેઘાણી | ૧૨ |
| (૫) | ખૂબીઓ વધારીએ, ખામીઓ સુધારીએ! | રોહિત શાહ | ૧૪ |
| (૬) | પ્રો. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા સંગીતમય મહાવીર કથા | મનહરભાઈ કામદાર, નવનીતભાઈ ડગલી | ૧૫ |
| (૭) | દૂધ | હિંમતલાલ એસ. ગાંધી | ૧૬ |
| (૮) | રામ કથા, ગાંધી કથા અને હવે સાંભળો ।। મહાવીર કથા ।। | ડૉ. મનોજ જોશી | ૧૮ |
| (૯) | 'ણ' અક્ષરનો પ્રભાવ | ડૉ. રશ્મિભાઈ ઝવેરી | ૨૦ |
| (૧૦) | વિશ્વ ગુજરાતી ભાષા દિવસ | કાકુભાઈ છગનલાલ મહેતા | ૨૧ |
| (૧૧) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૨૧ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૧૨) | જયભિખ્ખુ જીવનધારા-૨૦ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૫ |
| (૧૩) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૪) | પંથે પંથે પાથેય : એ હૃદયસ્પર્શી દૃશ્ય | ભોગીલાલ શાહ | ૨૮ |


## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સૌજન્યથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા શનિવાર તા. ૪-૯-૨૦૧૦ થી શનિવાર તા. ૧૧-૯-૨૦૧૦ સુધી એમ આઠ દિવસ માટે યોજાશે.

**વ્યાખ્યાનમાળા સ્થળ :**

પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

રોજ ૭-૩૦ વાગે ભક્તિસંગીત અને ૮-૩૦ થી ૧૦-૧૫સુધી બે વ્યાખ્યાનો યોજાશે.

સર્વને પધારવા નિમંત્રણ છે.

❑ મંત્રીઓ

### 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
 ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
 ૧૯૩૨ થી ૧૯૩૩
 બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
 એટલે નવા નામે
૩. તરૂણ જૈન
 ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
 ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
 ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૦માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૭માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

### પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૭ ● અંક : ૭ ● જુલાઈ ૨૦૧૦ ● વિક્રમ સંવત ૨૦૬૬ ● વીર સંવત ૨૫૩૭ ● અષાઢ સુદ –તિથિ-૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૧મા વર્ષમાં પ્રવેશ)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## જૈન ધર્મ અને શ્રીમંતો અને અપરિગ્રહ

૮૪ વર્ષ ની દીર્ઘ યાત્રા સ્વસ્થતાપૂર્વક પાર કરી ચૂકેલા, અનુભવ અને પ્રવૃત્તિથી સમૃદ્ધ અને આજે ય પૂરા કાર્યશીલ એવા સ્વાતંત્ર્ય સેનાની શ્રી સૂર્યકાંતભાઈ પરીખનો હમણાં જ તા. ૨૮ મેના મને એક પત્ર મળ્યો, આ પત્ર 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને હું સમર્પિત કરું છું, ચર્ચા–ચિંતન માટે.

*સ્નેહીશ્રી ધનવંતભાઈ,*

*જૈનધર્મ પણ અન્ય ધર્મોની માફક એકાંગી નથી, તે સર્વગ્રાહી છે, અને જાગતિક પરિસ્થિતિને લક્ષ્યમાં લઈને જૈનધર્મ પાળનારે ઓછામાં ઓછું શું – વ્યક્તિગત રીતે, અને સામાજિક રીતે શું કરવું જોઈએ તે અંગે આપ લખો, અને નીચેના મારા પ્રશ્નો પર પ્રકાશ પાડો કે (૧) અત્યારે સતત પૈસાનું મહત્ત્વ ખૂબ જ વધી રહ્યું છે, કમાવ, ખૂબ કમાવ, અને તે માટે ગમે તે રીતે કમાવ એ મનઃસ્થિતિ દિવસે દિવસે વધુ વ્યાપક થતી જાય છે, તો તેમાં જૈનધર્મના મૂળમાં અપરિગ્રહ તરફ ગતિ કરવાની વાત ભૂંસાતી જાય છે તો શું કરવું જરૂરી છે? જેમ પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવો છો તેમ બીજી પણ વ્યાખ્યાનમાળા મુંબઈ જૈન યુવક સંઘ ગોઠવે છે. તેમાં વિષય રાખવો જોઈએ કે (૧) ચારે તરફ સત્તાનું, પૈસાનું કેન્દ્રીકરણ થાય છે. તેની વચ્ચે પાળી શકાય એવો જૈન ધર્મ કેવો હોવો જોઈએ? શ્રી કુમારપાળભાઈ જેવા વ્યક્તા તે અંગે કંઈક જણાવે તો સારું.*

*તમે અત્યારની આર્થિક-વિષમ પરિસ્થિતિમાં પ્રબુદ્ધ જીવન મારફતે જૈન ધર્મની રીતે વ્યક્તિ/કુટુંબ/સમાજ કેવી રીતે જીવે તે દર્શાવશો તો આનંદ થશે. ધર્મ એ આપણા અત્યારના જીવનને પણ બચાવનાર છે, જૈન ધર્મમાં જે તપ સાધના છે તે છેવટે તો મનને શાંતિ આપે તે માટેની છે.*

☐ **સૂર્યકાન્ત પરીખ**

**આ અંકના સૌજન્યદાતા**
**સ્વ. સોમચંદ ચુનીલાલ શાહ પરિવાર**
**સ્મૃતિ–શ્રધ્ધાંજલિ**
**સ્વ. પૂ. બાપુજી, બા, પ્રવીણભાઈ, પ્રતાપભાઈ અને પ્રમિલા**

આ સૂર્યકાન્તભાઈ આ સંસ્થા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપકોમાંના એક શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાના કુટુંબીજન, એમના પત્ની શ્રીમતિ ગીતા પરીખ પરમાણંદભાઈના સુપુત્રી અને ચિંતનશીલ કવયિત્રી, સૂર્યકાંતભાઈ ભારતની આઝાદીની લડતમાં પૂરા સક્રિય હતા, એટલે પોતાને હંમેશા સ્વતંત્રસેનાની અને ફ્રીડમ ફાઈટર કહે–લખે, આ વાંચીને આપણને પણ ગૌરવ થાય અને પોરસ ચઢે, એઓ આ ઉપરાંત ગાંધી અને ગાંધી યુગથી પૂરા રંગાયેલા, તેમજ પૂ. રવિશંકર મહારાજ અને પૂ. વિનાબાજીની ભૂદાન અને અન્ય પ્રવૃત્તિમાં પણ જોડાયેલા એટલે એઓ આદર્શવાદી હોય એ સમજી શકાય છે. છેલ્લા ૨૫ વરસથી સૂર્યકાંતભાઈએ પર્યાવરણની અને માનવ આરોગ્ય માટેની એક મહત્ત્વની પ્રવૃત્તિ માટે ભેખ ધર્યો છે અને એમાં સફળ પણ થયા છે. એ છે સેનિટેશન એટલે ભારતમાં યાત્રા અને અન્ય સ્થળોએ જાહેર શૌચાલયો અને સ્નાનગૃહો બાંધવા અને એની જાળવણી કરવી. અમદાવાદ સ્થિત એમની સંસ્થાનું નામ છે 'નાસા ફાઉન્ડેશન'- NATIONAL SANITATION & ENVIRONMENT IMPROVEMENT FOUNDATION. આ સંસ્થાએ આ ક્ષેત્રમાં ખૂબ જ સારું અને મહત્ત્વનું કામ કર્યું છે, અને આનંદની હકીકત તો એ છે કે દાનવીર દાતાઓ મંદિરની જેમ આવી પ્રવૃત્તિમાં પણ છૂટે હાથે પોતાની ધન રાશિ આવા કાર્યમાં આપી પર્યાવરણની આવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે છે. આ સંદર્ભે આ સંસ્થાની પુસ્તિકા 'ટૉયલેટની દુનિયા' વાંચવા જેવી છે. જાગૃત નાગરિકોએ આ સંસ્થાની અને એની પ્રવૃત્તિની વિગતો આ સંસ્થા પાસેથી મંગાવવી જોઈએ. પર્યાવરણની ખેવના અને આરોગ્ય સેવા એ માનવ ધર્મ છે, એ એક ઉત્તમ પૂજા છે.

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com

કેટલાંક વર્તમાન સંતપુરુષો અને બૌદ્ધિકોએ તો ત્યાં સુધી કથન કર્યું છે કે દેશને રળિયામણો અને સ્વસ્થ-સ્વચ્છ બનાવવો હશે તો હવે મંદિરો નહિ જાહેર શૌચાલયો વધુ બાંધવા જોઈશે, જો કે આ કથન સાથે પૂરા સંમત ન થવાય. શારીરિક શુદ્ધિ માટે જેટલી જરૂરિયાતો શૌચાલયોની છે એટલી જ જરૂરિયાતો માનસિક અને ચૈતસિક શુદ્ધિ માટે મંદિરો અને ધાર્મિક સ્થાનોની પણ છે.

હવે આપણે એમના અહીં પ્રગટ કરેલ પત્રની થોડી ચર્ચા કરીએ.

આ પત્રમાં એઓશ્રીની જે સંવેદના, વેદના છે એ વેદના આક્રોશ સુધી પહોંચી છે. મારું માનવું છે કે આ વેદના એકલા સૂર્યકાંતભાઈની જ નથી સર્વ જાગ્રત અને બૌદ્ધિક નાગરિકની અને જૈન શ્રાવકની છે. એટલે જ આ પત્ર 'પ્ર.જી.'ના વાચકો પાસે મેં મૂક્યો છે. સર્વ વાચક મહાનુભાવોને પોતાના વિચારો દર્શાવવા અમે નિમંત્રણ આપીએ છીએ.

જૈન ધર્મ સર્વગ્રાહી છે, અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદ એના પાયામાં છે એટલે જગતના સર્વ તત્ત્વચિંતકોએ એને પ્રશંસ્યો છે અને કેટલાંકે તો પુનર્જન્મમાં જૈન તરીકે જન્મવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. જગતની લગભગ પાંચ અબજની વસ્તીમાં જૈન ધર્મીની સંખ્યા એક કરોડથી વધુની નહિ હોય, પણ જૈન ધર્મનું ચિંતન તો કરોડોથી ય વધુ લોકો સુધી પહોંચ્યું છે જ. જૈન ધર્મના અન્ય સિદ્ધાંતોમાં ત્રણ તો મુખ્ય, અહિંસા, સત્ય અને અપરિગ્રહ. અન્ય ધર્મો તરફ દૃષ્ટિ કરીએ તો આ ત્રણ સિદ્ધાંતો લગભગ પ્રત્યેક ધર્મે પ્રબોધ્યા છે. જૈન ધર્મ પાળનાર ગૃહસ્થ શ્રાવક-શ્રાવિકા છે અને સંસારની સર્વ આસક્તિ ત્યજીને મોક્ષમાર્ગ સ્વીકારનાર સાધુ-સાધ્વી વર્ગ છે. જૈન શાસ્ત્રે આ બન્ને વર્ગ માટે વિગતે અને ઊંડાણપૂર્વક આચારસંહિતા અને નિયમો ઘડ્યા છે જે શાસ્ત્રબદ્ધ છે જ. સર્વ પ્રથમ આ નિયમોનું અધ્યયન સાધુ વર્ગ કરે છે અને એ પ્રમાણે આચરણ બહોળો સાધુ વર્ગ કરે છે જ. શ્રાવક-શ્રાવિકાઓને આ નિયમો સમજાવવાનો અને આચરણ કરાવવાનો પોતાનો ધર્મ પણ આ સાધુ વર્ગ પાળે છે જ.

પરંતુ વર્તમાન સમયમાં આધુનિકતાના નામે અને યુવાનોને ધર્મ પ્રત્યે આકર્ષવાના કારણો આપી કેટલાંક નિયમોની અવગણના કરવામાં આવી રહી છે. આપણે 'જડ' ન બનીએ, 'રૂઢિવાદી' પણ ન રહીએ, પણ જ્યાં પાયાનું 'સત્ય' જ ખંડિત થતું હોય તો એ થકી પ્રાકૃતિક પરિણામ આવે એ સમાજે ભોગવવું જ રહ્યું. આજે જૈન સમાજ આ પરિસ્થિતિ પાસે આવીને ઊભો છે. પૂર્વાચાર્યોએ વિચારેલી ક્રિયાઓ જરૂર અનુસરીએ પણ એમાં અતિશયોક્તિ આવે, ઉત્સવો અને એમાંય ભવ્યાતિભવ્ય ઉત્સવોના નિર્માણો થાય ત્યારે માત્ર ધનવ્યય જ નથી થતો, જૈન સિદ્ધાંતની હિંસા પણ થાય છે. અને આ ઉત્સવો પણ કેટકેટલા પ્રકારના? ઉજમણા અને પ્રેરણાના લેબલના નામે આજે તો માત્ર શ્રીમંતોને જ પોષાય એવા પ્રસંગોનું આયોજન થાય છે. દેખાદેખીથી મધ્યમ વર્ગને પણ આ ઘટનાઓને અનુસરવી પડે છે, એ દુઃખને તો ક્યાં વાગોળવું? એક તરફ અઢાઈ આદિ અનેક તપ કરી પુણ્યની પ્રાપ્તિ સાથે અન્નનો ઉપયોગ ઓછો થાય, અને એજ નિમિત્તે ભોજન સમારંભો કરી અન્નનો કેવો ઉપયોગ કરીએ છીએ? વરઘોડાનું આયોજન કરી ધ્વનિ પ્રદૂષણમાં વધારો કરીએ અને હાથી-ઘોડાનો ઉપયોગ કરી પશુઓને દુઃભવીએ.

આ ઉત્સવો થકી જાગૃતજનોને એમાં શ્રીમંતાઈનું પ્રદર્શન લાગે તો નવાઈ શા માટે પામવી?

જૈન ધર્મના પાયાના સિદ્ધાંત અપરિગ્રહની તો અવગણના થઈ ગઈ છે. સામાજિક અને આત્મિક શાંતિની પ્રાપ્તિ આ અપરિગ્રહના આચરણથી જ શક્ય બનવાની છે.

જ્યારથી 'ધર્મ'નો જન્મ થયો ત્યારથી આજ સુધી અને ભવિષ્યમાં પણ જનમાનસ ઉપર એ ધર્મના ધર્માચાર્યોનું જ વર્ચસ્વ રહેવાનું. ગમે તેવો ચક્રવર્તી સત્તાધારી રાજા જંગલમાં કે મઠમાં વસતા ધર્માચાર્યોના આદેશને જ સર્વસ્વ માનતો. રાજા અને પ્રજાની 'નાડ' અને 'સુકાન' આ ધર્માચાર્યો પાસે જ રહેવાના. એટલે અપરિગ્રહનો સિદ્ધાંત આ ધર્માચાર્યો જ સમજાવી શકશે, આચરણ કરાવી શકશે.

આજનો આપણો કેટલોક વર્ગ યેનકેન પ્રકારેણ ધનપ્રાપ્તિ પાછળ ઘેલો બન્યો છે. આ ભૌતિક પ્રાપ્તિ પછી 'યશ-કીર્તિ' પ્રાપ્તિની પાછળ પણ એટલો જ રઘવાયો થયો છે. દાન સ્વીકારી કીર્તિ આપનાર વર્ગે એ ધનપતિએ ધન પ્રાપ્તિ કયા માર્ગે, કયા સાધને અને કઈ રીતે કરી છે, એની સજાગતા વિસરાઈ ગઈ છે. ભામાશા, જગડુશા, વસ્તુપાળ તેજપાલ, મોતીશા વગેરે હવે દૃષ્ટાંત કથાઓના પાત્રો જ બની રહ્યા છે. આ મહાન પાત્રો વાંચન પૂરતા જ પ્રેરક રહ્યાં છે.

આવો વંટોળ છે, તો પણ આ 'અપરિગ્રહ'ના સિદ્ધાંતનું તેજ ઓછું થયું નથી, આ સિદ્ધાંતને કારણે જ આજે પણ આપણા સમાજમાં એવા દાનવીરો દૃશ્યમાન થાય છે કે જેમના જીવનની સાદગી જોઈને આપણું મસ્તક નમી જાય.

મુ. સૂર્યકાંતભાઈએ મને હમણાં એક નાનકડી પુસ્તિકા મોકલી– **'વી ગીવ અવે ફોર્ચ્યુન'**–એમાં આ અપરિગ્રહના સિદ્ધાંત તરફ વળેલા અમેરિકન ધનપતિઓની કથા છે, એમાં ચાલીશ ધનપતિઓની કથા છે. આ ચાલીશ ધનપતિઓએ પોતાની સમગ્ર ધનરાશિ સમાજને આપી દીધી છે એની સત્ય ઘટના છે.

'તેન ત્યક્તેન ભુંજિથાઃ' 'તેનો ત્યાગ કરીને ભોગવ' અને 'દાનમ્ સવિભાગમ્'–અભિમાન રહિત દાન કરો. આ ભારતીય સંસ્કૃતિને અને ગાંધીજીની 'ટ્રસ્ટીશીપ'ના સિદ્ધાંતને આ દાનવીરો ચરિતાર્થ કરે છે. મુ. સૂર્યકાંતભાઈએ એ પુસ્તિકાના દોહન રૂપ જે પરિચ્છેદો મને મોકલ્યા છે એ પ્ર.જી.ના વાચકોને સમર્પિત કરું છું.

''ખૂબ પૈસાપાત્ર કુટુંબોમાં એક સમાન વિચાર રહેતો હોય છે કે, પોતાના અઢળક ધનના ભંડારને ઓછો ન થવા દેવો, એને માટે તેને અડવું નહીં એટલે ધનથી મેળવાતી સત્તા અને વિશેષ અધિકારો મળ્યાં કરે, જે કમાણી સતત થતી હોય તે વાપરવી અને ધનના સંચયમાંથી મળતું વ્યાજ મળે તેમાંથી થોડુંક દાન આપીને દાનવીરોમાં પોતાનું નામ આગળ કરવું.'

પરંતુ, જે અમેરિકન સમાજમાં ધનનો સંગ્રહ કરવાની જ વૃત્તિ હોય તથા નવી પેઢીને પણ ભૌતિક સાધન સંપત્તિમાં જ રસ હોય, એમાં પણ એક કોલીન જેવા જર્મન ધનાઢ્ય મા-બાપના દીકરા જેવા યુવાન નીકળે કે જેઓ એમ કહે કે, મને જન્મથી જ મોટી સંપત્તિ વારસામાં મળી હતી, પરંતુ તે સ્થિતિ મને કુદરતી રીતે જ માફક નહોતી આવતી, એટલે મેં તે તમામ સંપત્તિ (૨,૭૫,૦૦૦ ડોલર) સમાજનું નવનિર્માણનું કામ કરનાર સામાજિક સંસ્થાને આપી દીધી. કોલીન આગળ ઉપર કહે છે કે હું ૧૬ વર્ષનો હતો ત્યારે મારા પિતાએ મને બોલાવીને કહ્યું કે, તું ઘણાં પૈસા વારસામાં મેળવવાનો છે, અને જો તું તેનું યોગ્ય રીતે રોકાણ કરીશ તો તને જીંદગીભર કોઈ વાંધો નહીં આવે. મારા પિતાજીની ઈચ્છા મારું બાળપણ અને ત્યારપછીનું મારું જીવન સુખેથી કાઢું તેવી હતી. પરંતુ મારા મનમાં એ વાત પાકી થયેલી કે, એકલી આર્થિક સદ્ધરતા એ માણસના સુખમય કે શાંતિમય જીવનની ચાવી નથી, પરંતુ બીજી કેટલીક બાબત તે સાથે સંકળાયેલી છે. આ જાતના વિચારો કરનાર વ્યક્તિ કોલીન જ નહોતો, પરંતુ બીજા પણ સમાજમાં હતા કે જેઓએ સમાજમાં શાંતિ અને સમભાવ સ્થપાય તે માટે પોતાની તમામ દોલત આપી દીધેલી. એવી ૪૦ વ્યક્તિઓને શોધવાનું કામ ક્રીસ્ટોફર મોગીલ અને એની સ્લીપેઈન નામના બે લેખકોએ કરી. મિ. મોગીલે એક અખબાર સાથેના તેમના ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, સામાન્ય રીતે ધનાઢ્ય લોકો પોતાની સંચય કરેલી સંપત્તિનું વ્યાજ જ વાપરતા હોય છે. પરંતુ આ બધા કિસ્સાઓમાં એક જુદી જ પરિસ્થિતિ હતી. જેને આપણે પરંપરાગત દાનનો પ્રવાહ કહીએ તેમાં ભૂખ્યાને અન્ન આપવું, માંદાને સારવાર આપવી કે અભણને ભણાવવા વિગેરે બાબતો ગણી લેવામાં આવે છે. પરંતુ ધરમૂળથી સામાજિક ન્યાય મળે તેની સાથે દાનનો પ્રવાહ જોડવામાં આવતો નથી. સામાજિક ન્યાયનો અર્થ લોકો પોતાના આર્થિક અને સામાજિક કર્તવ્યમાં સભાન થાય તેમ જ આગ્રહપૂર્વક સમાજ વ્યવસ્થાને બદલવા માટે મહેનત કરે એ છે.

'અમે અમારું ભાગ્ય સમાજને અર્પિત કર્યું', એ શીર્ષક હેઠળની આ ચોપડીમાં ૧૩ સ્ત્રીઓ અને ૨૭ પુરુષો બધા જ વ્હાઈટ અમેરિકનો અને જર્મનો, ઉંમર ૨૫ થી ૨૭ ની વચ્ચેની છે, તેઓની સત્ય કથાઓ છે. એમાંની કેટલીક બહેનોએ તો પર્યાવરણની સુધારણા માટે, બહેનોના હક્કો માટે, એઈડ્ઝ જેવા રોગો સામે સજાગતા કેળવવા પોતાની તમામ દોલત એવા કામમાં ખર્ચી છે, જે લગભગ ૪ કરોડ ડોલર જેટલી થાય છે.

દુનિયાની દવાની કંપનીઓમાં જેનું બહુ મહત્ત્વનું સ્થાન છે તેવી પ્રોક્ટર એન્ડ ગેમ્બલ નામની કંપનીનો એક વારસ જેનું નામ રૂબી ગેમ્બલ છે અને જે બોસ્ટનમાં મોટો થયો છે, તેણે પોતાની દોલતનો ઘણો મોટો ભાગ સમાજના નવનિર્માણના કામમાં આપી દીધો છે. એટલું જ નહીં, પણ કેનેડામાં સામાજિક અને આર્થિક ન્યાય માટે સંશોધન કરવા એક સંશોધન કેન્દ્રની સ્થાપના પણ કરી છે.

ફીલ વેરેરા નામની એક બોસ્ટનના એક ઔદ્યોગિક સાહસની વ્યક્તિએ યુ.એસ.એ.માં ફેમિલીઝ ફાઉન્ડેશન નામની સંસ્થા શરૂ કરવા માટે ૪ કરોડ ડોલર (૧૨૦ કરોડ રૂપિયા) જેટલી રકમ દાનમાં આપી દીધી છે. એ જ પ્રમાણે કોલીન્સે **પોતાની મોટા ભાગની દોલત એક એવી સંસ્થાને આપી છે કે જે બીજી સંસ્થાઓને મદદ કરે છે.** કોલીન્સે જાહેરમાં કહ્યું કે, મારા ધનનો મને જે ઉપયોગ છે તેના કરતાં વધુ ઉપયોગ સમાજને છે. જમેકામાં બે બેડરૂમના એક ફ્લેટમાં તે રહે છે. પોતાની દોલતમાંથી તેને અભ્યાસ માટે તથા પ્રવાસ માટે જે ફાયદો થયો તે માટે તેને ઘણો આનંદ છે, અને પિતાજીએ તેના ધનનું રક્ષણ કરવા જે ટ્રસ્ટ કરેલું તે ટ્રસ્ટનું વિસર્જન કરતા તેને સહેજે પણ દુ:ખ નહોતું થયું.

આવા અનેક લોકોની મુલાકાતો આ ચોપડીમાં કંડારાયેલી છે. જેઓએ એ વાતનો સ્વીકાર કરેલો છે કે, ગરીબ લોકોની ગરીબીનું એક કારણ તેઓને પૂરતા પ્રમાણમાં તેમના કામનું વળતર નથી આપવામાં આવતું તે છે. અને પૈસાદાર લોકો તેમને ગરીબ રાખવામાં જ પોતાનો સ્વાર્થ સમજે છે. જે લોકોએ પોતાનું ધન સમાજને ચરણે ધરી દીધું છે, તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે અમારું ધન પણ અમને જે ચાલુ વ્યવસ્થા છે કે જેમાં શોષણ એ મહત્ત્વનું છે, તેના આધારે જ તે મળેલું છે. એટલે અમારે એવા ધનનો વહેલી તકે ત્યાગ કરવો જોઈએ. કોલીન્સે પોતાના પિતાજી ઉપર જે પત્ર લખ્યો તેમાંના વિચારો સાથે એના પિતાજી સંમત ન હોવા છતાં દીકરાનો પ્રેમ દેખાય છે. એટલે આ ચોપડી ભારતની દૃષ્ટિએ એટલા માટે મહત્ત્વની છે કે, ગાંધીજીએ આઝાદીની લડતમાં કેટલાય કુટુંબો પાસે પોતાની આર્થિક સંપત્તિ સમાજના મૂળભૂત પરિવર્તન માટે છોડાવેલી, આજે પણ ગાંધીજીના ગયા પછી ૧૪ વર્ષ સુધી સમગ્ર ભારતમાં ખૂણે ખૂણે વ્યાપેલ ભૂદાન આંદોલનની સાથે સાથે સંપત્તિદાનનો જે વિચાર આવેલો, તેને કારણસર આ ચોપડી વિચારકોએ વાંચવા જેવી છે.''

આજે ચારે તરફ સત્તાનું, પૈસાનું કેન્દ્રિકરણ થાય છે કારણ કે આપણી સંસ્કૃતિ એના અધ્યાત્મ મૂળને એક તરફ મૂકીને ભૌતિકવાદમાં ડૂબી ચૂકી છે. અમેરિકા અને પશ્ચિમના ભૌતિકવાદની દેખાદેખીમાં આપણે પામ્યા કરતા ઘણું ગુમાવી ચૂક્યા છીએ. હવે ભૌતિક સમૃદ્ધિ એજ પ્રગતિની વ્યાખ્યા બની ચૂકી છે. હવેનો સમાજ સમૃદ્ધિની પાછળ દોડે છે. એની મૂળ ખોજ તો શાંતિની હોવી જોઈએ એ ભૂલાઈ ગયું છે. હવે ઉપદેશ કે ચર્ચાથી કાંઈ નહિ વળે, હવે તો એ પટકાઈને પાછો આવશે ત્યારે જ સમજાશે, પણ ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

જો કે આપણી સંસ્કૃતિના પાયામાં એટલું બધું બળ છે કે એ ક્યારેય તૂટશે નહિ. આજે અધ્યાત્મિક માર્ગદર્શન અને શાંતિ માટે બધાં જ દેશોની નજર ભારત તરફ મંડાણી છે. પૂર્વ અને પશ્ચિમની દીવાદાંડીનું કામ એક સમયે આ દેશ જ કરશે. કાળ પાકશે ત્યારે એ થશે જ; ત્યાં સુધી ધીરજ રાખવી રહી, અને ધીરજ એ તપ છે. જીવન જીવવાની કળા જૈન ધર્મના સિદ્ધાંતોમાં અદ્‌ભુત છે. નવી ખોજની કોઈ જરૂર નથી, માત્ર આપણા ધર્માચાર્યો સાચી રીતે, નિસ્પૃહી ભાવે શ્રાવકને એ સમજાવશે તો મંગલ મંગલ છે, શાંતિ શાંતિ છે.

☐ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

(અમદાવાદ સ્થિત શ્રી સૂર્યકાંતભાઈ પરીખનો ફોન નંબર છે– 079–26305745 / 26304561 Mobile : 9898003996.

# સંતવાણી : કલા અને કસબ

❑ ડૉ. નિરંજન રાજ્યગુરુ

'ગુજરાતી ભજનસાહિત્ય : સત્ત્વ અને સૌંદર્ય' શીર્ષક નીચે સંતવાણી–કલા અને કસબ વિષયે થોડીક ઉપરછલ્લી ગોઠડી માંડી છે ત્યારે આ મિલનમેળામાં મને મારા પૂર્વસૂરિઓનું સ્મરણ કરવું ખૂબ જ જરૂરી લાગે છે. સૌરાષ્ટ્રની સંતવાણીધારાના સંશોધનક્ષેત્રમાં આચાર્ય ક્ષિતિમોહન સેન, ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર, મકરન્દ દવે, જયંતીલાલ આચાર્ય, રાજેન્દ્રસિંહ રાયજાદા, મોહનપુરી ગોસ્વામી, હિમાંશુ ભટ્ટ અને નરોત્તમ પલાણ જેવા મરમી સંશોધકો દ્વારા કંડારાયેલી કેડીએ મેં ડગલાં માંડ્યાં છે. આ ધારાને કંઈ કેટલાય તેજસ્વી સમર્થ ભજનિકોની ભજનમંડળીઓએ જીવંત રાખી છે. તો આજની પેઢીના મારા સમકાલીન સ્નેહી સંશોધકો સર્વ શ્રી હસુભાઈ યાજ્ઞિક, ભગવાનદાસ પટેલ, મુ. લાભશંકર પુરોહિત, દલપત પઢિયાર, બળવંત જાની, નાથાલાલ ગોહેલ, મનોજ રાવલ, રાજુલ દવે, મુ. ભાણદેવજી, મુ. પુંજાલાલ બડવા, પ્રા. રવજી રોકડ, પ્રા. રમેશ મહેતા, શ્રી ફારુક શાહ, રમેશ સાગઠિયા વગેરે મિત્રો મુરબ્બીઓની યાદ તાજી કરીને આ મિલનમેળાને આ સમૈયાને આ જામૈયાને આ જામાને સંતવાણીની પરિભાષામાં ગત્યગંગા નામ આપવું મને યોગ્ય લાગે છે. આવા મિલનમેળા, આવી ગત્યગંગા યુગેયુગે મળતી રહે છે. આપણા મરમી કવિ શ્રી મકરન્દભાઈએ એ વિષે સંકેત આપ્યો જ છે.

*'નિત નવા નવા વેષ ધરીને, નિત નવે નવે દેશ,*
*આપણે આવશું, ઓળખી લેશું આંખ્યુંના ઈ સંદેશ;*
*પૂરવની એ પ્રીત તણાં જ્યાં ભીના ભેદ ભરેલા,*
*મરણને યે મારતા જાશે આપણા મિલનમેળા...*

*જીવન કેરી સાંજ થશે ને આપણે જઈશું પોઢી,*
*સૂરજ સાથે જાગશું પાછા નવીન અંચળો ઓઢી;*
*સપનાં જેવી તરતી જાશે જૂઠી જૂદાઈ વેળા,*
*મરત લોકમાં એક છે અમર આપણા મિલનમેળા...'*

અહીં કેન્દ્રમાં ભજન છે. ભજનવાણીની વહેતી ગંગા, નિર્મળ ને પાવનકારી ગંગામાં આપણે સૌએ સ્નાન કરવાનું નિમિત્ત અનાયાસ પરમાત્માએ ઊભું કર્યું છે. ભજનોમાં ગવાયું છે કે– ***'નાયા તે નર નિરભે થિયા ને કુડિયા કિનારે બેસી રિયા...'***. અદ્‌ભુત રહસ્ય છે આ 'નિરભે' થવામાં. સંતવાણીમાં 'નિરભે' અને 'અનભે' શબ્દ વારંવાર આવે. મનુષ્યને સૌથી મોટો ભય છે મોતનો...કાળનો... પોતાનો અહંકાર, પોતાની સત્તા, પોતાનું સામર્થ્ય ચાલી જશે તો શું થશે? આ બીક, આ ભય મિટાવી દ્યે એનું નામ ભજન.

જેનું જીવન નિરભે હોય, જે અનભેપદ – અભય પદ પામ્યા હોય એની વાણી પણ નિર્ભયવાણી હોય. **'ભજન ભરોંસે રે નર નિરભે થિયા રે.'** મોક્ષપદ નહીં, નિરભે પદની, અભેપદની પ્રાપ્તિ. અને આ અભેપદ મેળવવું હોય તો નિર્ગુણ નિરાકાર અલખધણીનો આરાધ માંડવો પડે અને અભેપદ મળે ત્યારે જ અભેદ દર્શન થાય. પછી નારી-પુરુષના, સ્વામી-સેવકના, નાના-મોટાના, બ્રાહ્મણ-ભંગીના, ઠાકર–ચાકરના અને ઈશ્વર–અલ્લાહના ભેદ ટળી ગયા હોય. સંતકવિ હોથીએ ગાયું છે ને!

***'અલ્લા હો નબીજી રે... રામ ને રહેમાન તમે એક કરી માનો દાતા તૂંહિ રે નબીજી...***

***તો મિટ જાય ચોરાશીકા ફેરા... મટી જાય ચોરાશીકા ફેરા રે નબીજી હો... અલ્લાહ હો.'***

મધ્યકાલીન સાહિત્યમાં–ભક્તિ સંગીતમાં, પદ અને કીર્તન એ સગુણ-સાકારની ઉપાસનાનું શબ્દમાધ્યમ છે, એ સૂર્યોદયથી સૂર્યાસ્ત લગી, મંગળા આરતીથી શયનઆરતી લગી ગવાય, જ્યારે ભજન એ નિર્ગુણ-નિરાકારની સાથે અનુસંધાન પ્રાપ્ત કરવાની શબ્દસાધના છે. જે સંધ્યાથી-સાયંકાળથી શરૂ થાય, પ્રાતઃકાળ-સૂર્યોદય સુધી–સમગ્ર રાત્રિ દરમ્યાન એના ચોક્કસ નક્કી થયેલા સમયમાં, ચોક્કસ રાગ તાલ ઢાળ ઢંગમાં, ચોક્કસ પ્રકારો મુજબ પરંપરિત ભજનિકો દ્વારા ગવાતી રહે. નિર્મળ સાત્ત્વિક ભાવની પરાકાષ્ટાએ મનુષ્યને પહોંચાડવા માટેની એક માનસિક સારવાર, મેન્ટલ ટ્રીટમેન્ટ આ ભજનો દ્વારા અપાય. જે માનસિક ચેતનાને સ્થિર કરી સાધકને એક ચોક્કસ ભૂમિકાએ પહોંચાડી શકે, પણ એ માટે અધિકારી થવું પડે. પિંડશોધનની પ્રક્રિયામાંથી પસાર થવું પડે.

*'એવા અધુરિયાંસે નો હોય દલડાંની વાતું મારી બાયું રે*
*નર પૂરા રે મળે તો રાવું રેડીએ...*
*એવા ખાડા રે ખાબોચિયાં કેરી દેડકી રે*
*ઈ શું જાણે સમદરિયાની લેર્યું મારી બાયું રે...નર પૂરા રે...'*

પણ પૂરા નર થવા માટેની શરતો ઘણી આકરી હોય.

***'સદ્‌ગુરુ વચનુંના થાવ અધિકારી પાનબાઈ,***
***મેલી દેજો અંતર કેરા માન જી***
***આળસ મેલીને તમે આવોને મેદાનમાં ને,***
***સમજો સતગુરુજીની સાન રે...***

જ્ઞાન, ભક્તિ, યોગ અને સેવા કે ધર્મ...આ ચાર પ્રવાહોમાં વહેતી આવે છે આપણી સંતવાણી.

***કબીર કૂવા એક હૈ, પનીહારી હૈ અનેક,***
***બરતન ન્યારે ન્યારે ભયે, પાની સબનમેં એક.***

મધ્યકાલીન સંત-ભક્તોની આ રહસ્યવાણી અને શબ્દસાધનાની પણ ચાર સરવાણી મળે. ધાર્મિક, સાંપ્રદાયિક, આધ્યાત્મિક અને સાધનાત્મક... એમાં વેદાન્ત, તત્ત્વદર્શન, યોગ અને આત્મજ્ઞાનના રંગછાંટણાં અવનવી ભાત પાડે.

મારે તો અહીં સંધ્યા સમયથી શરૂ કરીને સૂર્યોદય સુધીની સમગ્ર રાત્રિ દરમ્યાન કરાતાં ભજનગાન દ્વારા એક ભજનિક, એક ગાયક કઈ રીતે સંતસાધનાના ક્ષેત્રમાં સાધક તરીકે આગળ વધી શકે તેના સંકેતો માત્ર આપવા છે.

ભજનગાન પણ એક જાતની સહજસાધના છે. ભજનગાયક ટટ્ટાર-સ્થિર બેઠો હોય, એના ખોળામાં એકતારો હોય, ભજનના ચોક્કસ રાગ ઢાળ અને તાલ સાથે એના શ્વાસ-પ્રાણનું નિયમન થતું રહે, શબ્દોના આરોહ અવરોહથી અને એ શબ્દોના અર્થ, ભાવથી એનું ચિત્ત પરિપ્લાવિત કે રમમાણ થતું રહે અને અજાગૃતપણે જ એની સુરતા સ્થિર થઈ જાય.

સાખીથી શરૂ કરીને રાત્રિના અગિયાર વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સંધ્યા, આરતી, માળા, ગણપતિવંદના, ગુરુમહિમા અને વૈરાગ્ય ઉપદેશ, બોધ કે ચેતવણીના ભજનો ચોહાર રૂપે ચાર ભજનોના ઝૂમખામાં ગવાય. એ પછી ગુરુશરણે આવેલા સાધકના મનની મૂંઝવણ આલેખતા ભજનોનું ગાન શરૂ થાય. ત્યારબાદ ગુરુ દ્વારા સાધનાનું માર્ગદર્શન અપાયું હોય, પિંડ ને બ્રહ્માંડનો પરિચય કરાવ્યો હોય તેવાં ચૂંદડી, પટોળી, ચરખો, બંગલો, હાટડી...વગેરે રૂપક પ્રકારના ભજનો રાત્રિના બાર સુધી ગાવામાં આવે.

**સાખી,** પરથમ કેને સમરિયેં, કેના લઈએ નામ
માત પિતા ગુરુ આપણા લઈએ અલખ પુરુષનાં નામ...

સદા ભવાની સહાય રહો, સનમુખ રહો ગણેશ
પંચદેવ રક્ષા કરો, બ્રહ્મા વિષ્ણુ મહેશ...

**આરતી,** આરતી શ્રી રામની...સંતો બોલો સંધ્યા આરતી...
**સંધ્યા,** ગરવ કિયો સોઈ નર હાર્યો; હાલોને વિદુર ઘેર...
**માળા,** ગુરુજીના નામની હો...માળા છે ડોકમાં...

**ગણપતિનાં ભજનોના ત્રણ પ્રકાર : ઊલટ, પાટ અને નિર્વાણ**

**પરથમ પહેલાં સમરિયે રે...સ્વામી તમને સુંઢાળા...**
**એવા રિદ્ધિ-સિદ્ધિના દાતાર દેવના, મે'ર કરોને મા'રાજ રે...**
(રાવત રણશી)

બીજમારગી મહાપંથીગુપ્તપાટ ઉપાસના થતી હોય, પંચમિયા, દસા, વીસા, બારપહોરા, મહાકાલી, શિવશક્તિ, રામદેવપીર, શંખાઢોળ વગેરે વિધિ-વિધાનોના તંત્રમાર્ગી ગૂઢ જ્યોત ઉપાસના સાથેના પાટપૂજન સમયે જે ગણપતિનાં ભજનો ગવાય તેમાં જતિ-સતી મળી ગણનાયક ગજાનનને આ ગત્યગંગમાં પધારવા તથા તેત્રીશ કોટિ દેવી-દેવતા, ચોરાશી સિદ્ધ, નવ નાથ, ચોસઠ જોગણી બાવન વીર, ચાર પીર–ગુરુ, ચાર જુગના કોટવાળ, ચાર જુગના પાટનાં જતિ-સતીને સાથે લાવવા નિમંત્રણ આપે ત્યારે ગવાય પાટના ગણેશ ભજનો :

***જમા જાગરણ કુંભ થપાણા, મળિયા જતિ ને સતી...***
***ગરવા પાટે પધારો ગુણપતિ...*** (કેશવ)

નિર્વાણ પ્રકારનાં ગણપતિનાં ભજનો કોઈ સંત-સિદ્ધપુરુષ-ભક્ત-સાધકને સમાધિ-ભૂમિદાહ આપતી વેળા ગવાય છે, તેમાં આપણાં પિંડ અને બ્રહ્માંડનું સર્જન કેમ થયું તેનું રહસ્ય, પાંચ તત્ત્વ, ત્રણ ગુણ, પચીસ પ્રકૃતિ, સાત ધાતુ, શરીરનાં નવ દ્વાર, દશ ઈન્દ્રિયો, પટ ચક્રો, એનાં દેવી-દેવતા, એના બીજમંત્રો... વગેરેનું નિરૂપણ હોય છે.

- ***મૂળ મહેલના વાસી ગજાનન અનુભવી તારા ઉપાસી ગુણપતિ... મૂળ મહેલના...***
- ***સેવા મારી માની લેજો સ્વામી રે સૂંઢાળા રે...***
- ***તમે ભાંગો મારા દલડાની ભ્રાંતા...તમે ખોલો મારા રૂદિયાના તાળાં...ગુણપતિ દાતા રે...*** (તોરલપરી રૂખડિયો)

**ગુરુ મહિમા**

***ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિટે ન ભેદ,***
***ગુરુ બિન સંશય ના ટળે, ભલે વાંચીએ ચારે વેદ.***

ભારતીય સાધના ધારાઓની તમામ પરંપરાઓમાં ગુરુશરણભાવનો મહિમા ખૂબ ગવાયો છે. બધા સંત-ભક્તકવિઓએ પોતાની વાણીમાં ગુરુમહિમાનું ગાન કર્યું છે.

***અમારા અવગુણ રે ગુરુજી ગુણ તો ઘણા રે જી...*** (દાસી જીવણ)
***ગુણપતિ આવો રિદ્ધિ સિદ્ધિ લાવો. નિરભે નામ સુણાવો...***
(ભવાની દાસ)

***ગુરુ તારો પાર ન પાયો... પ્રથમીના માલિક તારો હે જી...હો...જી...***
(દેવાયત પંડિત)

***સદ્‌ગુરુ તારણહાર, હરિ ગુરુ તમે મારા***
***તારણહાર, આજ મારી રાંકુંની અરજું રે...*** (ડુંગરપૂરી)

**વૈરાગ્ય ઉપદેશ, બોધ-ચેતવણી**

સદ્‌ગુરુનું શરણ મળી જાય પછી નવાસવા સાધકને ગુરુ આ મારગે ચાલવા માટે અને ક્ષણભંગુર એવી આ કાયા તથા માયાનો મોહ છોડવા માટે શું કરવું, શું ન કરવું, શેનાથી બચવું તેની શિખામણ આપે.

- ***બેલીડા બેદલનો સંગ ના કરીએ...*** (રતનદાસ)
- ***દોરંગા ભેળાં રે નવ બેસીએ...*** (દાસી જીવણ)
- ***'હે જી હીરો ખો માં તું...હાથથી, આવો અવસર. પાછો નૈં મળે હો જી...'*** (તિલકદાસ)
- ***'આ પલ જાવે રે કરી લે ને બંદગી...*** (કલ્યાણદાસ)
- ***જાવું છે નિરવાણી... આતમાની કરી લે ને ઓળખાણી રામ...***
(રતનદાસ)

- ***મળ્યો મનુષ જનમ અવતાર...*** (ગંગાદાસ)
- ***દિલ કેરા દાગ, મિટાદે મેરે ભાઈ...મન કેરા મેલ તમે ધોઈ કરી ડાલો વીરા મારા...શબદુરા...સાબુ લગાઈ...સુરતિ શીલા ઝાટકી પછાડો...વધ વધ હોશે ઉજળાઈ...*** (કંથડનાથ)
- ***બસ્તી મેં રેનાં અબધૂ માંગીને ના ખાના હો જી...<br>સાધુ ! તેરો સંગડો ના છેડું મેરે લાલ...*** (ગોરખ)
- ***હે જીવને શ્વાસ તણી છે સગાઈ ઘરમાં ઘડી ન રાખે ભાઈ...*** (ભોજાભગત)
- ***વેડીશ મા રે ફૂલડાં તોડીશ મા...મારી વાડીના ભમરલા વાડી...*** (દાસી જીવણ)
- ***ભૂલ્યાં ભટકો છો બારે માસ હંસલા ! કેમ ઉતરશો પારે...<br>જડી હળદરને હાટ જ માંડયું, વધી વેપાર રે જી...<br>સાવકાર થઈને ચળી ગિયોતું, માયાના એંકાર મારા હંસલા...*** (ભોજાભગત)

**મનની મૂંઝવણ**

સદ્‌ગુરુની શિખામણ મળ્યા પછી સાધનામાં આગળ વધવા માગતા સાધકના ચિત્તમાં વંટોળ જાગે, મન સ્થિર થાય નહિ, વૈરાગ્યભાવ પૂરો પ્રગટે નહિ એટલે ગુરુ આગળ પોતાના મનની મૂંઝવણ આ રીતે વ્યક્ત કરે :

- ***મારી મમતા મરે નૈં...*** (કાજી મામદશા)
- ***મારી મેના રે બોલે રે...*** (ડાડા મેકરણ)
- ***કહોને ગુરુજી મારું...મનડું ન માને મમતાળું...*** (દાસી જીવણ)

**સાધના માર્ગદર્શન**

શિષ્યના પિંડ અને પ્રકૃતિની પાત્રતા જોઈને ગુરુ એની લાયકાત મુજબ જે પચાવી શકે, એવી સાધનાની કૂંચીઓ બતાવે. સ્થૂળથી શરૂ કરીને સૂક્ષ્મ અને સૂક્ષ્મતમ કેડીએ સાધકને દોરી જાય. સૌથી પહેલાં તો આ શરીરની પિછાન કરાવે. આ પિંડનું બંધારણ, એની શક્તિ, એનું સામર્થ્ય, ને છતાં એની ક્ષણભંગુરતા બંગલો, ચરખો, રેંટિયો, ચૂંદડી, પટોળી, મોરલો, હાટડી, નિસરણી, જંતરી જેવાં રૂપકોથી કાયાની ઓળખાણ કરાવીને પછી આંતરપ્રવેશ કરાવે. સાથોસાથ પિંડશોધનનો ક્રિયાયોગ પણ શીખવતા રહે.

**કાયાનગરી–ચૂંદડી, પટોળી, ચરખો, હાટડી**

- ***એવી ચૂંદલડીનું ચટકું દાડા ચાર રે...*** (લીળબાઈ)
- ***એ જી રે એનો વણનારો વિશંભર નાથ પટોળી આ પ્રેમની...*** (દાસ દયો)
- ***એ જી એના ઘડનારાને તમે પારખો. હે જી રામ<br>નુરતે સુરતે નીરખો, કોણે બનાવ્યો પવન ચરખો...*** (રવિસાહેબ)
- ***સુંદર વરની ચુંદડી રે મહાસંતો...*** (મૂળદાસજી)
- ***હે જી જીવણ જીવને જ્યાં રાખીએ...*** (ભીમસાહેબ)
- ***વીજળીને ચમકારે...મેરુ, રે ડગે પણ જેનાં...*** (ગંગાસતી)

રાતના બાર વાગે નિર્ગુણ–નિરાકારની જ્યોત પ્રગટ થયા પછી થાળ, આરતી, સાવળ, આરાધ, રવેણી, આગમ, હેલી, અનહદનાદ અને પ્યાલાનું રૂપક ધરવતી રહસ્યવાણી શરૂ થાય. જેમાં યોગાનુભવથી સાંપડેલી મસ્તીનું વર્ણન હોય.

**નિર્ગુણ જ્યોત આરતી**

- ***આનંદ મંગળ કરું...આરતી હરિ ગુરુ સંતની સેવા...***
- ***ઉઠત રણુંકાર અપરંપારા...આપે નરને આપે નારી...<br>ઝલમલ જ્યોત અખંડ ઉજીયારા નૂર નિરંતર તેજ અપારા...*** (ભીમસાહેબ)

**સાવળ**

- ***વાગે ભડાકા ભારી ભજનના...*** (હરજી ભાટી)
- ***એવાં પડઘમ વાજાં...*** (હરજી ભાટી)
- ***ઘણી ખમ્મા તમને ઝાઝી ખમ્મા...*** (હરજી ભાટી)
- ***ભગતિ કરો તો હરજી અગમ ભેદ જાણો રે...અને કહું તે...વચનમાં હાલો રે હાં...ધરમ...જૂનો છે હરજી ! નિજારપંથ આદિ રે...મોટા મુનિવર થઈને એમાં મહાલો રે હાં...*** (રામદેવપીર )

**આરાધ**

ગળતી માજમ રાતે પછી ધીર ગંભીર કંઠે 'આરાધ'ના સૂર મંડાય. 'આરાધ' પ્રકારના ભજનોમાં આપણને અસલ-પ્રાચીન તળપદા વિવિધ ઢંગ સાંભળવા મળે, જેમાં સાધકને ચેતવણી પણ અપાઈ હોય કે આ સાધુતા પચાવવી સહેલી નથી. તેમ ધીરે ધીરે આ હરિરસ, આ ભક્તિરસ, આ પ્રેમરસનું પાન કરજો.

- ***અજરા કાંઈ જરિયા ન જાય...*** (ધ્રુવ પ્રહલાદ)
- ***નૂરિજન સતવાદી આજ મારા...*** (દેવાયત પંડિત)
- ***જેસલ કરી લે વિચાર માથે જમ કેરો માર...*** (સતી તોરલ)
- ***જી રે લાખા ધ્યાનમાં બેસીને તમે ધણીને આરાધો રે જી...*** (લોયણ)

**રવેણી**

***આદુની રવેણી કહું વિસ્તારી, સુનો ગુરુ રામાનંદ કથા હમારી...<br>પેલે શબદે હુવા રણુંકારા...ન્યાંથી ઉપન્યા જમીં આસમાના,<br>બીજે બીજે શબદે હુવા ઓમકારા ન્યાંથી ઊપજયા નિરંજન ન્યારા...*** (કબીર)

**આગમ**

- ***દેવાયત પંડિત દાડા દાખવે...સુણી લે ને દેવળદે નાર, આપણાં ગુરુએ સત ભાખિયાં...<br>જૂઠડાં નહીં રે લગાર, લખ્યા રે સોઈ દન આવશે...*** (દેવાયત પંડિત)

**પ્યાલો**

- ***દયા કરીને મુંને પ્રેમે પાયો, મારી નેનુંમાં આયા નૂર, પ્યાલો મેં પીધેલ છે ભરપૂર...*** (દાસી જીવણ)
- ***મન મતવાલો પ્યાલો ચાખીયો...*** (લખીરામ)

- *એવો પ્યાલો મુંને પાયો...સદ્ગુરુએ.* (રવિસાહેબ)
- *'અમ્મર પિયાલો મારા ગુરુજીએ પાયો...'* (રવિસાહેબ)
- *હે જી મારા ગુરુજીએ પાયો રે અગાધ પ્યાલો દૂજો કોણ પીવે..* (ત્રિકમ સાહેબ)
- *મેરા રામરસ પ્યાલા ભરપૂર...* (કબીર)

**અનહદ નાદ**

નાદના બે પ્રકાર છે, એક આહત નાદ – આઘાત ધ્વનિ, જે કોઈ પણ જાતના આઘાતથી ઉત્પન્ન થાય, બે મંજીરા ટકરાય ને રણકાર ઊપજે, બે વાદળાં ટકરાય ને મેઘગર્જના થાય, આપણા ઉચ્છ્વાસથી ગળામાંની સ્વરયંત્રીઓમાં કંપન થાય ને અવાજ–શબ્દ બહાર પડે... પણ બીજો એક નાદ, જેને માત્ર સાધનાની અમુક કક્ષાએ પહોંચેલા સાધકો જ સાંભળી શકે છે, જેને કોઈ હદમાં બાંધી શકાય તેમ નથી, જેને કોઈ જ પ્રકારના આરંભ, મધ્ય, અંત, સીમા કે બંધન નથી, અને તે અનાહત અનહદ નાદને વર્ણવતાં ભજનો આપણા સંત-ભક્તકવિઓએ રચ્યાં છે.

*દેખંદા કોઈ આ દિલ માંય...નિરખંદા કોઈ, પરખંદા કોઈ આ દિલ માંય...*

*ઝણણણ ઝણણણ ઝાલરી વાગે...* (દાસી જીવણ)

**યોગાનુભૂતિ**

- *ગુરુ મારી નજરે મોતી આયા. હે જી મેં તો ભેદ ભ્રમરા પાયા...* (અરજણ)
- *જોતાં રે જોતાં રે અમને જડિયાં રે સાચાં સાગરનાં મોતી...* (કબીર)
- *સદગુરુએ મુંને ચોરી શીખવાડી, જ્ઞાન ગણેશિયો ઘડાયો રે...* (દાસી જીવણ)
- *બેની મુંને ભીતર સતગુરુ મળિયા રે. વરતાણી આનંદ લીલા મારી બાયું રે...* (લખીરામ)

રાત્રિના અઢી-પોણા ત્રણ પછી, સાધકને આત્મસાક્ષાત્કાર થયા પછીની બ્રહ્મસાક્ષાત્કારની વિરહ ઝંખના વર્ણવતાં સંદેશો, કટારી, મહિના ને અરજ જેવાં હરિમિલનની વ્યાકુળતા વર્ણવતાં અને નિર્ગુણ-સગુણનો સમન્વય કરીને અતિ વિલંબિત ગાયકીથી તીવ્ર વેદના જન્માવતાં સામેરીના ઢંગમાં પરજ પ્રકારનાં ભજનો ગવાય.

**વિરહવેદના**

- *જેને વાલાંથી વિજોગ રે...સુખેથી મન કોઈ દિ' સૂવે નૈં...* (સવારામ)
- *સાયાંજીને કેજો રે...* (દાસી જીવણ)
- *કોણ તો જાણે બીજું કોણ રે જાણે મારી હાલ રે ફકીરી...* (અમરબાઈ)
- *એવો કેજો રે સંદેશો ઓધા શ્યામને...તમે છો માયલા આધાર રે...* (મોરારસાહેબ)
- *કટારી, કલેજા કટારી રે...* (દાસી જીવણ)
- *બેની મારા રુદિયામાં લાગી રે...મેરમની ચોધારી...પેલી કટારી...* (મૂળદાસજી)
- *પ્રેમકટારી આરંપાર...* (દાસી જીવણ)
- *એવી પ્રેમકટારી લાગી...* (સાંઈ વલી)

**પરજ**

*હે જી નાવ્યા નાવ્યા મારા...* (મોરારસાહેબ)

*લાવો લાવો કાગળિયાને દોત...* (મોરારસાહેબ)

રાત્રિના સાડા ચાર પછી રામગરી, પાંચ પછી પ્રભાતી અને સાડા પાંચ પછી પ્રભાતિયાં ગવાય...

**રામગરી**

- *હે જી વાલા અખંડ રોજી રે...હરિના હાથમાં...* (નરસિંહ મહેતા)
- *હે જી વાલા હારને કાજે...* (નરસિંહ મહેતા)
- *હે જી વાલા જીવણ જીવને...* (ભીમસાહેબ)

**પ્રભાતિ**

- *જા જા નિંદરા હું તુંને વારું, તું છો નાર ધૂતારી રે..* (નરસિંહ મહેતા)
- *મેં કાનુડા તોરી ગોવાલણ...* (નરસિંહ મહેતા)
- *જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે...* (નરસિંહ મહેતા)
- *નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીયે રે...* (નરસિંહ મહેતા)
- *જાગોને જશોદાના જાયા, વાણલા રે વાયા...* (નરસિંહ મહેતા)
- *ભણતી સાં કાનજી કાળા રે...* (પૂનાદે)

**પ્રભાતિયાં**

- *હે ઉગિયા સૂરજ ભાણ...નવે ખંડમાં હુવા જાણ,*
  *ગત ને ગંગા મળી ને નિત કરે પરણામ રામ...* (મૂળદાસ )
- *હે જાગ ને જાદવા કૃષ્ણ ગોવાળિયા*
  *તુજ વિના ધેનમાં કોણ જાશે...* (નરસિંહ મહેતા)
- *હે રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી*
  *સાધુપુરુષને સૂઈ ન રહેવું...*
  *નિદ્રાને પરહરી સમરવા શ્રીહરિ*
  *એક તું એક તું એમ કહેવું...* (નરસિંહ મહેતા)
- *અખિલ બ્રહ્માંડમાં...એક તું શ્રી હરિ...* (નરસિંહ મહેતા)
- *જે ગમે જગત ગુરુ દેવ....જગદીશને તે તણો ખરખરો ફોક કરવો...*

સંધ્યાથી માંડીને પ્રભાતિયાં સુધીના સમગ્ર રાત્રિ દરમ્યાન ગવાતાં ભજન પ્રકારોના આ પરંપરિત રાગ-ઢાળ-તાલ. એ મુજબ યાત્રા થાય આપણી ભજન સરવાણીની... ભજન એ ગાવા કે સાંભળવાની ચીજ નથી, ભજન તો જીવવાની અને ઝીલવાની ચીજ છે. ભજનનો એક શબ્દ પણ આપણા અંતરમાં ઊતરી જાય તો બેડો પાર થઈ જાય...

✶ ✶ ✶

આનંદ આશ્રમ ગૌસેવા ગોસંવર્ધન ગૌશાળા, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧. મો. : 09824371904. ટેલિફોન :૦૨૮૨૫ – ૨૭૧૫૮૨.

# શ્રી આનંદઘનજી રચિત–શ્રી ચંદ્રપ્રભુ જિન–સ્તવન

❑ સુમનભાઈ શાહ

દેહધારી કેવળજ્ઞાનીઓ સિવાય સાંસારિક જીવો ચોરાસી લાખ જીવાયોનિમાં ચારગતિરૂપ ભવભ્રમણ કર્યા કરે છે. પૃથ્વીકાય, અપકાય (જલકાય), તેઉકાય (અગ્નિકાય) વાઉકાય (વાઉકાય), પ્રત્યેક અને સાધારણ વનસ્પતિકાય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય (અસંજ્ઞી), સંજ્ઞી પંચેન્દ્રિય, દેવતા તથા નારક ઉત્પત્તિ સ્થાનકોમાં સાંસારિક જીવો જન્મ-મરણના ફેરા વારંવાર કર્યા કરે છે. આમાંના મનુષ્યગતિના જીવોને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્‌વાસ ભાષા અને મનઃપર્યાપ્તિ (છ પર્યાપ્તિ) વિકસિત થયેલી હોય છે, જો કે તેમાં કર્માનુસાર તીવ્રતા કે મંદતા દરેક જીવને અલગ અલગ હોઈ શકે છે. મનુષ્યનું મન પૂર્ણપણે વિકસિત થયું હોવાથી તે કર્મના ક્ષયોપશમ મુજબ ત્રણ કાળ વિષે વિચારવાનું સામર્થ્ય ધરાવે છે. મુક્તિમાર્ગ કે આધ્યાત્મિક વિકાસની ઉપેક્ષાએ મનુષ્યદેહને રત્નચિંતામણી કહેવામાં આવે છે જ્યારે અન્ય ગતિના જીવોને બહુધા કર્મનો ભોગવટો હોય છે.

ચોરાસી લાખ જીવાયોનિના કષ્ટમય દુઃખોના ભોગવટાથી મુક્તિ મળે એ હેતુથી વિચારવંતને શ્રી અરિહંત પરમાત્માએ માનવકલ્યાણ માટે જે જિનદર્શન કે તત્ત્વજ્ઞાન પાંત્રીસ અતિશયોથી યુક્ત વાણીથી પ્રકાશિત કર્યું છે તેને પામવાની રુચિ ઉત્પન્ન થાય છે, જે પ્રસ્તુત સ્તવનમાં શ્રી આનંદઘનજી આલોકિત કરે છે. બીજી રીતે જોઈએ તો અનેક જીવાયોનિમાં જીવ પ્રભુ દર્શન અને તેઓની સમ્યક્ ઓળખથી વંચિત હતો તે પામવાની ઉત્કંઠા મનુષ્યગતિમાં ચેતનાશક્તિથી કેવી રીતે પામી શકાય તેની સરળ અને સુગમ રીતે સ્તવનકારે પ્રસ્તુત સ્તવનમાં પ્રકાશિત કરેલી છે તે ગાથાવાર જોઈએ.

**દેખણ દે રે સખી! મુને દેખણ દે, ચંદ્રપ્રભુ મુખચંદ; સખી.**
**ઉપશમરસનો કંદ, સખી... ગત કલિ-મલ-દુઃખદંદ-સખી. ...૧**

અગણિત જન્મોથી શ્રી જિનદર્શન પામવાની ઉત્કંઠાપૂર્વક રાહ જોઈ રહેલ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પોતાની સુસખીરૂપ ચેતના શક્તિને વિનંતી કરે છે કે શ્રી અરિહંત પરમાત્માનું નિર્મળ આત્મસ્વરૂપ કેવું છે તે જોઈ જાણવા દે. ચેતના શક્તિ એટલે કર્મોના ક્ષયોપશમ મુજબ આત્મિક દર્શન અને જ્ઞાનગુણનો પ્રયોગ કે ઉપયોગ જે વીર્યશક્તિના સદ્‌ભાવથી થાય છે અથવા ઉપયોગ લક્ષણથી જીવને થતી આંતરિક જોવા-જાણવાદિની પ્રક્રિયા. શ્રી અરિહંત પ્રભુનું સાક્ષાત્ દર્શન અત્યંત દુર્લભ છે. કદાચ આવી શક્યતા હોય તો પણ આત્માર્થી સાધક પ્રભુના કેવળજ્ઞાનાદિ આત્મિકગુણો ગ્રહણ કરી શકતો નથી, પરંતુ તેની શરૂઆત નામ અને સ્થાપના નિક્ષેપથી થાય છે, જે છદ્મસ્થ જીવથી ગ્રાહ્ય છે. જો સાધકને શ્રી જિનપ્રતિમાજીનું ભાવવાહી દર્શન નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિએ થાય તો 'શ્રી જિનપ્રતિમા જિન સારિખી નીવડે છે' એવું જ્ઞાનીઓનું કથન છે. શ્રી જિનપ્રતિમાજીની પ્રશાંત મુખમુદ્રા, ધ્યાનસ્થ અવસ્થા, કર્મમળ અને દુઃખથી રહિત ઝળકતી વીતરાગતાને નિહાળતાં સાધકની પણ ઉપાદાન શક્તિ, જે સત્તામાં અપ્રગટપણે હતી, તે જાગૃત થાય છે. અથવા શ્રી જિન દર્શનના શુદ્ધ નિમિત્તાવલંબનથી સાધકને પણ નિર્મળ આત્મિક ગુણોમાં રુચિ, પ્રવૃત્તિ, તત્ત્વરમણતાદિ થાય છે. આનાથી સાધકને પણ શુદ્ધભાવ પ્રગટે છે કે તે પણ ક્યારે શ્રી સર્વજ્ઞ ભગવંત જેવા નિર્મળ આત્મસ્વરૂપને હાંસલ કરશે.

**સુહમ નિગોદે ન દેખીઓ, સખી, બાદર અતિહિ વિસેસ; સખી.**
**પુઢવી આઉ ન લેખીઓ, સખી. તેઉ-વાઉ ન લેસ. સખી.-૨**
**વનસ્પતિ અતિ ઘણ દિહા, સખી. દીઠો નહીં ય દીદાર; સખી.**
**બિ-તિ-ચઉરિંદી જલ લીહા, સખી. ગતસન્નિ પણ ધાર-સખી. ૩**
**સુર તિરી નિરય નિવાસમાં, સખી. મનુજ અનારજ સાથ; સખી.**
**અપજત્તા પ્રતિભાસમાં, સખી. ચતુર ન ચઢીયો હાથ. સખી. ૪**
**ઈમ અનેક થળ જાણીએ, સખી. દરિસણ વિણુ જિનદેવ; સખી.**
**આગમથી મત આણીએ, સખી. કીજે નિરમણ સેવ. સખી. ૫**

સ્તવનકારે ઉપરની બેથી પાંચમી ગાથામાં અવ્યવહાર રાશિથી માંડી પંચેન્દ્રિયપણાની ચારગતિરૂપ જિવાયોનિઓમાં અનેકવાર જે ભવભ્રમણ કરી, અવ્યક્ત અને વ્યક્તપણે જન્મ-મરણાદિનાં દુઃખો ભોગવ્યાં છે અને જ્યાં શ્રી જિનદર્શન પામ્યો નથી તેનું વૃત્તાંત વર્ણવે છે. અથવા એક થી પાંચ ઈન્દ્રિયોનું ઉત્ક્રાંતિનું સંક્ષિપ્ત નિવેદન જીવ તેની ચેતનાશક્તિને વર્ણવે છે, જેમાં તે શ્રી જિનદર્શનથી વંચિત હતો. હવે સંક્ષિપ્તમાં આ ચોરાસી લાખ જીવયોનિઓમાં કેવું ભવભ્રમણ થઈ સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામી જીવ વિચારવંત થાય છે તે જોઈએ.

**(૧) એક ઈન્દ્રિય જીવાયોનિ :** માત્ર સ્પર્શેન્દ્રિય.

**સાધારણ વનસ્પતિકાય** (સૂક્ષ્મ અને બાદર નિગોદ)

એક સહિયારા શરીરમાં અનંતા જીવો રહેલા છે અને જેઓ એકી સાથે આહાર તથા શ્વાસોચ્છ્‌વાસ કરે છે, જેને નિગોદના જીવો કહેવામાં આવે છે. અનંત સૂક્ષ્મ વનસ્પતિકાય જેના અસંખ્ય ગોળા હોય છે અને પ્રત્યેક ગોળામાં અનંત નિગોદ હોય છે. પ્રત્યેક નિગોદમાં અનંત જીવો અત્યંત નજીક એક જ શરીરમાં આશ્રિત હોય છે.

જે નિગોદનો જીવ અનંતકાળથી માત્ર નિગોદમાં જ હોય અને એક વાર પણ ત્રસપણું પામ્યો ન હોય તેને અવ્યવહાર રાશિ કહેવામાં આવે છે અને તેને **સૂક્ષ્મનિગોદ** કહેવાય છે. પરંતુ જે નિગોદનો જીવ એક કે તેથી વધુ વખત ત્રસપણું પામ્યો છે તેને વ્યવહાર રાશિના **બાદર નિગોદયા જીવો** કહેવામાં આવે છે. આવા બાદર નિગોદના જીવો કંદમૂળ, લીલ, ફુગ વગેરે તરીકે ઓળખાય છે.

**પ્રત્યેક વનસ્પતિકાય :** એક શરીરમાં એક જ જીવ, જેમ કે વૃક્ષ, લતા, વેલ, હરિતકાય, ઔષધિ, તૃણ વગેરે.

**પૃથ્વીકાય :** સુંવાળી અને ખરખરી માટી, ખાણીયા પત્થરો જેમાં તાંબુ, રૂપું, સોનું, પારો વગેરે હોય. સ્ફટિક, ગોમેદ વગેરે રત્નો.

**જલકાય :** પાણી જ જેનું શરીર છે એવા જીવો. પાણીના એક ટીપામાં અસંખ્યાત જીવો રહેલા છે.

**અગ્નિકાય :** અંગારા, જ્વાલા, વીજળી, દાવાનળ વગેરેમાં રહેલ અગ્નિકાય જીવો.

**વાયુકાય :** દશ દિશાઓમાંથી વાયુ ફરકવો. એક વાયરાના ફરકવામાં અસંખ્યાત જીવ જ્ઞાની ભગવંતે કહ્યા છે.

(૨) **બે ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ અને રસનેન્દ્રિયો.-જળો, પોરો વગેરે.

(૩) **ત્રણ ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ, રસ અને ઘ્રાણેન્દ્રિય.-માંકડ, જુ વગેરે.

(૪) **ચાર ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુરિન્દ્રિય.-વીંછી, ભમરા વગેરે.

(૫) **પાંચ ઈન્દ્રિય જીવાયોનિ :** સ્પર્શ, રસ, ઘ્રાણ ચક્ષુ અને શ્રોતેન્દ્રિય.

આમાં બે વિભાગો છે, અસંજ્ઞી પંચેન્દ્રિય જેઓને મન વિકાસ પામ્યું નથી અથવા નહિવત્ છે, જેમાં મગરમચ્છ, ગાય, ભેંસ, ઘોડા, પક્ષીઓ વગેરે (જળચર, સ્થળચર અને ખેચર) છે.

બીજા પ્રકારના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જેઓને મન વિકસિત પામ્યું છે અને જેઓને 'છ' પર્યાપ્તિ વર્તે છે. મનુષ્યગતિના સાંસારિક જીવો, જેઓને ગુણદોષ કે વિવેક વિષે વિચારવાનું સામર્થ્ય હોય છે, જો કે કર્મોના ક્ષયોપશમ મુજબ તરતમતા (તીવ્રતા-મંદતા) દરેક જીવની અલગ હોઈ શકે છે. માનવ ધારે તો આંતરિક પુરુષાર્થના આધારે આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે.

(૬) **દેવગતિ :** આ ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રિયપણું હોવા છતાંય તેઓ મોજમજામાં અને વિષય-કષાયાદિમાં એવા તરબોળ થયા હોય છે કે તેઓ જ્ઞાની ભગવંતોને જેમ છે તેમ ઓળખી શકતા નથી. આમાંના અમુક દેવલોકોને શ્રી અરિહંત પ્રભુના સમવસરણમાં કે તેઓની સેવામાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આમ છતાંય તેઓ આંતરિક પુરુષાર્થ કરી શકતા ન હોવાથી જ્ઞાનીઓ કહે છે કે તેઓને પુણ્ય પ્રકૃતિનો ભોગવટો હોય છે.

(૭) **નર્કગતિ :** અનેક પ્રકારની વેદના અને પીડા નરકગતિમાં જીવને ભોગવવી પડતી હોવાથી તેને જ્ઞાની ભગવંતોની જાણ થતી નથી. જ્ઞાનીઓ કહે છે કે તેઓને પાપકર્મોનો બહુધા ભોગવટો હોય છે.

ઉપરની બે થી પાંચમી ગાથાઓમાં સંજ્ઞી પંચેન્દ્રિય સાંસારિક જીવને અનેક જીવાયોનિમાં ભટકણ (તેનાથી) થઈ પરંતુ શ્રી જિનેશ્વરનું દર્શન થયું નહીં. અથવા શ્રી જિનદર્શનમાં સર્વજ્ઞ ભગવંતે જે તત્ત્વજ્ઞાન પ્રકાશિત કર્યું છે તેની સમ્યક્ ઓળખ ન થઈ. પરંતુ જ્યારે તેને સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થયું છે ત્યારે તેને આગમાદિ શ્રુતગ્રંથોથી ગુરુગમે જાણ થઈ છે કે જન્મ-મરણના ફેરા ટાળવા માટે શ્રી જિનેશ્વરનું પુષ્ટ-નિમિત્તાવલંબન આવશ્યક છે જેથી તેની સત્તાગત શક્તિ જે અપ્રગટપણે હતી તે જાગૃતિ પામે. ઉપરાંત શ્રી જિન પ્રતિમાજીના નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ દર્શન, વંદન, ગુણગ્રામ, દ્રવ્ય ભાવસેવા, પ્રીતિ, ભક્તિ અને શુદ્ધ વ્યવહાર ચારિત્ર્ય ધર્મના આચરણથી જીવ આધ્યાત્મિક વિકાસ સાધી શકે છે. આ હેતુથી આત્માર્થી સાધક પોતાની સુસખી ચેતનાશક્તિને વિનંતી કરે છે કે શ્રી જિનેશ્વરની સમ્યક્ ઓળખ કરાવે તો અનંત અવતારની ભવભ્રમણની ભટકણનો છેદ થાય.

**નિરમળ સાધુ ભગતિ લહી, સખી. યોગ-અવંચક હોય; સખી.**
**ક્રિયા અવંચક તિમ સહી, સખી. ફળ અવંચક જોય. સખી. ૬**

પ્રસ્તુત ગાથામાં સ્તવનકારે શ્રી જિનેશ્વરની સમજણ સહિતની ભાવવાહી ભક્તિ અને ગુણગ્રામ કેવી રીતે કરી શકાય તેની સરળ અને સહેલી રીત પ્રકાશિત કરેલી છે તે જોઈએ.

સમ્યક્જ્ઞાન અને ક્રિયાના સમન્વયમાં આધ્યાત્મિક સમાયેલું છે એવું જ્ઞાનીઓનું કથન છે. જ્ઞાન ક્રિયાભ્યાંમ્ મોક્ષ: આધ્યાત્મિક વિકાસ માટે યોગ કે જોગના સ્થાનકો અસંખ્ય છે, પરંતુ તેમાં ભક્તિમાર્ગ સરળ છે. સૌ પ્રથમ જિજ્ઞાસુ ભક્તજન એવી અંતરંગ ભાવનાથી ભાવિત રહે કે તેને એવા સત્પુરુષનું સાન્નિધ્ય પ્રાપ્ત થાય કે જેઓને આંતરબાહ્ય દશામાં ક્ષાયિક સમકિત વર્તતું હોય (નિર્મળ સાધુ). એટલે એવા જ્ઞાની કે જેના અનંતાનુબંધી કષાયો અને દર્શન-મોહનીય કર્મપ્રકૃતિનું વિદારણ થવાથી મોટા ભાગના આત્મિક જ્ઞાનદર્શનાદિ ગુણો નિર્મળતા પામ્યા છે. આ મુજબની ભાવનાના પરિણામે આત્માર્થીને પ્રત્યક્ષ સદ્ગુરુનું સાન્નિધ્ય કે યોગ પ્રાપ્ત થાય. આવો જોગ પ્રાપ્ત થતા આત્માર્થીને પરમશ્રુત જ્ઞાનરૂપ સુબોધ પ્રાપ્ત થાય છે, જેમાં 'જીવ દરઅસલપણે કોણ છે અને કોણ નથી' તેનું ભેદજ્ઞાન થાય છે. આત્માર્થીને આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉચ્ચ પદવીધારક પંચપરમેષ્ટિ ભગવંતોનું યથાર્થ સ્વરૂપ જાણવા મળે છે અને આવી દશાની પ્રાપ્તિ માટે કેવા પુરુષાર્થધર્મનું આરાધન કરવું ઘટે તેની ભક્તિમય રીત જાણવા મળે છે. નિષ્કપટ અને ભદ્રિક જીવ માટે આને યોગ-અવંચકતા ઘટાવી શકાય.

પ્રત્યક્ષ સદ્ગુરુ મારફત સુબોધ પામેલ આજ્ઞાધારી સાધક પંચ-પરમેષ્ટિ ભગવંતોનો ગુણાનુવાદ, પ્રીતિ, ભક્તિ, ધ્યાનાદિથી પુરુષાર્થધર્મનું આરાધન સદ્ગુરુની નિશ્રામાં વિધિવત્ કરે છે. આવી ઉપાસનામાં સાધક સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય, તપાદિ સત્ સાધનોનો ઉપયોગ સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી કરે છે. આવી સાધનાને 'નવપદ' ભક્તિ પણ ઘટાવી શકાય. સાધકના જીવન વ્યવહારમાં આવતા અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગો વખતે જાણતાં-અજાણતાં અતિક્રમણના દોષો ઓળખી તેનું વિધિવત્ પ્રાયશ્ચિત્ત કરે છે. ફરી ફરી આવા દોષો ન થવા પામે તેની સાધક જાગૃતિ વર્તાવે છે. સંયમના હેતુથી મન, વચન, કાયાદિના ઉપયોગ વખતે ઉદાસીનતા સાધક વર્તાવે છે. ટૂંકમાં શ્રી જિનવચન અને જિનાજ્ઞાનું ધ્યાન સાધકને વર્તે છે. આવા પુરુષાર્થને અમુક ઉપેક્ષાએ ભદ્રિક સાધક માટે ક્રિયા-અવંચકતા ઘટાવી શકાય.

ઉપર મુજબના પુરુષાર્થ કે મુક્તિમાર્ગના કારણોના સેવનથી

સાધક ઉત્તરોત્તર આધ્યાત્મિક વિકાસના સોપાનો કે ગુણસ્થાન આરોહણ કરે છે. અથવા સાધકની સત્તામાં અપ્રગટદશાએ રહેલ આત્મિકગુણોનું પ્રગટીકરણ ક્રમશઃ થયા કરે છે. બીજી રીતે જોઈએ તો સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી શુદ્ધ વ્યવહાર ચારિત્ર્ય ધર્મના આચરણથી દ્રવ્યકર્મો એક બાજુ સંવરપૂર્વક નિર્જરે છે અને બીજી બાજુ આત્મિકગુણો નિરાવરણ થઈ પ્રગટીકરણ પામે છે. અમુક અપેક્ષાએ આવા પરિણામોને ભદ્રિક આત્મદશાના સાધકો માટે ફળ-અવંચકતા ઘટાવી શકાય. આવા પરિણામનું સઘળું શ્રેય પંચ-પરમેષ્ટિ ભગવંતોનું શુદ્ધ નિમિત્તાવલંબન અને તેઓની આશ્રયભક્તિ છે.

**પ્રેરક અવસર જિનવરૂ, સખી. મોહનીય ક્ષય જાય; સખી.**
**કામિત પૂરણ સુરતરૂ, સખી. 'આનંદઘન પ્રભુ' પાય. સખી...૭.**

ચાર ઘાતીકર્મોમાં અત્યંત ભયંકર મોહનીય કર્મ છે અને તેને કર્મોનો મહારાજા તરીકે સંબોધાય છે. દર્શન મોહનીય કર્મનો વિભાગ જ્ઞાનીપુરૂષના પરમશ્રુત જ્ઞાનરૂપ સુબોધથી ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય થાય છે, અને ચારિત્ર્ય મોહનીય કર્મનો વિભાગ ઉદાસીનતાથી માંડી વીતરાગતાથી ક્ષય થાય છે. મોહનીય કર્મ નિર્બળ થતાં જ કર્મો પણ આપોઆપ શિથિલ થાય છે. પ્રજ્ઞા કે અંતરઆત્માના જ્ઞાનપ્રકાશથી આત્માર્થી સાધકની ક્રિયા સફળ થયા કરે છે અને તેને છેવટે ફળ અવંચકતા સંપ્રાપ્ત થાય છે. બીજી રીતે જોઈએ તો શ્રી અરિહંત પરમાત્મા સાથે તાદાત્મ્યતા થવાથી, તેઓ જેવા જ આત્મિકગુણો સાધકમાં પ્રગટીકરણ પામે છે. આમ જિનવચન, જિનદર્શન અને જિનાજ્ઞા સાધકને કલ્પવૃક્ષ સમાન નીવડે છે. છેવટે આત્મદશાનો સાધક સહજાનંદ અને અવ્યાબાધ સુખનો ભોકતા નીવડી અશરીરી અવસ્થામાં સિદ્ધ ક્ષેત્રે કાયમી સ્થિરતા કરે છે. ✱ ✱ ✱

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યુ સમા રોડ,
વડોદરા-૩૯૦ ૦૨૪.ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯

# સ્વદેશી સામ્રાજ્યવાદ

❑ મહેન્દ્ર મેઘાણી

આપણે એવા ભ્રમ હેઠળ છીએ કે ઉત્પાદનમાં ઝડપી વધારો થાય એટલે દેશનો વિકાસ થયો ગણાય. આવી જાતના ભ્રમ પેદા કરવા એ ઘણું ખરું રાજકીય આગેવાનોનો મુખ્ય ધંધો રહ્યો છે. આવા ભ્રમ પેદા કરવામાં આવે છે મોટા ધંધા-ઉદ્યોગોને મદદ કરવા માટે, અને પછી એ ધંધાવાળાઓ લખલૂટ નાણાં અને પ્રસાર માધ્યમો પરના પોતાના કાબૂ વડે આ ભ્રમોનો વિશેષ ફેલાવો કરે છે. ધનવાન ધંધાવાળાઓ અને રાજકીય નેતાગીરી વચ્ચે પરસ્પરને લાભદાયી આવા સંબંધો, એ આપણી લોકશાહીનું એક અગત્યનું લક્ષણ બની ગયું છે. ભારતની સંસદમાં કરોડપતિઓની સંખ્યા ૧૨૮ થી વધીને ૨૦૦૭ની ચૂંટણીમાં ૩૦૦ ઉપર પહોંચી છે, અને આ બાબતમાં જીતનાર કે હારનાર પક્ષો વચ્ચે કોઈ મોટો તફાવત નથી.

ભ્રમો પેદા કરવામાં ભણેલો મધ્યમ વર્ગ મહત્ત્વનો ભાગ ભજવે છે. છાપાં-ટેલિવિઝનના સંચાલકો અને કહેવાતા બુદ્ધિજીવી વર્ગના નિષ્ણાતો લોકમતના ઘડનારાઓ તરીકે આ પ્રક્રિયામાં સારી એવી સહાય કરે છે.

તરેહતરેહના પ્રકારના રાજકીય પક્શો આવે છે ને જાય છે, પણ પશુવત્ જીવનની ગરીબી ને કંગાલિયત લેશમાત્ર ઘટાડા વિના સતત ચાલુ જ રહે છે. આપણા મોટા ભાગના નાગરિકો માટે આર્થિક લોકશાહીને રાજકીય લોકશાહીની સમીપ લાવવાની ત્રેવડ એક પણ રાજકીય પક્ષ પાસે નથી, કદાચ એવો એનો ઈરાદો પણ નથી.

હવે તો વાતવાતમાં કહેવાતું હોય છે કે બે જાતનાં ભારત અસ્તિત્વમાં છેઃ એક ભારત તેના ધનિક વિસ્તારો, વેપાર-અુદ્યોગો, મોટી મોટી દુકાનો અને જેની અુપર નવાં નવાં મોડેલની મોટરગાડીઓની કતારો દોડતી રહે છે એવા રાજમાર્ગો વડે ઝળહળી રહ્યું છે. અને બીજું છે એક એવું ભારત જેમાં નિરાધાર કિસાનો આત્મહત્યા કરતા રહે છે, દલીતો સદાય અત્યાચારો વેઠતા રહે છે, આદિવાસીઓ તેમની વન્યભૂમિ અને રોટીથી વંચિત બની રહ્યા છે, અને હજી તો ચાલતાં પણ બરાબર જેને નથી આવડતું તેવાં બાળકો શહેરોની ચમકતી સડકો પર ભીખ માંગતાં ભટકે છે.

આ બીજા ભારતના કંગાલોનો રોશ ભભૂકી રહ્યો છે; આ દેશના ૬૦૭ પૈકી ૧૨૦થી ૧૬૦ જિલ્લાઓમાં નક્સલવાદી હિંસારૂપે તે ફેલાઈ ચૂક્યો છે. એવું લાગે છે કે ઝગમગાટ અને વિશેષાધિકાર વાળું એક ભારત હતાશા, નફરત અને અમાનુષી ગરીબીવાળા બીજા ભારતથી વિખુટું પડી જવાનો નિર્ધાર કરી બેઠું છે. મોટા મોટા વેપાર-ઉદ્યોગોવાળાઓ વિશાળ પાયા પર જમીનો હડપ કરી રહ્યા છે, અને તેમાં તેમને સરકારી મદદ મળી રહી છે. ઔદ્યોગિકરણને નામે, વિજળી અને સિંચાઈ માટેના તોતીંગ બંધને નામે, ગરીબોને તેમના પરંપરાગત વસવાટોમાંથી હાંકી કાઢવામાં આવે છે, રોજી રળવાનાં તેમનાં સાધનોનો નાશ કરવામાં આવે છે અને મોટાં નગરોનાં 'આધુનિકકરણ'ને 'સૌંદર્વર્ધન'ને નામે ઝૂંપડપટ્ટીઓના ભુક્કા બોલાવવામાં આવે છે. આ બધું બતાવે છે-રોજેરોજ બતાવે છે-કે વિકાસ કેવો વિકૃત થઈ શકે છે.

સપ્ટેમ્બર ૨૦૦૬ સુધીમાં ભારતભરમાં 'સ્પેશિયલ ઈકોનોમિક ઝોન'ની ૨૬૭ યોજનાઓને ભારત સરકારની મંજૂરી મળી ચૂકી હતી. એવી દરેક યોજના માટે ૧,૦૦૦થી ૧૪,૦૦૦ હેક્ટર જેટલી જમીનની જોગવાઈ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં ફક્ત ૬૭ યોજનાઓ માટે જ ૧,૩૪,૦૦૦ હેક્ટર જેટલી જમીન કબજે કરવામાં આવી છે. મોટે ભાગે આદિવાસી વિસ્તારોમાં ખાણો ખોદવાના હકો મોટી મોટી કંપનીઓને આપવામાં આવ્યા છે. યાદ કરજો કે ૨૦૦૬ની સાલને આરંભે જ ઓરિસામાં બાર આદિવાસીઓને પોલીસે ઠંડે કલેજે ઠાર માર્યા હતા, કારણ કે પોતાની જમીન તાતા કંપનીને ખાણો ચલાવવા માટે સોંપી દેવાનો તેમણે વિરોધ કરેલો.

કબજે કરેલી જમીનો માટે પશ્ચિમ બંગાળની સરકારે રૂ. ૧૪૦ કરોડ ચૂકવેલા, પણ એ જમીન માટે તાતાને તો માત્ર રૂ. ૨૦ કરોડ ચૂકવવાના રહેશે, અને તે પણ પાંચ વરસ વિત્યા પછી અને મફતમાં પાણી પૂરું પાડીને. એટલે કે રૂા. ૧૨૦ કરોડ જેટલાં જનતાનાં નાણાં એક કંપનીને આપી દેવામાં આવ્યાં.

'ફોરબસ' નામના નામાંકિત અમેરિકન સામયિકની સન ૨૦૦૭ની ધનવાનોની યાદી મુજબ, ભારતમાં અબજપતિઓનો આંકડો ૨૦૦૪માં ૯ હતો તે ૨૦૦૭માં ૪૦ ઉપર પહોંચેલો; જ્યારે ઘણી વધારે સંપત્તિવાળા જાપાન જેવા દેશમાં ૨૪ જ અબજપતિઓ હતા અને ફ્રાંસ તથા ઈટલીમાં ૧૪-૧૪ જ હતા. ચીનમાં સુધ્ધાં એ આંકડો ૧૭ અબજપતિઓનો હતો. ભારતના બધા અબજપતિઓની કુલ સંપત્તિ ૨૦૦૬-૦૭ના એક જ વરસ દરમ્યાન ૧૦૬ અબજ ડોલરથી વધીને ૧૭૦ અબજ સુધી પહોંચેલી. સાઠ ટકા જેટલો આ વધારો, ખાણો-ઉદ્યોગો માટેની જમીનો સરકારે ખાનગી માલિકીની કંપનીઓને સુપરત કરી ન હોત તો શક્ય ન બન્યો હોત.

અબજપતિઓની કુલ સંપત્તિ બાબતમાં એકવીસમી સદીના ભારતનું સ્થાન જગતભરમાં અમેરિકા પછી બીજે નંબરે આવે છે. અને આ અબજપતિઓની સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. ઘરબાર વિહોણાં, અર્ધભૂખ્યાં, અભણોનો દુનિયાનો સૌથી મોટો સમૂહ. છ વરસની અંદરનાં લગભગ અરધોઅરધ ભારતીય બાળકોને પૂરતું પોષણ મળતું નથી. અન્નના નિરંતર અભાવને કારણે હજારો મૂંગાં મૂંગાં મોતને ભેટે છે. દર ચારમાંથી ત્રણ ભારતવાસીઓની રોજની આવક રૂા. ૨૦ કરતાં ઓછી છે, ત્યારે બીજી બાજુ સરકારી નીતિઓને પરિણામે ધનવાનો અને કંગાલોની વચ્ચેની ખાઈ વધુ પહોળી બનતી જાય છે.

પૈસાદાર ભારતવાસીઓની આવક ઝડપભેર વધતી જાય છે તેની સાથે તેઓ એવી એવી ચીજવસ્તુઓની માંગણી કરતા રહે છે જે બાકીના સમાજની પહોંચની બહાર છે–એરકન્ડીશન કરેલા ગંજાવર વસ્તુભંડારો, અમીરી હૉટલો, મોટરગાડીઓ, ગરીબો, જ્યાં અદ્રશ્ય બની ગયા હોય તેવી આધુનિક નગરીઓ. ધનવાનો માટે આસમાની ખરચવાળી હૉસ્પિટલો આપણી પાસે છે, પણ જેની સારવાર ખર્ચાળ નથી તે મલેરિયા અને ક્ષય જેવા રોગને અંકુશમાં લેવાનાં નાણાં આપણને મળતાં નથી. એટલે એ મોટી સંખ્યામાં મનુષ્યોની હત્યા કરતા રહે છે. ચોખ્ખા પાણીના અભાવથી ભયંકર રોગો ફેલાતા રહે છે–ખાસ કરીને બાળકોમાં. બીજી બાજુ, જેમને પરવડે તેમને માટે જાતજાતની બાટલીઓમાં ભરેલું પાણી વેચાતું મળે છે. શ્રીમંતોનાં સંતાનો માટેની ખાનગી નિશાળોની માસિક ફી ઘણીવાર સામાન્ય કારીગરની વરસભરની કમાણી કરતાં વધારે હોય છે, જ્યારે ગરીબોને તો શિક્ષકો કે ઓરડાઓ વગરની શાળાઓથી સંતોષ માનવાનો રહે છે.

પૈસાદારોની પસંદગીની ચીજવસ્તુઓ ને સગવડો પૂરી પાડવામાં પાણી અને બીજી કુદરતી સંપત્તિ ખૂબ વેડફાય છે. દુનિયામાં શ્રેષ્ઠ સમૃધ્ધિની બરોબરી કરનારાં પ્રતિકો એક ગરીબ મુલકમાં ઊભાં કરવા માટે, મોટા ભાગના લોકો જ્યાં જીવે છે તે ગામડાંની સંપત્તિ શહેરો ભણી તાણી જવામાં આવે છે. અસંખ્ય મનુશ્યોને શહેરો ભણી હિજરત કરવી પડે છે. કારણ કે ફળદ્રુપ જમીનનો બિન-ખેતીમાં ઉપયોગ થાય છે, ખેતીમાં જ્યારે વધુમાં વધુ જરૂર હોય ત્યારે પાણી અને વિજળી શહેરો માટે ઉઠાવી જવામાં આવે છે. મોટા બંધો વડે પેદા થતી વિજળીનો મોટો ભાગ કારખાનાંઓ માટે તાણી જવાય છે, અને તેની પડોશનાં ગામડાં અંધકારમાં તરસે મરે છે.

સરકારી અહેવાલ મુજબ ૨૦૦૬માં ગુજરાતે ઉદ્યોગોને નર્મદાનું પાંચ ગણું વધારે પાણી પૂરું પાડ્યું હતું, તે વરસાદના અભાવે પીડાતાં ગામડાંને ભોગે. પાણી વેચનારી કંપનીઓ અને કોકા-કોલા જેવા રાક્ષસી વેપારીઓ ધરતીમાં વધુ ને વધુ ઊંડા ઉતરતાં જાય છે અને પોતાની બનાવટો માટે કાચો માલ મફતમાં મેળવે છે. છેલ્લા દાયકામાં એક લાખથી વધુ કિસાનોએ કરેલા આપઘાતોના સત્તાવાર આંકડાઆ સૂચવે છે કે ધનવાનોને પંપાળવાની નીતિ કેટલી ભયાનક હદે પહોંચી ચૂકી છે.

એ નીતિને પરિણામે, મુખ્યત્વે દલીતો અને આદિવાસીઓના બનેલા ગરીબોના સમૂહ ઉપર વિદેશી નહિ પણ સ્વદેશી સામ્રાજ્યવાદ ફેલાઈ રહ્યો છે. શાહિવાદી શાસકો અને તેમની હકૂમત તળેના દેશી જનો વચ્ચે હતો તેવો સંબંધ એ બે વચ્ચે સ્થપાતો જાય છે. વિકાસની આ રફ્તાર જો લાંબો કાળ ચાલુ રહી, તો એ પોતાના રાક્ષસો પેદા કરશે. પરંતુ કોઈ પણ સમાજ એક હદથી વધારે અસમાનતા સહન કરી શકતો નથી. એટલે ગરીબોના વધતા જતા વિરોધને વધુ ને વધુ સરકારી હિંસા વડે દાબી દેવો પડશે. અને એ હિંસાને જે પ્રતિહિંસાનો ભેટો થશે તે સમસ્ત સમાજને ઘેરી વળશે.

✶ ✶ ✶

('ધ ફેસીસ યુ વેર અફેઈડ ટુ સી' નામના અંગ્રેજી પુસ્તક (લેખક અમીત ભાદુરી)માંથી તારણ કરનાર મહેન્દ્ર મેઘાણી.)

## ચટપટ ઝટપટ

*જબરદસ્ત આર્થિક મંદી છતાં, અમેરિકા આજે પણ ટોચ ઉપર છે. અમેરિકામાં ૩૧ લાખ કરોડપતિઓ છે, તે બધાંની કુલ મુડી ૧૦,૭૦૦ બિલિયન ડોલર છે. કરોડપતિઓમાં ચીન ચોથા નંબરે છે. ભારતના કરોડપતિઓની સંખ્યામાં પચાસ ટકાનો વધારો થયો છે. બધાં જ દેશોમાં કરોડપતિઓની સંખ્યા વધી રહી છે. મંદીમાં શ્રીમંતોના નાણાને આંચ આવી નથી. ગરીબી વધી છે...મોટા ભાગના ભારતીયની આવક રૂા. ૨૦ એક દિવસની છે. શ્રીમંતો વધ્યા છે તો ગરીબો પણ વધ્યા છે...શ્રીમંતો વધુ શ્રીમંત બને અને ગરીબો વધુ ગરીબ બને, મંદી અને મોંઘવારીમાં ગરીબ ટળવળે, આ આપણી આર્થિક વ્યવસ્થા !*

(દિવ્ય ભાસ્કરમાંથી, સનત મહેતાના લેખમાંથી ટૂંકાવીને...તંત્રી)

# ખૂબીઓ વધારીએ, ખામીઓ સુધારીએ!

□ રોહિત શાહ

દીકરાના અક્ષરો ખરાબ હતા. પિતાએ કહ્યું, 'બેટા, તારે તારા અક્ષરો સુધારવાની જરૂર છે.' ચાલાક દીકરાએ તરત જ કહ્યું: 'ગાંધી બાપુના અક્ષરો તો મારા કરતાંય વધુ ખરાબ હતા! અક્ષરો ખરાબ હોય એટલે કાંઈ જિંદગી ખરાબ ન થઈ જાય...!'

આ દીકરાને ખબર નથી કે, ગાંધી બાપુના અક્ષરો ખરાબ હતા પણ એ બાબતનો તેમને ભરપૂર અફસોસ હતો. ગાંધીજીએ જ કહ્યું હતું કે, 'ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.' દીકરાના અક્ષરો ગાંધીજી જેવા ખરાબ હતા, પણ ખરાબ અક્ષરો માટે ગાંધીજીને હતો એવો અફસોસ એને નહોતો!

### સાચો માણસ

બીજાના દોષો એ આપણા દોષોને ઢાંકવાનું આવરણ નથી. બીજાની ઊણપો એ આપણી ઊણપો માટેનું કોઈ સુરક્ષાકવચ નથી. બીજાના અવગુણો એ આપણા અવગુણોની ઢાલ નથી. બીજાની અધૂરપો કાંઈ આપણી અધૂરપોને અભયદાન આપતી નથી! એ વાત સાવ સાચી છે કે માણસ એ માણસ છે અને કોઈપણ માણસ સર્વગુણસંપન્ન નથી હોતો, એનામાં ગુણો પણ હોય અને અવગુણો પણ હોય. એનામાં ખામીઓ પણ હોય અને ખૂબીઓ પણ હોય. પરંતુ સાચો માણસ એ છે, જે પોતાના ગુણોમાં વૃદ્ધિ કરે અને પોતાના અવગુણોને દૂર કરવાની મથામણ કરે. માણસ હોવાનું મૂળ લક્ષણ એ છે કે તે પોતાની ખૂબીઓ વધારતો રહે અને ખામીઓ સુધારતો રહે!

### એનું શું?

એક ભાઈને એક વખત તેની પત્નીના ચારિત્ર ઉપર શંકા ઊપજી. પત્ની પાસે કશો ખુલાસો માગવાની ય દરકાર એમણે ન કરી. એમણે પત્નીનો ત્યાગ કર્યો. કોઈ સ્નેહી વડીલ એ ભાઈને સમજાવવા ગયા અને કહ્યું કે, તમે આ સારું નથી કર્યું. તમારી પત્ની બેવફા હતી કે નહિ એ પણ તમે નથી વિચાર્યું. જો એ બેવફા ન હોય તો તમે એનો ત્યાગ કરીને અન્યાય કર્યો છે. જો તે ખરેખર જ બેવફા હોય તો એને માફ કરવાની ઉદારતા બતાવવાની તક તમે ખોઈ છે. લગ્નના આટલાં વરસ પછી તમે તમારી પત્નીનો ત્યાગ કરવામાં ભારે ઉતાવળ કરી છે, ભૂલ કરી છે.' પેલા મહાશયે કહ્યું, 'ભગવાન રામને તમે આવો ઉપદેશ આપવા કેમ નહોતા ગયા? એમણેય સીતાજીનો ત્યાગ કર્યો જ હતો ને! જેમ કામ રામ કરી શકે, તે કામ હું કેમ ન કરી શકું?' વડીલ સજ્જને કહ્યું, 'ભગવાન રામ પિતાજીના વચન ખાતર વનવાસ વેઠવા ઉત્સાહી બન્યા હતા. તમે તો તમારા પિતાને જ વૃદ્ધાશ્રમનો વનવાસ આપી બેઠા છો, એનું શું?'

### ચારિત્ર ઉપર ડિપેન્ડ

માણસ કોની પાસેથી કયું ઉદાહરણ લે છે, કોના જીવનમાંથી કેવો બોધપાઠ લે છે, એ એના ચારિત્ર ઉપર ડિપેન્ડ કરે છે. નબળા અને નકામા માણસો બીજાના નેગેટિવ પાસાંનું જ અનુકરણ કરશે. પોતાના દોષો સુધારવાની વૃત્તિ નથી, એટલે એવા દોષો બીજા કોના-કોનામાં છે એની દલીલ કરીને પોતાનો બચાવ કરશે. જે માણસ પોતાના દોષો અને અવગુણો અને ત્રુટિઓ અને ખામીઓનો જ બચાવ કરતો રહે છે, તેને બચાવવા તો સ્વયં ઈશ્વર પણ નથી આવતો! ઊણપો અને અધૂરપો દૂર કરવા માટે છે, ઢાંકવા માટે નહિ! બીજાઓના જીવનમાંથી સન્માર્ગની પ્રેરણા લેવાની હોય, કુમાર્ગની નહિ!

### શું આ રીતે...?

મોટો ભાઈ માતા-પિતાને રાખવા તૈયાર નથી, તો હું શા માટે રાખું? (એટલે કે મોટો ભાઈ નફ્ફટ હોય તો હું ય નફ્ફટ થઈશ!) મારી જેઠાણી ઘરની કોઈ જવાબદારી નથી સંભાળતી તો હું કેમ સંભાળુ? (એટલે કે જેઠાણી હરામખોર છે તો હું સવાઈ હરામખોર થઈશ!) ઑફિસમાં બીજા લોકો કામ નથી કરતા, તો મારે એકલાએ નિષ્ઠાવાન બનવાની શી જરૂર છે? (એટલે કે બીજા બધા ચોર છે તો હું મહાચોર બનીશ!) બીજા અધિકારીઓ લાંચ લે છે, તો હું ય કેમ ન લઉં? (એટલે કે બીજા ભ્રષ્ટ છે, તો હું ભ્રષ્ટ-શિરોમણિ બનીશ!) શું આ રીતે જીવન જીવાય? શું આ રીતે પ્રગતિ કરી શકાય? શું આ રીતે ઈતિહાસનું નિર્માણ કરાય?

### સમર્થની પિછાન

જગત ભલે ભ્રષ્ટ હોય, હું ભ્રષ્ટ નહિ બનું. જમાનો ભલે ખરાબ હોય હું મારી સજ્જનતા નહિ છોડું. દુનિયા ભલે ખોટા રસ્તે ચાલે, હું મારો રસ્તો નહિ છોડું. આવો સંકલ્પ સજ્જનો અને સમર્થ વ્યક્તિઓ જ કરી શકે છે. એમની કસોટીઓ થાય છે, થોડીક તકલીફો વેઠવી પડે છે. પણ આખરે તો ગૌરવ એમને જ મળે છે. એવા સજ્જનો જ સૌને પ્રિય લાગે છે અને સૌનો આદર પામે છે. સ્વમાન અને સ્વાભિમાન વગરનું સડેલું જીવન એમને પસંદ નથી. ખમીર અને ખાનદાનીને ગોબો પડે એ એમને પરવડતું નથી. સાચી વાત તો એ છે કે એવા સમર્થ લોકો યુગને નથી અનુસરતા, પણ યુગ તેમના પગલે પગલે ચાલતો હોય છે!

### ડર્ટી પોલિટિક્સ

સજ્જન એ છે કે જે દુર્જનના જીવનમાંથીય પોઝીટિવ બાબતો શોધી કાઢે. દુર્જન એ છે કે જે સજ્જનોના જીવનમાંથી ય નેગેટિવ બાબતો શોધી કાઢે. પોતાને ફાવતું અને માફક આવતું જ જોવાની વૃત્તિ એ તો ડર્ટી પોલિટિક્સ છે, મનની લુચ્ચાઈ છે. એવી વૃત્તિને કારણે ફેમિલીમાં પ્રોબ્લેમ્સ પેદા થાય છે. બીજાના વાદ લેવા જ હોય તો પૂરેપૂરા લેવા જોઈએ. કૃષ્ણની જેમ રાસલીલા કરવામાં જ રસ લઈએ તો ન ચાલે, એમના કર્મયોગમાંય ઈન્ટરેસ્ટ લેવો પડે અને સુદામા સાથેની મૈત્રીય નિભાવવી પડે! કર્તવ્યોથી છટકીને માત્ર અધિકારોની વાત ન કરાય. આપણા અવગુણો આપણા અવરોધકો જ છે. બીજાના દુર્ગુણો મને નથી નડતા, મારા જ દુર્ગુણો મને નડે છે-આટલી વાત સમજવા માટેય ખાસ્સી સજગતા કેળવવી પડે હો!

✶ ✶ ✶

'અનેકાન્ત', ડી-૧૧, રમણકલા ઍપાર્ટમેન્ટ, સંઘવી સ્કૂલ રેલવે ક્રોસિંગ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ટેલિફોન : ૨૭૪૭૩૨૦૭ (ઘર); ૨૭૪૯૭૧૯૫ (ઑફિસ)

# પ્રો. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા સંગતીમય મહાવીર કથા

❑ મનહરભાઈ કામદાર – નવનીતભાઈ ડગલી

*(પ્રા. પ્રતાપકુમાર ટોલિયા, જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી છે. અનેક ભાષાના જ્ઞાતા છે. શ્રીમદ્ રાજચંદ્રના 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું એમણે સાત ભાષામાં ભાષાંતર કર્યું છે. ઉપરાંત અનેક ગ્રંથોના સર્જક છે. સંગીતજ્ઞ છે. ધ્યાન સંગીત એમની વિશેષતા છે. ૧૯૭૪માં મહાવીર જન્મના ૨૫૦૦ વર્ષની ભારતે ઉજવણી કરી ત્યારે 'મહાવીર દર્શન' શીર્ષકથી જૈન જગતને હિંદી-અંગ્રેજીમાં મહાવીર જીવન અને ચિંતનને પ્રસ્તુત કરતી કથાની સંગીત સભર સી.ડી.નું એમણે સર્જન કર્યું હતું જેને ખૂબ સારો આવકાર પ્રાપ્ત થયો હતો.*

*શ્રી મુંબઈ જૈન યુવક સંઘે 'મહાવીર કથા' યોજી પછી વિલેપાર્લે-મુંબઈમાં, એપ્રિલ ૨૪, ૨૫, ૨૬ના ચિંતન સંસ્થા દ્વારા ત્રિદિવસીય 'મહાવીર કથા'નું આયોજન કરાયેલું હતું. પ્રા. પ્રતાપભાઈ ટોલિયા અને એઓશ્રીના શ્રીમતી બહેન શ્રી સુમિત્રાબહેન, કે જેઓ પણ ગાંધી વિચારધારાના વિદૂષી છે, અનેક ગ્રંથોના અનુવાદક અને સંગીતજ્ઞ છે–આ દંપતીએ સંગીત સાજીંદાઓના સથવારે ત્રિદિવસીય મહાવીર કથા પ્રસ્તુત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.*

*બેંગલોર સ્થિત શ્રી પ્રતાપભાઈનો ફોન નંબર છે ૦૮૦–૬૫૯૫૩૪૪૦; મોબાઈલ : ૦૯૬૧૧૨૩૧૫૮૦.*

*આ મહાવીર કથાનો પ્રાપ્ય સંક્ષિપ્ત અહેવાલ પ્ર.જી.ના વાચકો સમક્ષ પ્રસ્તુત કરતા અમે આનંદ-ગૌરવ અનુભવીએ છીએ....તંત્રી.)*

તારીખ ૨૪–૨૫–૨૬ એપ્રિલના રોજ 'ચિંતન' – વિલેપાર્લે દ્વારા આયોજિત 'મહાવીર કથા' પ્રો. પ્રતાપકુમાર ટોલિયા તથા શ્રીમતિ સુમિત્રાબેન ટોલિયાના સ્વમુખે પ્રબુદ્ધ જિજ્ઞાસુ જનોની હાજરીમાં સંપન્ન થઈ.

ભગવાન મહાવીરનો પહેલો પ્રશ્ન શ્રોતાઓ સમક્ષ આંતરશોધ રૂપે મુક્યો. 'હું કોણ છું'નો આ શોધપ્રશ્ન અને તેનો સ્પષ્ટ અનુભવ સભર પ્રત્યુત્તર કે 'હું આત્મા છું' – 'સચ્ચિદાનંદી શુદ્ધ સ્વરૂપી આત્મા'. તે ભગવાન મહાવીરના જીવન દર્શનનો પ્રધાન બોધ છે. આ આંતરબોધ સૂચક તેમના સૂત્ર 'જૈણં જાણએ સે સવ્વ જાણેઈ' (જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું)નો ઘોષ-પ્રતિઘોષ ભગવાન મહાવીરની સ્વયંની જીવન કથામાં સર્વત્ર ગૂંજતો રહ્યો.

પ્રભુ મહાવીરની ક્ષત્રિયકુંડ ગ્રામની ભૂમિમાં બ્રાહ્મણ કુંડ વચ્ચે થતા થતા તેમાં શ્રીમદ્ રાજચંદ્રની નિશ્ચય વ્યવહારના સમન્વયની તત્ત્વદૃષ્ટિ તેમાં ભળી અને તેમાં પણ તેમના પદો તથા સ્વર્ગસ્થ શ્રી શાંતિલાલ શાહના હિન્દીમાં કરેલા ગીતો સાથ આપતા રહ્યાં. તદુપરાંત ઉપાધ્યાય અમરમુની અને ઉપાધ્યાય યશોવિજયજી તથા મહાયોગી આનંદઘનજીના પદો પ્રસંગે પ્રસંગે ડોકાતા રહ્યા.

પ્રભુના માતાના ૧૪ સ્વપ્નો સૂચિત સર્ગભાવસ્થાનો સંભાળ કાળ એવી રીતે આલેખાયો કે વર્તમાનની અને સર્વકાળની માતાઓ માટે આદર્શરૂપ થઈ શકે. પ્રભુની બાલક્રીડાના સર્પ અને હાથીને નાથવાના પ્રસંગો, વિદ્યાશાળામાં ઈન્દ્ર દ્વારા પ્રભોનો મહિમા વધારતા પ્રસંગો અને કલિકાલ હેમચન્દ્રાચાર્ય વર્ણિત યશોદાના પાણીગ્રહણનો, ત્રિશલામાતા અને વર્ધમાનકુમારના હૃદયસ્પર્શી પ્રસંગો સહુને એક ઉપેક્ષિત ભૂમિમાં લઈ જનારા બન્યા.

પ્રભુ મહાવીરના સિદ્ધાંતો જેવા કે અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને ક્ષમાપના આજે પણ જગતના જૈનો ઉપરાંત અન્ય ધર્મના લોકો પણ માનતા થયા છે.

પ્રભુએ મહાભિનીષ્ક્રમણ કરી સર્વ સંબંધોના ત્યાગ કરી એકલવિહારી બની ચાલી નીકળ્યા અને આ પ્રસંગ લોકોમાં હૃદયદ્રાવક બની ગયો. ત્યારપછી પ્રભુ મહાવીરના પ્રસંગો જેવા કે ચંડકૌશિક નાગે જ્યારે પ્રભુને ડંશ દીધો તેમાંથી દૂધની ધારા છુટી અને ચંડકૌશિકને 'બુઝ બુઝ' કહી તેના જીવનનો ઉદ્ધાર કર્યો. ચંદનબાળાનો ઉદ્ધાર કરી પ્રભુએ સ્ત્રી જાતિનું સન્માન કરી પુરુષ સમોવડી આલેખી અને તેમના કટ્ટર દુશ્મન ગૌશાલાને પોતાના દોષયુક્ત જીવનનો પશ્ચાત્તાપ કરાવ્યો.

આ પ્રમાણે પોતાનું જીવન વિતાવતા ઘોરાતિઘોર ઉપસર્ગો સાડાબાર વર્ષ સુધી ભોગવ્યા અને છેલ્લે સંગમ દેવતાએ પ્રભુની ખ્યાતિ દેવલોકમાં સાંભળી ત્યારે તેનામાં ઈર્ષાભાવ આવ્યો અને પ્રભુને પરેશાન કરવા પૃથ્વીલોકમાં આવ્યો અને પ્રભુને અનેક જાતના ઉપસર્ગો કર્યા. દરેક ઉપસર્ગો પ્રભુએ જે રીતે સહન કર્યા તેનાથી એ થાકી પાછો વળ્યો ત્યારે પ્રભુની આંખમાં બે બિંદુ આંસુના ટપકી પડ્યા જેના થકી દુશ્મનને પણ પશ્ચાત્તાપ કરાવ્યો.

તેમના પ્રથમ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમ તેમના ૧૧ ગણધરમાંના પ્રથમ ગણધર બન્યા. આ બધા ગણધરો પ્રભુને જ્ઞાનમાં હરાવવા આવ્યા હતા પણ જેવા એક પછી એક ગણધરો પ્રભુના સમોસરણમાં આવ્યા ત્યારે પ્રેમથી તેમના નામ બોલી તેમને આવકાર્યા. બધા ગણધરો પોતાના શિષ્યો સહિત પ્રભુના માર્ગમાં જોડાઈ ગયા.

સાડાબાર વર્ષ સુધી પ્રભુએ અઘોર તપ કરી ઋજુવાલિકા નદીના કિનારે ગો-દોહીકા આસને બેસીને ધ્યાનમગ્ન હતા ત્યારે શાલિવૃક્ષ નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આ પ્રમાણે પ્રભુ પોતાનું જીવન વિતાવતા વિતાવતા તેમના જીવન સંધ્યાના વિનય મહિમાના વિનયસૂત્રના ઉદાહરણો સાથે

અને તેમની અંતિમ ક્ષણોમાં વર્ણનો સાથે ધીર-ગંભીર ઘોષ અને સંગીતના કરુણતમ સ્વરો સાથે પ્રવકતા પ્રસ્તુત કરી રહ્યા હતા ત્યારે સૌને માટે એ તદ્દન નવો જ આગવો અનુભવ હતો. એક બાજુથી પ્રભુ નિર્વાણના એ અદ્‌ભુત પ્રસંગમાં સહુને ડૂબાડી રહ્યો હતો, બીજી બાજુથી તેમના જીવન સંદેશ ભણી સ્પષ્ટ આંગળી ચીંધી રહ્યો હતો તો ત્રીજી બાજુથી પ્રભુ-પ્રદર્શિત આત્મધ્યાનના પ્રદેશમાં જીવનભર ડોકિયું નહીં કરી શકનારાઓમાં એક અક્કડ અજંપો, એક ઉગ્ર અવસાદ પણ ઊભો કરાવી રહ્યો હતો. પ્રભુ જાણે જતા જતા કહી રહ્યા હતા કે 'અબ હમ અમર ભયે ન મરેંગે' તો આપણે ક્યારે આ અમરતાનું ગાન ગાઈ શકીશું ? ક્યારે મહાપુરુષના એ પંથે વિચરી શકીશું ? એવી ચિનગારી પોતાની જીવનદર્શન દ્વારા જગાવી રહ્યા હતા. ✷✷✷

'ચિંતન', ૪ ગોવિંદ નિવાસ, ૧૭૯, સરોજીની રોડ, વિલેપારલે (વે.), મુંબઈ–૪૦૦૦૫૬. ફોન નં.: ૦૨૨-૨૬૧૧૫૪૩૫

# 'દૂધ'

□ હિંમતલાલ એસ. ગાંધી

આરોગ્ય વિજ્ઞાન તથા પ્રાચીન શાસ્ત્રો મુજબ દૂધને સંપૂર્ણ ખોરાક તરીકે વિશ્વભરમાં સ્વીકારવામાં આવેલ છે. દૂધના ઘટક પોષક દ્રવ્યો અને સુપાચ્યતાના હિસાબે નવજાત શીશુથી લઈને વૃદ્ધ વ્યક્તિઓ સુધી સર્વ માટે તે જરૂરી ખોરાક તરીકે સ્વીકારાયેલ છે.

કતલખાનાઓ દ્વારા કરોડો દૂધાળા પશુઓની કતલ થવાના કારણે દૂધ અને દૂધની પેદાશોની અછતની પરિસ્થિતી સર્જાઈ છે. જેના કારણે ડેરી ઉદ્યોગ અને પશુપાલકો વધુ દૂધ મેળવવા જે રીતનો ઉપયોગ કરી રહ્યા છે તે રીતો નિર્દય તેમજ હિંસક હોઈને વિશ્વમાં ખાસ કરીને અમેરિકામાં તેમજ ભારતમાં દૂધ એ માંસાહાર છે તેવો પ્રબળ મત ઊભો થયો છે. એ રીતો નીચે મુજબ છેઃ-

(૧) ગાય-ભેંસ બચ્ચાંને જન્મ આપ્યા પછી લગભગ દશ મહિના દૂધ આપે છે. સામાન્ય રીતે ત્રણ-ચાર વર્ષે સગર્ભા થાય અને લગભગ ચાર બચ્ચાંને જન્મ આપે. પરંતુ અત્યારે ગાય- ભેંસને દર વર્ષે સગર્ભા બનાવવામાં આવે છે. બચ્ચાને જન્મ આપ્યા પછી ત્રીજે મહિને જ તેને કૃત્રિમ રીતે ગર્ભાધાન કરાવવામાં આવે છે. એટલે તે સગર્ભા હોવા છતાં દૂધ આપે છે, તેથી તેના શરીરના કોષોનો ભંગ થાય છે અને તેને કીટોસીસ (Ketosis) નામનો રોગ થાય છે. ગાય-ભેંસને રાખવાની સાંકડી જગ્યા અને ગંદકીના કારણે (Mostisis) નામનો રોગ થાય છે. ખરાબ ખોરાક અને અશક્તિના કારણે Rumenocidosis નામનો રોગ થાય છે. વળી તેની ક્ષમતા બરાબર રાખવા માટે તેને મોટા પ્રમાણમાં એન્ટીબાયોટિક દવાઓ તથા હોર્મોન્સ આપવામાં આવે છે-જે કારણોને લીધે તેનું આયુષ્ય ઓછું થાય છે-તેમજ દૂધ આપતી બંધ થાય એટલે કતલખાને મોકલી આપવામાં આવે છે. તેના ચાર બચ્ચામાંથી ત્રણ પણ કતલખાને જાય છે. ડૉ. કુરિયન પણ કબુલ કરે છે કે દર વર્ષે એકલા મુંબઈમાંથી ૮૦,૦૦૦ વાછરડા કતલખાને જાય છે.

(૨) ગાય-ભેંસને ફુકન પદ્ધતિથી દોહવામાં આવે છે. ગાય-ભેંસને અતિ પીડા આપવા તેના ગર્ભાશયમાં લાકડી નાંખી હલાવવામાં આવે છે. ગામડાના લોકો માને છે કે આમ કરવાથી દૂધ વધારે મળે છે.

(૩) શહેરોમાં વધુ અને ઝડપી દૂધ મેળવવા માટે ગાય-ભેંસને દરરોજ ઑક્સિટોસીન (Oxitocin)ના બે વખત ઈંજેક્શન આપવામાં આવે છે. આથી ગાય-ભેંસના ગર્ભાશયમાં સોજો આવી જાય છે તથા તે સખત પીડા ભોગવે છે. અભણ દૂધવાળો પણ ઑક્સિટોસીન અંગે જાણે છે-દરેક તબેલા કે ડેરી આસપાસના પાન-બીડી વાળા પણ તે રાખે છે. ગુજરાતમાં જ્યારે આ અંગે ડેરીઓ ઉપર દરોડા પાડ્યા ત્યારે એકલા અમદાવાદમાંથી એક જ દિવસમાં ૩,૫૦,૦૦૦ ઈંજેક્શનો પકડાયા હતા. આ ઑક્સિટોસીનના કારણે મનુષ્યોમાં હોર્મોન્સની સમતુલા જોખમાય છે, આંખો નબળી પડે છે, કસુવાવડ થાય છે અને કેન્સર પણ થઈ શકે છે. વાછરડાને ભૂખ્યા રાખવામાં આવે છે.

(૪) ડેરીઓમાં ગાય-ભેંસને મશીનથી દોહવામાં આવે છે. એટલે છેલ્લે તેમાં દૂધ સાથે લોહી પણ આવી જાય છે.

(૫) એક સનસનાટીભરી હકીકત-અખબારમાં પ્રસિદ્ધ થયેલ કેરાલાની ઘટના છે. એક દૂધવાળો સાયકલ ઉપર દૂધના કેન લઈને કેરાલા-મિલ્ક સ્કીમમાં સપ્લાય કરવા જઈ રહ્યો હતો. અકસ્માત તે સાયકલ પરથી પડી ગયો અને કેનમાનું દૂધ ઢોળાઈ ગયું. તેને મદદ કરનાર લોકોમાંથી એક જણે જોયું તો ઢોળાયેલા દૂધમાં એક મલમલની પોટલી હતી. તે ખોલીને જોયું તો તેમાં ૧૫ થી ૨૦ અળસીયા હતા. પાછળ આવતા બીજા ૬ થી ૭ દૂધવાળાને રોકીને ચેક કરતાં તેમના કેનમાંથી પણ મલમલની અળસીયાવાળી પોટલી મળી. દૂધવાળાને પૂછતાં તેમણે જણાવ્યુંકે 'અમે દૂધમાં સારૂં એવું પાણી ભેળવીએ છીએ. દુધ પાતળું પડી જાય છે. મિલ્ક સ્કીમમાં તેઓ દૂધની ઘનતા તપાસીને દૂધ લે છે. અળસીયા અંદર નાંખવાથી જ્યારે તે મરે છે ત્યારે તેના લચપચતા ભાગોથી દૂધ જાડું થાય છે' આજ હકીકત દરેક મોટા શહેરોની મિલ્ક સ્કીમની છે-દિલ્હી, લખનૌ, મુંબઈ વિગેરે એટલે એ દૂધમાં અળસીયાનું માંસ પણ છે.

આજ કારણોસર, મેનકા ગાંધી, પેટા સંસ્થા, અમેરિકાની

'વેગાન' સોસાયટીના સભ્યો દૂધને માંસાહાર માને છે અને દૂધ કે દૂધમાંથી બનતી કોઈપણ વસ્તુનો ખોરાકમાં ઉપયોગ નથી કરતાં. જો આ દૂધ જ આપણે વાપરતા હોઈએ તો:-

(૧) જૈન દેરાસરોમાં પ્રભુજીના પ્રક્ષાલમાં તેમજ અન્ય કોઈ રીતે તે વાપરી જ ન શકાય. એજ રીતે કોઈપણ ધર્મની ધાર્મિક ક્રિયા કે મંદિરોમાં પણ ન જ વાપરી શકાય.

(૨) આવા દૂધ કે દૂધમાંથી બનેલી કોઈ પણ વસ્તુ જૈન સાધુ-સાધ્વી વહોરી પણ ન શકે કે વાપરી પણ ન જ શકે.

(૩) એજ રીતે ભગવાન મહાવીરના અનુયાયીઓ, શ્રાવક-શ્રાવિકાઓ પણ ઉપયોગમાં ન જ લઈ શકે. અહિંસામાં માનનાર કોઈ જ વ્યક્તિ વાપરી જ ન શકે.

દૂધની અછતના હિસાબે લે-ભાગુ, નીતિ વગરના લોકો દૂધમાં બીજી પણ ઘણી ભેળસેળ કરે છે. જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક તથા જીવલેણ રોગોના સર્જનનું કામ કરે છે.

(૧) દૂધને કલેક્શન સેંટરોથી ડેરી સુધી પહોંચાડવામાં સમય જાય છે. તે દરમ્યાન દૂધ બગડી ન જાય તે માટે તેમાં યુરિયા (ખાતર) નાંખવામાં આવે છે જે માનવ શરીર માટે હાનિકારક છે. જો થોડું વધારે યુરિયા હોય તો માણસ બેશુદ્ધ થઈ જાય.

(૨) કેટલીય જગ્યાએ સીંથેટીક દૂધ-યુરિયા, ઝીંક ઑક્સાઈડ, વાઈટીંગ પાવડર, ચૂનો તથા અન્ય કેમિકલોથી બનાવેલ દૂધ પણ વેચાય છે. જે ફક્ત શારિરીક નુકશાન જ કરે છે.

(૩) `ICMR'ના સાત વર્ષોના સંશોધન બાદ-જે ભારતમાંથી હજારો દૂધના નમુના મેળવીને કરવામાં આવેલ છે-તેના તારણ મુજબઃ- (અ) દૂધમાં ડી.ડી.ટી.નું પ્રમાણ ખૂબ જ ઊંચું હોવાનું જણાયું છે. HCH નામના ઝેરી પેસ્ટીસાઈડ્‌ઝનું પ્રમાણ ખાદ્ય નિયમન ધારા મુજબ ફક્ત 0.01 mg/kg હોવું જોઈએ તેને બદલે સરેરાશ 4.9 mg/kg જોવા મળ્યું છે. (બ) તેઓને દૂધમાં આર્સેનિક, કલાઈ તથા સીસુ જોવા મળ્યા છે જેના કારણે કિડનીમાં બગાડ, હૃદયરોગ, મગજની કોશિકાઓનો નાશ અને કેન્સર પણ થઈ શકે. તેઓએ સંશોધન માટે દૂધના ૫૦,૦૦૦ નમૂના લીધેલ હતા. (ક) ગાય-ભેંસને જે ઑક્સિટોનના ઈંજેક્શન આપવામાં આવે છે તે હોર્મોન છે એટલે દૂધમાં ભળે છે. આવું દૂધ પીવાથી નાના બાળકોને ચશ્મા આવે છે, સ્ત્રી-પુરુષના હોર્મોનમાં અસંતુલન પેદા થાય છે.

આપણે દૂધ શરીર સ્વાસ્થ્ય, વૃદ્ધિ માટે લઈએ છીએ. પરંતુ ઉપર જણાવ્યા મુજબના દૂધ તો સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. તો હવે શું કરવું તે પ્રશ્ન પેદા થાય છે. દૂધ આપણા માટે અગત્યનું તથા અનિવાર્ય છે. લેવું કે નહીં?

દૂધનો વિકલ્પ શું?

સૌથી સારો તથા સસ્તો વિકલ્પ છે – 'સોયા મિલ્ક'. બાકી જુવાર તેમજ અન્ય જાડા ધાનમાંથી પણ દૂધ બનાવી શકાય. શીંગદાણામાંથી તો 'પી-નટ' બટર બને જ છે અને તે ઓછી કેલેરીફીક વેલ્યુ ધરાવતું હોવાથી અમેરિકા-યુરોપમાં તો ખૂબ જ વપરાય છે. ઘઉં, જુવાર, બાજરી, મકાઈ, શકરીયા, નારિયેળ, મગફળી વિગેરેમાંથી દૂધ મળે તેવા પ્રયત્નો થયા છે. પરંતુ ગાય-ભેંસના દૂધમાંથી મળતાં દરેક પોષક દ્રવ્યો સાથે સસ્તા વિકલ્પ તરીકે 'સોયા દૂધ' વધારે સ્વીકાર્ય બને છે, વધુ પ્રચલીત છે. તેમાં લેક્ટોઝ ન હોવાના કારણે ગાયના દૂધ કરતાં પણ વધારે સુપાચ્ય છે. ૯૦ ટકા એશિયનો લેક્ટોઝ પચાવી શકતાં ન હોવાના કારણે પ્રાણીજ દૂધ પચ્યા વિના શરીરમાંથી બહાર નીકળી જાય છે. સોયા દૂધમાં પ્રી-બાયોટિક સુગર હોય છે, જે શરીરના નકામા કચરાને બહાર ફેંકવામાં મદદરૂપ થાય છે. આ દૂધમાં સેચ્યુરેટેડ ફેટ ખૂબ જ ઓછી હોવાથી ઓછું કોલેસ્ટોલ બને છે અને હૃદયરોગમાં ગુણકારી ગણાય છે. સોયામાં હૃદય માટે જરૂરી 'લેચીથીન' પણ હોવાથી વધારે ઉપયોગી છે. સોયામાં સોલ્યુબલ ફાયબર પણ વધારે હોવાથી શરીરમાંથી થતો કેલ્શિયમનો ઘટાડો ઘટે છે, જેથી કિડનીમાં ઝેરી તત્ત્વોનું ફિલ્ટરેશન સરળતાથી થાય છે. ગાયના દૂધમાં પ્રોટીન ૩.૦૫ ટકા હોય છે, જ્યારે સોયા દૂધમાં ૩.૦૨ થી ૪.૬૫ ટકા સુધી હોય છે. ચરબી ગાયના દૂધમાં ૪ ટકા હોય છે, જે સોયા દૂધમાં ૩.૧૦ સુધી હોય છે, જે માનવના પોષણ માટે પુરતી છે. ખનિજ ક્ષારો ગાયના દૂધમાં ૫ ટકા હોય છે જે સોયા દૂધમાં ૦.૫ ટકા સુધી હોય છે. વિટામીન 'A' થાયમીન, રીબોફ્લેવીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, આયર્ન, નાયસીન, વિગેરે તત્ત્વો લગભગ બન્ને દૂધમાં સરખા મળે છે. તેમાં ૨.૧ ટકા સગર હોય તે ડાયાબિટીશમાં વાપરી શકાય છે.

સોયા દૂધમાં થોડું સેપરેટ દૂધ મેળવીને તેમાં મેળવણ નાંખીને દહીં જમાવી શકાય છે. આ દહીંમાંથી માખણ પણ મેળવી શકાય અને છાશ પણ બની શકે. ઉકળતા દૂધમાં લીંબુનો રસ નાંખવાથી તે દૂધ ફાટી જાય છે, તેમાંથી પનીર મળે છે. તેની મિઠાઈઓ પણ બનાવી શકાય છે. આ દૂધમાંથી મિલ્ક પાવડર પણ બનાવી શકાય છે.

કિંમતમાં સસ્તું હોવાના કારણે રેલ્વે સ્ટેશનોમાં મળતું દૂધ મોટા ભાગે સોયા દૂધ હોય છે. આ દૂધ ઘરે પણ બનાવી શકાય છે. તેમાં થોડું કપુર અને થોડી વાટેલી ઈલાયચી નાંખવાથી સ્વાદિષ્ટ બની જાય છે અને તેની અણગમતી ગંધ દૂર થઈ જાય છે. ઘરે જો બનાવવામાં આવે તો ૧૦ થી ૧૨ રૂપિયામાં એક લીટર દૂધ બની શકે.

તો આરોગ્ય માટે નુકશાનકારક બજારમાં મળતાં દૂધને બદલે, તેમજ આજે મળતું બજારનું દૂધ માંસાહાર પણ હોઈ શકે, તેને બદલે સોયા દૂધ વાપરવું બહેતર છે. તેમજ દેરાસરો તથા મંદિરો અને ધાર્મિક વિધિઓમાં પણ સોયા દૂધ વાપરવું જ યોગ્ય ગણાય.

✶ ✶ ✶

૪૦૪, સુંદર ટાવર, ટી. જે. રોડ, શીવરી, મુંબઈ-૪૦૦ ૦૧૫.
મો.: ૯૩૨૩૩૩૧૪૯૩, ઘર : ૨૪૧૩૧૪૯૩.

# રામકથા, ગાંધીકથા અને હવે સાંભળો ।। મહાવીર કથા ।।

## જાણીતા સર્જક-વક્તા ડૉ.કુમારપાળ દેસાઈ દ્વારા 'મહાવીર કથા'નો નૂતન-મંગલ પ્રારંભ

❑ ડૉ. મનોજ જોશી

ભારતીય પ્રજા કથાપ્રેમી છે. કથાઓ-કથાનકો-પ્રસંગો-વાર્તાઓ-ઉપસર્ગો વગેરે દ્વારા પ્રજાનું અને એના જીવતરનું ઘડતર થતું હોય છે. યુગો યુગોથી ભાતીય પ્રજા રામાયણ, ભાગવત્, પંચતંત્ર, હિતોપદેશ, વેદપુરાણો વગેરેની કથા-પારાયણ દ્વારા પોતાનું અને પરિવારનું શ્રેય પ્રાપ્ત કરતી રહે છે. શ્રી મોરારિબાપુ રામકથા અને શ્રી નારાયણ દેસાઈ ગાંધીકથા દ્વારા શ્રીરામ અને મહાત્મા ગાંધીજીના આદર્શોને આજની અને આવતીકાલની પેઢી સન્મુખ મુકી રહ્યાં છે. શ્રીરામ અને ગાંધીબાપુ આપણા સમગ્ર ભારતીય જીવનની જીવંત ચેતના છે. એના જીવનની ઘટનાઓ અને સ્વયં અનુભવેલા પ્રસંગોમાંથી આજે પણ આપણને જીવન જીવવાનો પ્રસન્નકર માર્ગ મળતો જ રહે છે. મોરારિબાપુ તો સાંપ્રત અને આજની અત્યાધુનિક પેઢીની નવી આબોહવા સામે રામતત્ત્વ અને હનુમંતતત્ત્વ એ બન્ને જીવનને કેમ અખિલ-અખંડ અને પ્રસન્ન બનાવે છે એ યુવાપેઢીને ફાવે-ભાવે એ શૈલીમાં સમજાવી રહ્યાં છે. જ્યારે શ્રી નારાયણ દેસાઈ (નારણકાકા) ગાંધી જીવનના અમૂલ્ય - પ્રસંગો અને કેટલીક ઘટનાઓ જેની આજની પેઢી સુધી વાત નથી પહોંચી તે અત્યંત સરળ અને સાદગી સભર શૈલીમાં સમજાવીને ખૂબ ઉત્તમોત્તમ ગાંધી કર્મ કરી રહ્યાં છે તેનું ઋણ ગુજરાત ક્યારેય નહીં ચૂકવી શકે!

ડૉ. કુમારપાળ દેસાઈએ પણ આ કથા શૈલીનો માર્ગ અપનાવ્યો છે. મોરારિબાપુ અને નારાયણ દેસાઈની જેમ કુમારપાળ 'મહાવીર કથા' લઈને આવે છે. માત્ર બે દિવસની આ મહાવીર કથામાં એ યુગપુરુષ-મહાત્મા તીર્થંકર પરમાત્માના જન્મથી લઈ નિર્વાણ સુધીના પ્રસંગો અને કેટલીક અ-પરિચીત-અજાણી વાતો ને સાંકળીને 'જ્ઞાનપીઠ'ની ભૂમિકાએ એ કથા કરે છે. થોડા સમય પૂર્વે આ નૂતન-પ્રયોગશીલ 'મહાવીર કથા'નું પ્રથમ વખત જ આયોજન કરવાનું શુભ કર્મ મુંબઈમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા મુંબઈમાં જ થયું. એટલું જ નહીં પરંતુ આ 'મહાવીર કથા'ને બે વીડીયો સીડીમાં સંગ્રહિત કરીને તેનું પ્રકાશન પણ કરવામાં આવ્યું. મહાવીર કથામાં ડૉ. કુમારપાળ દેસાઈએ મહાવીર સ્વામીના જીવનની વાતો સાથે જૈન દર્શનના પરમતત્ત્વો અને આ ધર્મની સહજતા-મહાવીર પ્રભુએ પ્રબોધેલો સરળ માર્ગ વગેરે પોતાની સરળ શૈલીમાં સમજાવી હતી. એમણે સરસ વાત કરી કે 'આ લોકકથા નથી પણ આત્મકથા છે. અમેરિકાના ચેપલમાં જ્યારે મહાવીર પ્રભુના જૈન દર્શનની વાત કરી પછી એક ખ્રિસ્તી પાદરીએ મને કહ્યું કે 'અમને એક મહાવીર આપોને!' મેં કહ્યું: 'અમારો મહાવીર ખોવાયો છે ત્યાં તમને ય કેમ આપવો?' અર્થાત્ ૨૬૦૦ વર્ષ પૂર્વે આ મહાન તીર્થંકર પરમાત્માએ જે જૈન ધર્મ આપ્યો તે આત્મ, મોક્ષ અને જીવન ધર્મ છે. એમણે 'એકોહ્ માણુસ જાઈ'ની વાત યુગો પહેલાં કરી છે. ટાગોર જેને 'યુનીવર્સલમેન' કહે છે. ઉત્સવ-વિજય ભીતરમાં થવો જોઈએ, બહાર નહીં. શત્રુ હણે તે વીર અને શત્રુને મિત્ર બનાવે તે મહાવીર. મહાભારત અને મહાવીર છે તેમાં મહાવીરના માર્ગે ચાલવા જેવું છે. આત્મધર્મ એ જૈન ધર્મની વિશેષતા છે. સાધનાને કોઈ સીમાડાઓ હોતા નથી. મહાવીર આશ્રમોમાં નહીં જંગલોમાં ફર્યા છે. દિશા ધર્મની અને ગતિ વિજ્ઞાનની હોવી જોઈએ એ જૈન ધર્મનું દર્શન છે. જયંતી નામના શ્રાવકે મહાવીરને પૂછ્યું કે 'માણસ જાગતો સારો કે ઉંઘતો?' પ્રભુએ કહ્યું 'સારો માણસ જાગતો સારો, દુર્જન ઉંઘતો સારો.' જે માતાને પ્રસન્ન કરે છે પૃથ્વીને પ્રસન્ન કરે છે. પ્રથમ તીર્થ માતા છે. આકાશના તારાઓ આકાશની કવિતા છે તો ધરતી ઉપર મા-માતા એ ધરતીની કવિતા છે.'

મહાવીરના જન્મ સમયે માતા ત્રિશલા દેવીના સ્વપ્નોના મર્મો, સોમશર્મા નામના બ્રાહ્મણનો પ્રસંગ, આનંદઘનજી મહારાજ તથા દીક્ષા-સન્માન વગેરેના પ્રસંગોનું વર્ણન સરળ ભાષામાં કથાકાર સમજાવે છે. મહાવીર પ્રભુના પાંચ સંકલ્પો-જૈન દર્શનમાં કેન્દ્રસ્થ છે. (૧) અપ્રીતિ થાય તેવા સ્થાને વસવું નહીં (૨) જ્યાં રહેવું ત્યાં ધ્યાન મગ્ન રહેવું. (૩) પ્રાયઃ મૌન રહેવું (૪) કરપાત્રમાં જ ભોજન લેવું (૫) ગૃહસ્થની કદી ખુશામત ન કરવી. કથા દરમ્યાન પ્રસંગો કે જૈન દર્શનને અનુરૂપ એવા જૈન ગીતો-સ્તોત્રોનું ગાન પણ વચ્ચે વચ્ચે થતું રહે છે. જાણીતા ગાયક મહાવીર શાહ અને તેના સંગીત વૃંદ દ્વારા મહાવીર કથામાં ગીતો પ્રસ્તુત થતા રહે છે. ગૌતમ સ્વામી જ્યારે હાલીકને મહાવીર સ્વામી પાસે લઈ જાય છે ત્યારે મહાવીરના દર્શન કરીને હાલીક ભાગે છે એ પ્રસંગે પણ સરસ રીતે કહેવાયો છે. ત્યારે મહાવીર સ્વામીએ 'એની પાત્રતા નહોતી' એમ ન કહ્યું પણ પૂર્વ ભવના વેર-ઝેર થકી પણ હિસાબ ચૂકતે થતો હોય છે. એ આત્મધર્મ દ્વારા સત્યનું અન્વેષણ થયું. અહિંસા-સંયમ-તપ આ ત્રણ તત્ત્વો જૈન દર્શનના મજબૂત પાયા છે. ગાંધીની અહિંસા-નિર્ભયતા સ્વાવલંબી બનાવે છે. ગાંધીજીએ નોઆખલીમાં અને મહાવીર સ્વામીએ લાડપ્રદેશમાં અહિંસાના પાઠો પ્રસરાવ્યાં. અભય બનાવ્યા. વેર ખોટું છે, વેર નહીં!, ત્યાગની ઓળખ વૃષભ દેવે આપી છે. વક્તાએ વૈશાખ સુદ-અગિયારસ (૧૧)નું મહત્ત્વ તથા 'ગણધરવાદ'નો મહિમા

વિસ્તારથી સમજાવ્યો હતો. એમણે કહ્યું કે, 'યજ્ઞમાં પશુ તથા અનાજ હોમાતા હતાં તેને બદલે મહાવીર સ્વામીએ વૈચારિક ક્રાંતિ કરીને પદ્ધતિ નહીં પણ વિચાર બદલાવ્યો કે યજ્ઞમાં દુષ્ટવૃત્તિઓ હોમો. ક્ષમાનો સંદેશ વ્યવહારમાં, જીવનમાં અને જગતમાં પણ આવીને ફેલાય અને જ્ઞાનની-સાચા જ્ઞાનની જ્યોતિ જાગે એ જરૂરી છે. મહાવીર સ્વામીએ મૃત્યુની પણ જડીબુટ્ટી આપી છે કે નજીક હોય તેની માફી માગવી અને આત્માને સ્થિર-સમાધિસ્થ કરવો. એ મોક્ષ માર્ગનું સરળ નિરૂપણ પણ એમણે આપ્યું છે. ગૌતમવિલાપ એ ભાવધારાનું જૈન દર્શન છે. મારા માર્ગે નહીં પણ મારા તત્ત્વોને માર્ગે ચાલો. મોક્ષના માર્ગો એટલે ગુરુ-વૃદ્ધોની સેવા, અજ્ઞાનીઓથી દૂર, સૂત્રાર્થનું ચિંતન, એકાંતમાં રહેવું અને ધૈર્ય ધારણ કરવું.'

મુંબઈમાં યોજાયેલી આ પહેલી વહેલી મહાવીરકથાને ભાવકોનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો.

'મહાવીરકથા'ના આ એક ઉપકારક અને નૂતન ઉપક્રમ માટે ડૉ. કુમારપાળ દેસાઈને વંદન.જય જિનેન્દ્ર.

✷ ✷ ✷

ફૂલછાબ–પૂર્તિ–તા. ૨૭–૬–૨૦૧૦

## 'મહાવીર કથા' ડી.વી.ડી.







પ્રખર ચિંતક અને સમર્થ સર્જક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી વાણીમાં વહેતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈને પ્રકાશિત થઈ ગઈ છે.

તજજ્ઞો દ્વારા તૈયાર થયેલી આ ડી.વી.ડી. એક જ મહિનામાં દેશ-પરદેશના અનેક જિજ્ઞાસુઓએ પોતાના ચિંતન ખંડમાં વસાવી છે. જે મહાનુભાવોએ જોઈ છે, એમણે આ ડી.વી.ડી.ના ચિંતનને માણ્યું છે અને પ્રસંશા કરી છે.

આ ચિંતનાત્મક દૃશ્ય-શ્રાવ્ય ડી.વી.ડી. પોતાના પરિવાર માટે વસાવવી, મિત્રો અને અન્ય પરિવારજનોને એ ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે, અને મહાવીર વાણીના ચિંતન પ્રચારનું પુણ્ય કર્મ છે.

વસ્તુની પ્રભાવના ક્ષણજીવી છે. વિચારની પ્રભાવના ચિરંજીવ છે.

પ્રત્યેક જૈન કુટુંબમાં આ ડી.વી.ડી. હોવી એ ધર્મપ્રિયતા અને જૈન ધર્મના સંસ્કારનો પૂરાવો છે. જ્ઞાન પ્રભાવના જ પ્રભાવક પ્રભાવના છે. સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્દર્શનની પ્રાપ્તિ આવા મહાવીર વિચારથી જ થાય.

પ્રત્યેક જૈન છાત્રાલયો અને શાળા–કૉલેજોએ આ ડી.વી.ડી. દ્વારા પોતાના યુવા વિદ્યાર્થીઓને આ મહાવીર ચિંતનનું દર્શન કરાવવું જોઈએ. ઉપાશ્રયમાં ન જતા અને ન જઈ શકતા અને જૈન પુસ્તકોના વાંચન માટે સમય ન ફાળવી શકતા જૈન શ્રાવક-શ્રાવિકાને ઘર બેઠાં મહાવીર જીવન અને ચિંતન આ ડી.વી.ડી. પીરસે છે.

મહાવીર કથાના દૃશ્યને નિહાળો અને વાણીનું શ્રવણ કરી મહાવીરને જાણો, માનો અને પામો.

બે ડી.વી.ડી.ના સેટનું દાન મૂલ્ય રૂા. ૨૫૦/– પરદેશ માટે ૨૦ યુ.એસ.ડોલર.

શ્રી જૈન યુવક સંઘના આજીવન સભ્યો, પેટ્રનશ્રીઓ, જૈન છાત્રાલયો, પુસ્તકાલયો અને સંઘોને **૨૦% ડિસ્કાઉન્ટ.**

દશ સેટ ખરીદનારને એક સેટ વિના મૂલ્યે પ્રભાવના સ્વરૂપે આપવામાં આવશે.

બેંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ - પ્રાર્થના સમાજ બ્રાંચ - મુંબઈ. ખાતા નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં રકમ ભરી એ સ્લીપ અમને મોકલશો એટલે આપને ઘેર બેઠાં અમે આપની ઈચ્છિત ડી.વી.ડી. મોકલીશું.

અમારું સરનામું પાના નં. ૩ ઉપર આપેલું છે.

ફોન નં.: 022-23820296 – 022-2056428

ધન્યવાદ.

**પ્રમુખ,**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# 'ણ' અક્ષરનો પ્રભાવ

❑ ડૉ. રશ્મિભાઈ ઝવેરી

પ્રબુદ્ધ જીવન મે ૨૦૧૦ના અંકમાં 'નવકાર મંત્રમાં 'ન' કે 'ણ' : નમુક્કારો કે ણમુક્કારો?' – પુષ્પા પરીખે આ લેખમાં 'ન' / 'ણ' અક્ષર વિષે સુંદર વિવેચન કર્યું છે. એના સંદર્ભમાં આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજીની વિદૂષી સાધ્વીશ્રી પુણ્યયશાજીના નમસ્કાર મહામંત્ર ઉપરનો એક લેખ 'મહામંત્ર કી અર્થવત્તાઃ વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય' (જૈન ભારતી મે, ૨૦૧૦–જૈન શ્વે. તેરાપંથી મહાસભા) મનનીય છે. એમાંથી સંબંધિત ભાગનો ભાવાનુવાદ અહીં આપવામાં આવ્યો છે.

'મહામંત્રમાં પ્રયુક્ત 'ણ'નું અપરિહાર્ય મહત્ત્વ' નમસ્કાર મહામંત્રના જપાકાર તરંગો આત્મામાં અમોઘ-શક્તિનો સંચાર કરે છે. આ મહામંત્રમાં પ્રયુક્ત એક માત્ર 'ણ'ની વિશિષ્ટતા જ આશ્ચર્યચકિત પરિણામ લાવી શકે છે. 'ણ'નું પોતાનું અપરિહાર્ય મહત્ત્વ છે, એના કારણો છે–

૧. 'ણ' શક્તિ-સૂચક હોવાથી સમત્વભાવ આપવાવાળો છે.

૨. 'ણ' પૃથ્વી તત્ત્વ સંજ્ઞક હોવાથી સ્થિરતા, અડોલતા, ગંભીરતા, સહનશીલતા, આદિનો પરિચાયક છે.

૩. શાસ્ત્રોમાં 'ણ' શબ્દનું સ્વરૂપ વ્યોમ (આકાશ) બતાવવામાં આવ્યું છે. આકાશમાં વ્યાપકતા, વિશાળતા, અવગાહ આપવાની ક્ષમતા તથા શબ્દોના તરંગોને પ્રભાવિત કરવાની યોગ્યતા છે. વ્યોમ આપણને ઉપર તરફ લઈ જાય છે-અર્થાત્ ઉર્ધ્વગામી બનાવે છે.

૪. વિજ્ઞાન મુજબ 'ણ'નો પ્રયોગ આલ્ફા (Aalpha) તરંગોના નિર્માણમાં સહાયક બને છે. 'ણ'નો ઉચ્ચાર કરવાથી ગળું જીભ દ્વારા ખેંચાય છે, જેનાથી થાઈરોઈડ અને પેરાથાઈરોઈડ ગ્રંથિઓ સંતુલિત અને શક્તિશાળી બને છે. જીભના ખેંચાવાથી થાઈમસનો સ્રાવ પણ સંતુલિત થાય છે, જેથી વાયુ અને સાંધાના દર્દોમાં રાહત મળે છે.

૫. યોગ શાસ્ત્ર અનુસાર માનવ શરીરના કોઈક અંગમાં (-) ઋણ વિદ્યુત (Negative Charge)ની પ્રધાનતા છે તો કોઈકમાં (+) ધન વિદ્યુત (Positive Charge)ની પ્રધાનતા છે. આપણા શરીરમાં જીભમાં ઋણ-વિદ્યુત (-) અને મગજ (brain)માં ધન-વિદ્યુત (+) મુખ્ય છે. 'ણ'ના ઉચ્ચારથી આંશિક (ખેચરી મુદ્રા) થાય છે અને જીભનું તાલુની સાથે ઘર્ષણ થાય છે. તાલુ મગજનો નીચલો હિસ્સો છે. અહીં જીભ દ્વારા ઘર્ષણ થવાથી (-) તથા (+) બંને તરંગોનો સંગમ થાય છે. અને આનાથી 'આજ્ઞાચક્ર' (બંને ભ્રકુટિઓની વચ્ચે-દર્શન કેન્દ્ર) પ્રભાવિત થાય છે. આ ચંદ્રમાનું પણ સ્થાન છે. એમ કહેવાય છે કે એનું મુખ નીચેની રહેતું હોય છે અને એ અમૃત-વર્ષા કર્યા કરે છે. જ્યારે આજ્ઞાચક્ર (દર્શન કેન્દ્ર) જાગૃત થાય છે ત્યારે આ વર્ષાથી શરીરની બધી જ નસો ભરાઈ જાય છે અને પ્રભાવશાળી આત્મામંડળનું નિર્માણ થાય છે. આજ્ઞાચક્રના સક્રિય થવાથી વ્યક્તિ દૃઢ સંકલ્પવાળી અને ઈન્દ્રિયો પર નિયંત્રણ કરવાવાળી બની જાય છે. સાથે સાથે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનની ભૂમિકા પણ બને છે.

૬. 'ણ'મો ના ઉચ્ચારણથી જે ધ્વનિ-તરંગો (Sound Waves) ઉત્પન્ન થાય છે, તે સ્વરમય હોવાથી અને 'ન' થી વધુ બૃહદ્ (વિશાળ) હોવાથી આ મંત્ર એના આરાધકના શરીરની હૃદયતંત્રીને વધુ સમય સુધી તરંગિત કરે છે.

૭. નમસ્કાર મહામંત્રના પ્રત્યેક પદમાં પ્રારંભમાં અને અંતમાં પણ 'ણ' અક્ષર છે. પ્રારંભના 'ણ'માં અનુસ્વાર નથી પણ અંતના 'ણ'માં અનુસ્વાર આવે છે. સંગીતશાસ્ત્ર અને શરીરવિજ્ઞાન અનુસાર પ્રારંભનો 'ણ' ગતિ આપે છે અને અંતનો 'ણ' વિરામ. ભાષાવિજ્ઞાન અનુસાર પણ પ્રારંભના 'ણ'ના સ્વર-તરંગો ગતિમાન થઈને શરીરના રોમેરોમને ઝંકૃત કરે છે. અને અંતમાં ઉચ્ચારેલા 'ણ' થી એ તરંગો ધીરે ધીરે વિરામ પામે છે. આમ 'ણ'નું ઉચ્ચારણ ચિત્તને સ્થિરતા આપે છે.

૮. 'ણ'ની ધ્વનિ 'ન'થી અધિક પ્રભાવી અને વજનદાર છે. આથી એ શરીરના બધાં જ સ્નાયુતંત્રોને તરંગિત કરીને ચિંતનધારાને ગતિ આપે છે.

નમસ્કાર મહામંત્રમાં અનુસ્વાર સહિત અને અનુસ્વાર રહિત કુલ દસ 'ણ' હોય છે. એક માળામાં કુલ ૧૦૮૦ વાર 'ણ' નું ઉચ્ચારણ થાય છે. આનાથી જીભ અને તાલુનું લયબદ્ધ ઘર્ષણ થયા કરે છે જેથી આરાધકની પીનીયલ (Pineal) પીચ્યુરીટી (Pitutary) અને હાઈપોથેલેમસ પ્રભાવિત થાય છે. એમાંથી નીકળતા આંતરસ્રાવો (Hormones) સંતુલિત થઈ જાય છે. આની સાથે મગજમાં રહેલા રેટીક્યુલર ફોર્મેશન (Reticular Formation) પ્રભાવિત થાય છે. મગજમાં રહેલી આ ફીલ્ટર સીસ્ટમ અસંખ્ય નર્વ સેલ્સનું બનેલું નેટવર્ક છે જેનાથી મગજ કુશળતાથી કામ કરી શકે છે.

જ્યારે વ્યક્તિના આવેગો અને આવેશો (Emotions and Impulses) પર હાઈપોથેલેમસનું નિયંત્રણ થાય છે ત્યારે એનાથી પીનીયલ અને પીચ્યુટરી ગ્રંથિઓ પણ પ્રભાવિત થાય છે. આ ગ્રંથિઓમાંથી નીકળતા સ્રાવ (Hormones) નાભિ પાસે રહેલી એડ્રીનલ (Adrinal) ગ્રંથિને પ્રભાવિત કરે છે. પરિણામે એ વ્યક્તિની ઉત્તેજનાઓ, આવેશો, આવેગો અને હિંસાત્મક ભાવો શાંત થઈ જાય છે. અને આ શાંત-પ્રશાંત-ઉપશાંત ભાવોથી એનો વ્યવહાર અને આચરણ પણ શાંતિમય બની જાય છે. ✶✶✶

'અર્હમ્', ટૉપ ફ્લૉર, ૨૬૬, ગાંધી માર્કેટ પાસે, સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૨. ટેલિફોન : ૦૨૨-૨૪૦૯૫૦૪૦/૨૪૦૯૪૧૫૭.

# વિશ્વ ગુજરાતી ભાષા દિવસ

□ કાકુલાલ છગનલાલ મહેતા

આ વર્ષે ૨૪ ઑગસ્ટના રોજ 'વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી શા માટે? કઈ રીતે?'નો એક કાર્યક્રમ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી અને મુંબઈ સમાચાર તરફથી જાહેર થયેલ છે. એક લકીરની આ રજૂઆત કંઈ કેટલાય પ્રશ્નોની હારમાળા મનમાં જગાવે છે. સવાલ એ છે કે હજારેક વર્ષ પૂરાણી ભાષાની ઉજવણીનો વિચાર પહેલી વાર, આજે આટલા વર્ષે કેમ? ભાષા એ શિક્ષણનું માધ્યમ છે પરંતુ શિક્ષણ એ જીવનના દરેક પાસાને, ક્ષેત્રને આવરી લેતું, જીવનનું ઘડતર કરતું, મહાન પરિબળ છે એથી ભાષાની જોડે શિક્ષણ અંગે વિશાળ ફલક પર વિચારવું રહ્યું. ગુજરાતીની જોડે રાષ્ટ્રભાષાનો વિચાર કરવો પણ અત્યંત આવશ્યક છે. એ વિના રાષ્ટ્રઐક્ય સાધી નહિ શકાય અને વિભાજિત દેશ સ્વતંત્રતા જાળવી નહિ શકે. લગભગ બધા જ દેશોને, જેમ કે બ્રિટન, ચીન, ફ્રાંસ, જર્મન, જાપાન, રુસ (રશિયા) વગેરેને પૂરા રાષ્ટ્રને આવરી લેતી એક જ ભાષા છે અને એનું અધિકું ગૌરવ પણ છે. છેલ્લા બે-એક દાયકાથી અને વિશેષે એક દાયકાથી ગુજરાતી ભાષાના ભવિષ્ય વિષે ચર્ચા-વિચારણા અને લખાણો પણ પ્રસિદ્ધ થતાં રહે છે.

**ભૂતકાળ :** પ્રસ્તાવમાં 'વિશ્વ ગુજરાતી ભાષાનો ઉલ્લેખ છે. એક એવું અનુમાન દોરી શકાય કે ભારતે સ્વતંત્રતા ગુમાવી એ પહેલા (ત્યાર પછી અને હાલ પણ) આપણો ગુજરાતીઓનો વ્યાપાર વિશ્વમાં દૂર દૂર સુધી ફેલાયેલો જેમકે નજીકમાં બર્મા, જાવા, સુમાત્રાથી લઈને છેક આફ્રિકા અને બીજા ઘણાં દેશો સુધી. એ વખતની વ્યાપાર વ્યવસ્થામાં એક વિશિષ્ટતા એ હતી કે તેમાં ગુજરાતીમાં વાતચીત થતી અને વસ્તુઓનું આદાન-પ્રદાન થતું. જેટલો માલસામાન લઈ વહાણ જ્યાં જાય ત્યાં બધો જ સામાન ત્યાંના ચલણમાં વેચાતો અને એજ ચલણમાંથી ભારતવાસી પોતાને જોઈતો સામાન ત્યાંથી ખરીદીને લઈ આવતા. આથી વિદેશી મુદ્રાનો સવાલ જ ઊઠતો નહિ. ન કોઈ લેણદાર બનતું કે ન દેવાદાર. બન્ને પક્ષનું હિત જળવાઈ જતું. ભારતના રુપિયાની પ્રતિષ્ઠા હતી અને સ્વીકાર્ય પણ હતો. એ સમયમાં અને આજે પણ ગુજરાતીઓ વિશ્વભરમાં ફેલાયેલા છે. વ્યાપાર પણ ફેલાયો છે. આપણે માતૃભાષા, રાષ્ટ્રભાષા અને જીવનઘડતરનું યોગ્ય સંયોજન કરી શકીએ તો સંભવ છે કે ૫૦-૬૦ વર્ષના ગાળામાં આપણી ભાષાને પણ વિશ્વની પ્રખ્યાત ભાષાઓમાં સ્થાન મળે. આપણી સંસ્કૃતિમાં એ તાકાત છે જો એને ન અવગણીએ તો.

સમય અને પરિવર્તન સાથે સાથે ચાલતા રહે છે, ક્યારેક ધીમી ગતિએ નજરમાં પણ ન આવે એવી રીતે તો ક્યારેક ઝડપથી જેની અસર જલ્દીથી અનુભવવા મળે. ભારત જ્યારથી સ્વતંત્રતા ગુમાવી ગુલામ બન્યું ત્યારથી આપણે વ્યાપારી અને વ્યવહારુ પ્રજા હોવાને કારણે, જે તરફ હવા વહેતી હોય તે તરફ હંકારવાનું બુદ્ધિ વાપરી રાજ્યને વફાદાર રહી આપણા માર્ગે ચાલતા રહ્યા. એ સમયમાં આપણે ન તો માતૃભાષા પ્રતિ જાગૃત હતા કે ન તો એની ચિંતા હતી. પરિણામે આપણે અંગ્રેજી પ્રતિ ઢળ્યા. એ પહેલા મુગલ રાજ્ય કાળમાં પણ આપણે ઉર્દુમિશ્રિત ભાષાનો સ્વીકાર કરી ચૂક્યા હતા.

જેણે 'શું શા પૈસા ચાર'નો પ્રયોગ કર્યો એણે કદાચ એ આપણી આ ઉણપ પ્રતિ ઈશારો કરવા માટે જ કર્યો હશે. આજે હવે અંગ્રેજી ભાષા વ્યાપાર માટે તો ખરી જ પરંતુ અન્યથા પણ વિશ્વભરમાં પોતાનું વર્ચસ્વ સ્થાપી ચૂકી છે એથી આપણે પણ કદાચ પૂર્ણપણે નહિ તો પણ મહદ્ અંશે અંગ્રેજીને સ્વીકારી ચૂક્યા છીએ. આ એક વાસ્તવિકતા છે, એનો વિરોધ નથી, સ્વીકાર પણ કરીએ પરંતુ માતૃભાષા કે સંસ્કૃતિના ભોગે તો નહિ જ. શા માટે?

માતૃભાષાનું મહત્ત્વ સમજવું બહુ જ જરૂરી છે. મારા પૌત્ર અને પૌત્રી અંગ્રેજી માધ્યમમાં ભણે છે. ઘરમાં ગુજરાતી બોલે છે, સમજે પણ છે પરંતુ લખતા-વાંચતા આવડતું નથી. મેં એમને પ્રશ્ન કર્યો કે એ,બી,સી,ડી શિખ્યા પછી જ તમે અંગ્રેજી બોલતા અને સમજતા થયા પણ તમને ગુજરાતી શીખવાડવામાં આવ્યું નથી તો ગુજરાતી કઈ રીતે બોલો-સમજો છો? હકિકત એ છે કે બાળક માતાના ઈશારાથી, સિસકારાથી કે બોલાતી ભાષાથી સહેલાઈથી સમજી શકે છે અને બોલી કે સમજાવી ન શકે ત્યાં પણ સમજણ તો હોય જ છે. એટલું જ નહિ પણ હજારો વર્ષની આપણી આગવી સંસ્કૃતિની પાછળ અનુભવ હોય છે જેને અપનાવીને આપણે ભૂલો કરતા બચી જઈએ અને યોગ્ય માર્ગે પ્રગતિ સાધી શકીએ. માતૃભાષા જતાં આવી અનુપમ સંસ્કૃતિને ગુમાવીને આપણે દિશા-વિહોણા બની જઈએ. આ કારણે માતૃભાષાનું જ્ઞાન એક અનિવાર્ય આવશ્યકતા બની જાય છે. મારી પૌત્રી અગિયાર વર્ષની છે. અંગ્રેજી, હિંદી, મરાઠી અને સંસ્કૃત શીખી છે અને હાલ રજાના દિવસોમાં ગુજરાતી શીખે છે. આશ્ચર્ય અને દુઃખની વાત તો એ છે કે ગુજરાતીની જન્મદાત્રી સંસ્કૃતનું શિક્ષણ અંગ્રેજીના માધ્યમથી લ્યે છે. વિચારવાનું એજ કે બાળકોને માટે માતૃભાષા, હિંદી અને અંગ્રેજી સાથે સાથે શીખવાનું મુશ્કેલ નથી કેમ કે એમની ગ્રહણ શક્તિ અદ્ભુત હોય છે.

**વર્તમાન :** આપણે જોયું કે સમય સાથે પરિવર્તન થતું જ રહે છે, ક્યારેક ધીમી ગતિએ તો ક્યારેક ઝડપથી. આઝાદી પછી ભારતે આર્થિક વિકાસ માટે હરણફાળ ભરી. આઝાદીની લડત અંતે તો

ગરીબી દૂર કરવા માટે જ હતીને? પરંતુ કોઈ મહાન કાર્યને પાર પાડવા માટે ખંત અને ધીરજની જરૂરત રહે છે. જલ્દી પ્રગતિની ધૂનમાં આપણે, આપણો દેશ ખેતીપ્રધાન હોવા છતાં, ખેતીને અવગણીને વિશાળકાય ઉદ્યોગો પ્રતિ જ બધું ધ્યાન અંકિત કર્યું અને એમ કરવામાં વિકસિત દેશોનું આંધળું અનુકરણ કર્યું. દેશે પ્રગતિ તો કરી પણ ગરીબ અને તવંગરની ખાઈ વધારીને. વિકસિત દેશોને એ કાળે આફ્રિકા, ભારત, શ્રીલંકા, બર્મા વગેરે વસાહતી દેશોમાંથી કાચો માલ મફત જેવા ભાવે મળતો અને પાકો માલ ઊંચા ભાવે વેચીને કમાણી કરવાની તક મળેલી. અંગ્રેજો તો અહીં વ્યાપાર અર્થે જ આવેલા અને ગયા તો પણ એવી વ્યવસ્થા કરીને ગયા કે આપણે એમના આશ્રિત થઈને રહીએ અને એમના માર્ગદર્શન પ્રમાણે આગળ વધીએ. એમાં એમનો સ્વાર્થ જ હતો. આપણે જાણીએ છીએ કે વિકસિત દેશોએ આર્થિક પ્રગતિ ગમે તેટલી કરી હોય, બાહ્ય દૃષ્ટિએ સુખી અને સમૃદ્ધ જણાતા હોય, પરંતુ પ્રજા મનથી અત્યંત વ્યથિત છે અને માનસિક તાણને લીધે મનોવૈજ્ઞાનિક ચિકિત્સકો અને દવાના આધારે જીવે છે. આ વાતને ભાષા સાથે આમ તો કોઈ સંબંધ નથી છતાં એનો ઉલ્લેખ એટલા માટે કરવો પડ્યો છે કે ભાષા એ શિક્ષણનું મહત્ત્વનું માધ્યમ છે. અને શિક્ષણ એ એક માનવજીવનના ઉત્કર્ષ અને સાર્થક્યનું સાધન છે.

આપણે એ પણ જાણીએ છીએ કે પશ્ચિમનું અનુકરણ કરીને આર્થિક સમૃદ્ધિ તો મેળવી છે પણ આત્મિક શક્તિ ગુમાવી બેઠા છીએ. રોજના દૈનિક પત્રોમાં આવતા સમાચારોને આજથી વીસ-પચીસ વર્ષ પહેલાના સમાચારો સાથે મેળવી જુઓ. વિચારશો તો ખ્યાલ આવશે કે આપણે કેટલું બધું ગુમાવી પણ ચૂક્યા છીએ. ઝડપી અને તુરત આંખે ચડે એવો ફેરફાર તે માનવનું સામાજિક પ્રાણીમાંથી વ્યક્તિગત જીવન તરફનું પ્રયાણ, ગમે તે રીતે જીવવાનો અધિકાર આપતું જીવન, જેમાં વ્યક્તિએ પોતાના સિવાય બીજા કોઈનો વિચાર કરવાનો નહિ. આપણે સામાજિક પ્રાણી મટીને ફક્ત પશુજીવન તરફ ઢળી રહ્યા છીએ. એક બીજું પરિણામ એ આવ્યું છે કે જીવન પ્રત્યેની દૃષ્ટિ બદલાઈ ગઈ અને કોઈ પણ ભોગે, યોગ્ય કે અનુચિત માર્ગે, પૈસો બનાવવો એજ જીવનનું ધ્યેય બની ચૂક્યું છે. માનવ જીવન એજ એક મહાન ઉપલબ્ધિ છે એ વાતનો ખ્યાલ પણ નથી રહ્યો. જીવનની ઘટમાળ જ એવી બની ગઈ છે કે કોઈને, ઈચ્છા હોય તો પણ, વિચારવાનો સમય નથી; પછી ભલે તે સમય મેચ જોવામાં કે ટી.વી. અને ક્ષુલ્લક મનોરંજન કે જલસા-તમાશા જોવામાં જતો હોય. આંતરિક આનંદ ગુમાવી બેઠા છીએ એટલે બહાર ખોળીએ છીએ.

**હવે પછી :** આપણે ભૂતકાળ અને વર્તમાન ઉપર એક અછડતી નજર કરી. હવે ભવિષ્ય પર એક નજર કરીએ. એમ કહેવાય છે કે માતૃભાષા તો બાળકને ગળથૂથીમાં મળે છે. કક્કો-બારાક્ષરી શીખ્યા પહેલા તો એ બોલતા શીખી જાય છે અને એથીએ વિશેષ તો એ સમજતા શીખી જાય છે, માટે માતૃભાષાનું શિક્ષણ ફરજિયાત અને જેમાં જીવનઘડતર થાય એવું બનવું જોઈએ. આ કાંઈ ફરજિયાત શિક્ષણનો કાયદો પસાર કરવાથી નથી બનવાનું અને આ કામ સરકાર પણ, ઈચ્છે તો યે નથી કરી શકવાની, કારણ કે એ કામ જેના મારફત કરવાનું છે એની લાયકાતવાળા શિક્ષકો પણ જોઈએને? આ માટે તો શિક્ષણક્ષેત્રની અનુભવી વ્યક્તિઓ દ્વારા નવું જ આયોજન થવું જોઈએ, નવો અભ્યાસક્રમ તૈયાર કરવો પડે, નવા અને યોગ્ય શિક્ષકો તૈયાર થવા જોઈએ. જુદી જુદી જાતના વિસ્તૃત શબ્દકોશ રચવા જોઈએ. આવું બધું કદાચ 'ગુજરાતી વિશ્વકોશ' રચનારા કરી શકે પરંતુ એમને પણ યુવાન અને સમર્પિત કાર્યકરો જોઈએ, પર્યાપ્ત માત્રામાં ધનરાશી જોઈએ વગેરે વગેરે. આ બધાનો વિચાર કે ઠરાવ પસાર કરીને કામે લાગી જવાય તો વર્ષોની મહેનત પછી જ આપણે પ્રગતિ કરી શકીએ. આઝાદીની લડત કે આર્થિક વિકાસ માટે કેટલા વર્ષોની તપસ્યા પછી પણ આપણે ક્યાં ઊભા છીએ? ગુજરાત અને ગુજરાતીને ગૌરવ પ્રાપ્ત થાય એવી ઈચ્છા હોય તો સમર્પિત કાર્યકરો, પૂરતા સાધનો, ધીરજ અને ખંત જોઈશે. એ હશે તો જ કામ થશે.

**ઉપસંહાર :** આપણે જોઈ ગયા કે માતૃભાષાને અવગણીને આપણે ઘણું બધું ગુમાવ્યું છે. આ પ્રશ્ન આપણો જ નહિ પણ ભારતની બધી જ ભાષાઓ ઉપરાંત અન્ય દેશોની ભાષાઓને પણ સ્પર્શે છે. કેટલીય ભાષાઓ નષ્ટ પણ થઈ ચૂકી છે. કોઈક એવું પણ સૂચન કરે છે કે સમયાંતરે અંગ્રેજી, ફ્રેંચ, જર્મની જેવી ગણીગાંઠી ભાષાઓ જ બચશે. કદાચ બોલી બચે પણ ભાષા નહિ. એવું પણ બને કે કદાચ વિકસિત ભાષાઓ બોલનારા પણ એમ જ ઈચ્છતા હોય અને એ માર્ગે પ્રયત્ન પણ કરતા હોય. અલબત્ત આ બધું કોઈ વરસ બે વરસમાં ન જ બની શકે. માતૃભાષા વિશે જાગૃતિ લાવવાનો આ પ્રયાસ છે તો આપણે એ પણ સ્વીકારી લઈએ કે આપણી હાર છે, નિષ્ફળતા છે અને નિષ્ફળતાની ઉજવણી ન હોય.

એ માટે તો ગમે તે ભોગે મુશ્કેલીઓને વટાવી, સફળતા મેળવવાની પ્રતિબદ્ધતા હોવી જોઈએ. પ્રતિજ્ઞાબદ્ધ બનીએ તો જ પ્રગતિ થશે નહિ તો ફક્ત ઉજવણી બનીને રહી જશે. ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય બન્યું એ માટે 'સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણી કરીએ, ભારત આઝાદ થયું એની ઉજવણી કરીએ, રાજ્યબંધારણ મંજૂર કર્યું એની ઉજવણી જરૂર કરીએ કેમકે આપણે કાંઈક ઉપલબ્ધિ મેળવી છે એની એ ઉજવણી છે

**વિશાળ ફલક :** ભાષા પ્રતિ ચિંતાનો વિષય આપણે જોશું તો વયસ્કોને મૂંઝવે છે, યુવાનોને એની કોઈ ચિંતા નથી. એનું કારણ એમ માનવામાં આવે છે કે પેઢીભેદ તો રહેવાનો. વાત સાચી પણ એ ભેદ આજે એક પેઢીનો મટીને બે પેઢીનો એટલા માટે બની ગયો

છે કે જીવાદોરી જે ૫૫-૬૦ વર્ષની હતી તે આજે ૭૫-૮૦ સુધી પહોંચી ગઈ છે પણ એટલું જ નહિ આગળ વધીને અત્યંત ઝડપી ટેકનોલોજીના વિકાસને લીધે એ ભેદ અનેકગણો વધી ગયો છે. સંભવ છે કે આ કારણે યુવાવર્ગ ચિંતિત નથી પરંતુ એમના માટે પણ આ પ્રશ્નની ગંભીરતાનો વિચાર કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. આપણે પ્રથમ તો યુવાનો સાથે વાર્તાલાપ યોજવો પડશે. એમની વાત સાંભળીએ અને આપણી વાત એમને સમજાવીએ. એમાંથી જ માર્ગદર્શન અને આગળની કાર્યસૂચિની દિશા પ્રાપ્ત થશે.

✷ ✷ ✷

(વાચકોના કડવા-મીઠા મંતવ્યો આવકાર્ય-અભિપ્સિત)

૧૭૦૪, ગ્રીન રીડ્જ ટાવર-૨, ૧૨૦, લીંક રોડ, ચીકુવાડી, બોરીવલી (પ.) મુંબઈ–૪૦૦ ૦૯૨. ફોન : (૦૨૨) ૨૮૯૮૮૮૭૮

# શ્રી જૈન મહાવીર ગીતા–એક દર્શન : ૨૧

□ પ. પૂ. આચાર્યશ્રી 'વાત્સલ્યદીપ'સૂરીશ્વરજી મ.

**એકોવિંશતિ પ્રકરણ : શક્તિયોગ અનુમોદના**

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી રચિત 'શ્રી જૈન મહાવીર ગીતા'નો આપણે મંગલ સ્વાધ્યાય કરી રહ્યાં છીએઃ 'શ્રી જૈન મહાવીર ગીતા'માં અગાઉ કહ્યું તેમ, ૧૬ અધ્યાય પૂર્ણ થયાં પછી જે ૬ સ્વતંત્ર પ્રકરણ છે તેમાં, ૫મું પ્રકરણ 'શક્તિયોગ અનુમોદના' છે. તેના ૨૩ શ્લોક છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં ૮મો અધ્યાય 'શક્તિયોગ' છે. સળંગ ક્રમે ગણીએ તો, આ ૨૧મું પ્રકરણ 'શક્તિયોગ અનુમોદના', તેની સાથે જ હોવું જોઈતું હતું. ગ્રંથલેખક આચાર્ય શ્રીમદ્જીએ એમ ન કરતાં તેના અનુસંધાનરૂપે, પાછળથી 'શક્તિયોગ અનુમોદના' નામક પ્રકરણ ઉમેર્યું છે. અગાઉ આપણે જેનો સ્વાધ્યાય કરી ગયા છીએ તે, 'શક્તિયોગ' એક અદ્ભુત અને વિશિષ્ટ અધ્યાય હતોઃ જૈન/જૈનેતર સાહિત્ય વિશ્વમાં ક્યાંય પણ આવી અદ્ભૂત રચના જોવા મળી નથી. 'શક્તિયોગ' અધ્યાયની સંપૂર્ણ કલ્પના જ અનન્ય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી આ પ્રકરણમાં સમર્થ બનવાની પ્રેરણા કરે છે. આળસ, નિર્માલ્યતા, પરાધીનતાનો ત્યાગ કરીને દૃઢ, મજબૂત, શક્તિવાન બનો તેવી અદ્ભુત પ્રેરણા અહીં મળે છે. જૈન સાહિત્યમાં અને મોટે ભાગે ભારતીય ધાર્મિક સાહિત્યમાં જે ઉપદેશ કરવામાં આવે છે તેમાં ત્યાગ, ભક્તિ, તપશ્ચર્યા ઈત્યાદિ વિશેષ નિહાળવા મળે છે, પરંતુ, એક ધર્માચાર્ય શક્તિમંત્ર બનવાની પ્રેરણા કરે છે તેવું અહીં વિરલ સ્વરૂપે પ્રાપ્ત થાય છેઃ આ એક ક્રાન્તિ ગણવી રહી.

જે વ્યક્તિ સમર્થ છે તેનું ધર્માચરણ પણ સૌને વિશેષ પ્રેરક બને છેઃ જેનું જીવન સમર્થ નથી તેનું ધર્માચરણ, વ્યક્તિત્વ, કૌશલ્ય ઉત્તમ હોવા છતાં પરંપરાશીલ મનાય છે.

આળસ જેવો જીવનનો કોઈ બીજો શત્રુ નથી. નિર્માલ્યતા ય પળે પળે જીવનને ખતમ કરતો અગ્નિ છે. પરાધીન બનીને જીવવા કરતાં સ્વમાન સાથે જીવવું બહેતર છે.

આ વિચાર અને આચારની મજબૂત ઉપદેશધારા 'શક્તિયોગ'માં આપણે જોઈ હતી.

'શક્તિયોગ અનુમોદના' પ્રકરણમાં બુદ્ધિનિધાન મંત્રીશ્વર અભયકુમાર દ્વારા અધ્યાયનો પ્રારંભ થાય છે. અત્યંત બુદ્ધિશાળી મંત્રીશ્વર અભયકુમાર 'શક્તિયોગ'ની અનુમોદના કરે છે તે કલ્પના જ કેવી ઉત્તમ છે!

'શક્તિયોગ અનુમોદના' અધ્યાયમાં ૨૩ શ્લોક છે એટલે તે તમામ ગાથાઓ અહીં અર્થ સમેત મૂકું છુંઃ

शक्तियोगं समाकर्ण्य, युवराजाभयोऽभयः ।
हर्षोल्लासेन संस्तौति, शक्तियोगं गुणालयम् ।।
सिंहवज्जैनसंघेन, स्थातव्यं सर्वशक्तिभिः ।
सिंहाङ्कितो महावीर, आज्ञापयति सर्वथा ।।
जयतु श्रीमहावीरो, जैनधर्मप्रकाशकः ।
पातु चरमतीर्थेशो, जैनानां सर्वशक्तिदः ।।
सर्वपराक्रमख्यातः, सिंहलाञ्छनसंज्ञया ।
पञ्चमारे महावीरो, भूयान्नः सर्वशक्तिदः ।।
प्राप्तव्या जैनसंघेन, सर्वजातीयशक्तयः ।
जैनानां जीवनं नैव, कलौ शाक्तिं विना कदा ।।
मनोवाक्कायशक्तीनां, विकासो योग्यशिक्षणैः ।
कर्त्तव्यः सर्वसंघेन, देशकालानुसारतः ।।
स्वात्मरक्षणशस्त्रादिशिक्षणं सर्वयुक्तितः ।
सर्वथा सर्वदा ग्राह्यं, धर्मस्वातन्त्र्यरक्षकम् ।।
विद्याव्यापारसत्तादिशक्तीनां रक्षणार्थिभिः ।
शौर्याद्यैः सिंहवज्जैनैः, स्थेयं सर्वत्र कर्मसु ।।
निर्बला नैव जीवन्ति, शक्तिविद्याधनं विना ।
प्राकट्यं सर्वशक्तीनां, जैनसंघोन्नतिप्रदम् ।।
कलिधर्माऽनुसारेण, सर्वजातीयशक्तये ।
जैनानां वर्त्तनं धर्म्यमैक्यञ्च सर्वशक्तिदम् ।।
अल्पदोषमहालाभकारकमपवादतः ।
चतुर्वर्णस्थसज्जैनैः, सेव्यं कर्मसु शक्तिदम् ।।
सूरिवाचकसाधूनां, साध्वीनाञ्चाऽपवादतः ।
शक्तिवर्द्धककर्माणि, शुभानि पञ्चमारके ।।
शक्तिदायककर्माणि, जैनानामपवादतः ।

भविष्यति कलौ तत्र, वर्त्तनं धर्महेतवे ।।
देशकालाऽनुसारेण, स्वातन्त्र्यशक्तिवर्द्धका: ।
उपाया यत्नत: सेव्या, विद्याक्षात्रबलप्रदा: ।।
श्रीवीरस्यार्पणं कृत्वा, संप्राप्तसर्वसंपदाम् ।
जैनैरैक्य विद्यायैवं, साध्या सर्वोन्नति: सदा ।।
प्रतिपक्षिजनै: सार्द्धं, सावधानतया सदा ।
सर्वशक्तिबलेनैव, वर्त्तितव्यं सुयुक्तित: ।।
राज्यधर्मादिसाम्राज्यरक्षकवर्द्धकानि वै ।
कर्माणि जैनसंघेन, कर्त्तव्यानि विशेषत: ।।
प्रजाराष्ट्रमहासंघविकासाय मनीषिभि: ।
उदाराशयबन्धेन, संपाद्या: सर्वशक्तय: ।।
चतुर्विधप्रजासंघस्वातन्त्र्यशक्तिवर्द्धका: ।
औत्सर्गिकाऽपादाभ्यां, संस्थाप्या धर्म्यनीतय: ।
शक्तियोग: सदा श्रेष्ठो, वर्द्धमानेन भाषित: ।
संप्रति भारते तस्य, महत्ता भाविनी तथा ।।
भविष्यज्जैनसंघेन, शक्तियोगाप्तये सदा ।
वर्त्तितव्यं प्रयत्नेन, तत्र श्रीर्विजयो ध्रुवम् ।।
देशकालसमाजाऽनुसारिणो धर्म्यनीतित: ।
शक्तियोगं समालम्ब्य, जैना जयन्तु सर्वदा ।।
शक्तियोग: समाख्यातो, महावीरेण सर्वथा ।
संस्तुत: शक्तियोगस्तु, श्रेणिकाऽभयमन्त्रिणा ।।

**યુવરાજ અભયકુમારે 'શક્તિયોગ' (વિશે) સાંભળીને હર્ષ અને ઉલ્લાસ વડે ગુણના ભંડાર સમા 'શક્તિયોગ'ના વખાણ કરવા લાગ્યો:**

**'સર્વ શક્તિઓ વડે સિંહની જેમ જૈન સંઘે રહેવું જોઈએ, એમ સિંહ અંકિત (એટલે સિંહ જેમનું ચિહ્ન-લાંછન-છે તેવા) મહાવીર આજ્ઞા આપે છે.'**

**'જૈન ધર્મના પ્રકાશક શ્રી મહાવીર જય પામો. જૈનોને સર્વશક્તિ આપનાર ચરમતીર્થેશ જૈનોનું રક્ષણ કરો.'**

**'સિંહ લાંછનસંજ્ઞાથી સર્વ પરાક્રમ વડે પ્રખ્યાત મહાવીરસ્વામી પાંચમા આરામાં શ્રેષ્ઠ છે, તે સર્વ શક્તિ આપનાર છે.'**

**'સર્વ જાતની શક્તિઓ જૈન સંઘે પ્રાપ્ત કરવી જોઈએ (સર્વ રીતે સમર્થ બનવું જોઈએ) કલિયુગમાં શક્તિ વિના જૈનોનું જીવન નથી.'**

**'મન, વચન અને કાર્ય શક્તિનો વિકાસ યોગ્ય શિક્ષણ દ્વારા (કરવો જોઈએ), દેશ અને કાળ અનુસાર સર્વ સંઘે (સામર્થ્ય) પ્રાપ્ત કરવું જોઈએ.'**

**'આત્મ રક્ષણ માટે શસ્ત્ર વગેરેનું શિક્ષણ સર્વ યુક્તિ વડે પ્રાપ્ત કરવું જોઈએ. (અને તેમ કરીને) ધર્મસ્વાતંત્ર્યનું રક્ષણ કરવું જોઈએ.'**

**'વિદ્યા, વ્યાપાર, સત્તા વગેરે શક્તિઓના રક્ષણ કરનારાઓએ સિંહની જેમ શૌર્ય વડે સર્વ કર્મમાં (પ્રવૃત્ત) રહેવું જોઈએ.'**

**'શક્તિ, ધન વગેરેના નિર્બળ માણસો જીવતા નથી. સર્વશક્તિનું પ્રાકટ્ય થવાથી જૈન સંઘની ઉન્નતિ થાય છે.'**

**'કલિયુગમાં ધર્મ અનુસાર સર્વ જાતિની શક્તિ માટે જૈનોનું વર્તન, ધર્મ, ઐક્ય અને સર્વ શક્તિ આપનાર છે.'**

**ચાર વર્ણના લોકોએ અલ્પ દોષવાળા, મહાલાભ આપનારા કાર્યો અને શક્તિ આપનારા કાર્યો કરવા જોઈએ.'**

**'પાંચમા આરામાં સૂરિ, વાચક, સાધુઓ અને સાધ્વીઓના શક્તિવર્ધક કાર્યો શુભ હોય છે!**

**'કલિયુગમાં-કઠિન કાળમાં ધર્મના હેતુ માટે શક્તિવર્ધક કાર્યો કરવા જોઈએ.'**

**'દેશ અને કાળ અનુસાર વિદ્યા અને ક્ષાત્રબલ આપનારા તથા સ્વાતંત્ર્ય શક્તિ વધારનારા ઉપાયો પ્રયત્નપૂર્વક કરવા જોઈએ.'**

**'શ્રી મહાવીર સ્વામીને અર્પણ કરીને, સર્વ સંપત્તિઓ અર્પણ કરીને, જૈનોએ ઐક્ય સાધીને સદા સર્વદા ઉન્નતિ સાધવી જોઈએ.'**

**'યુક્તિ-પ્રયુક્તિપૂર્વક, સર્વશક્તિ અને બળથી સાવધાનીપૂર્વક, પ્રતિપક્ષના લોકો સાથે વર્તવું જોઈએ.'**

**'જૈન સંઘોએ રાજ્ય, ધર્મ, સામ્રાજ્યવર્ધક એવા કાર્યો વિશેષ કરવા જોઈએ.'**

**'વિદ્વાનોએ પ્રજા, રાષ્ટ્ર, મહાસંઘ વગેરેના વિકાસ માટે ઉદાર આશય/વિચારથી, સર્વશક્તિથી સંપાદન કરવું જોઈએ.'**

**ચાર પ્રકારના પ્રજાના-(ચતુર્વિધ)-સંઘના સ્વાતંત્ર્ય શક્તિ વધારનારા ઔત્સર્ગ, અપવાદ, વગેરે દ્વારા ધર્મનીતિઓ સ્થાપવી જોઈએ.'**

**'વર્ધમાન સ્વામીએ સદા શ્રેષ્ઠ શક્તિયોગ કહ્યો છે. આજે ભારતમાં તેની મહત્તા વિશેષ છે. ભવિષ્યમાં પણ તે વધશે.'**

**ભવિષ્યમાં જૈન સંઘ વડે શક્તિયોગની પ્રાપ્તિ માટે પ્રયત્નપૂર્વક વર્તવું જોઈએ, તેમાં જ નિશ્ચિત વિજય છે.'**

**'ધર્મ અને નીતિથી દેશ, કાળ, સમાજ શક્તિયોગનું આલંબન કરીને જૈનો સદા જય પામો.'**

**'શ્રી મહાવીરે સર્વથા શક્તિયોગ કહ્યો છે. શ્રેણિક વગેરે તથા અભય મંત્રી વગેરેએ શક્તિયોગની સ્તુતિ કરી છે.'**

શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનું જીવન અને કાર્ય જાણનારને ખબર છે કે તેઓ કેટલા પ્રભાવી અને પ્રતાપી સાધુપુરુષ હતા: તેમની ગદ્ય કે પદ્યની તમામ રચનાઓમાં ખુમારી, ઝિંદાદીલી, સમર્પણ અને સામર્થ્યના સુપેરે દર્શન થાય છે. જૈન સંઘ પણ, સત્ત્વથી ભરપૂર અને શક્તિથી પરિપૂર્ણ હોય તેવી તીવ્ર અપેક્ષા સાથે 'શક્તિયોગ અનુમોદના'ની રચના તેમણે કરી છે. 'શક્તિયોગ'ની કલ્પના જ વિરલ અને વિશિષ્ટ છે. આ અધ્યાયનો સંદેશ જૈન સંઘમાં પ્રસારવો જોઈએ, સર્વત્ર.

શક્તિયોગનો સંદેશ એટલે સર્વોન્નતિનો સન્માર્ગ. **(ક્રમશ:)**

(આચાર્યશ્રી મુંબઈમાં પ્રાર્થના સમાજ ચંદ્રપ્રભુ દેરાસરના ઉપાશ્રયમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન છે.)

# જયભિખ્ખુ જીવનધારા : ૨૦

☐ ડૉ. કુમારપાળ દેસાઈ

*[બાળકો અને યુવાનો માટે સાહસકથાઓનું સર્જન કરનાર સાહિત્યકાર 'જયભિખ્ખુ'ને ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીના ગુરુકુળમાં અભ્યાસ કરતી વખતે કેટલાય અનુભવો થયા. આ અનુભવોએ સર્જક 'જયભિખ્ખુ'ના કવન પર ગાઢ પ્રભાવ પાડ્યો. એવા એમના વિદ્યાર્થીકાળના પ્રસંગને જોઈએ આ વીસમા પ્રકરણમાં.]*

## અહિંસાનો મહિમા અને અપરિગ્રહનું પાપ

ઉનાળાની રજામાં પ્રવાસે નીકળેલા જગત, ભીખાલાલ અને એમની મિત્રમંડળી ઘોર જંગલમાંથી પસાર થઈ રહી હતી, ત્યારે સામેથી પંદરેક માણસો ઝડપભેર આવતા દેખાયા. એમાંથી બેના હાથમાં દારૂ ભરીને ફોડવાની જૂની બંદૂક હતી, તો કેટલાકની પાસે તલવાર અને લાઠીઓ હતી. કોઈએ ફાટેલા કપડાં પહેર્યાં હતાં, તો કોઈ અર્ધનગ્ન હતા, આમ છતાં મધરાતે આ ટોળીનો વેશ, હથિયાર અને એમના ચહેરા બિહામણાં લાગતાં હતાં. ભીખાલાલ (જયભિખ્ખુનું હુલામણું નામ), જગત અને બીજા કેટલાક સાથીઓ અને બે ગાડાંવાળા સામેથી આવતા ડાકુઓને જોઈ રહ્યા.

જગત બંદૂક લઈને બાજુની ઝાડીમાં છુપાઈ ગયો, પરંતુ ભીખાલાલે એને સંકેત કર્યો કે અમારી સંમતિ વગર તું બંદૂકનો ઘોડો દબાવતો નહીં અને ડાકુઓ પર ગોળી ચલાવતો નહીં. ભીખાલાલ વિચારતા હતા કે ભલેને ખૂંખાર લૂંટારા હોય, પણ આપણી પાસેથી શું લૂંટી જવાના ? આપણી પાસે તો આ વેલ્સનું કમ્પોઝિશન અને હેમચંદ્રાચાર્યનું 'અભિધાનચિંતામણિ' છે.

જગતે કહ્યું, 'આવી મજાક જવા દે, મશ્કરીનો આ સમય નથી. આ લોકો તો જે મળે તે લૂંટી લેવા નીકળેલા ધાડપાડુ છે. એમને તો એક પહેરણ મળે, તો પણ ગનીમત સમજી ઉપાડી જવાના.'

'તે ભલેને લઈ જાય આપણાં પહેરણ કે પુસ્તકોથી એમનું દળદર (દારિદ્ર્ય) દૂર થશે ખરું ?'

જગતે કહ્યું, 'એવું નથી. જરા વિચાર કર. મારી પાસે આ બંદૂક છે અને એ બંદૂક એમને માટે હજારો રૂપિયાની લૂંટ કરતાં વધુ કીંમતી છે.'

ભીખાલાલે મજાક કરી, 'ઓહ, શસ્ત્રધારીને શસ્ત્રનો ડર!'

જગત આવી મજાકથી અકળાયો અને બોલ્યો, 'કેમ, તને કશો ભય લાગતો નથી ?'

ભીખાલાલે કહ્યું, 'અરે, અમને ફકીરને વળી લૂંટાવાનો ભય શો ?'

'એમ તો એનો અર્થ એવો કે તમને મારે કારણે ભય લાગે છે, પણ જો હું ક્યાંક લપાઈ-છુપાઈને આ જંગલમાં ચાલ્યો જઈશ, પછી તમે લોકો આ બધાનો કઈ રીતે સામનો કરશો ? ભરસભામાં ચીરહરણ થતાં દ્રૌપદીને જેમ શ્રીકૃષ્ણને સાદ દેવો પડ્યો હતો તેમ તમારે મને સાદ કરી કરીને આજીજીપૂર્વક બોલાવવો પડે. તમને બચાવવા માટે મને પારાવાર વિનંતી કરવી પડે.'

ભીખાલાલે કહ્યું, 'ભાઈ, ખોટું ન લગાડતો, પરંતુ પહેલાં અમને આ લૂંટારુઓ સાથે સીધો મુકાબલો કરી લેવા દે. શસ્ત્રવિહોણા અમે સફળ પણ જઈએ. જો અમે નિષ્ફળ જઈએ તો તું અમને બચાવજે. જેમ શ્રીકૃષ્ણ દ્રૌપદીની વ્હારે ધાયા હતા તેમ!'

જગત અકળાયો. એને થયું કે ભીખાલાલ અને એમની મિત્રમંડળી ખોટી જીદ કરે છે. બંદૂકનો ધડાકો કરીએ તો બધા પોબારા ગણી જાય. પણ ખેર, જગતે વિચાર્યું કે એમને જેમ કરવું હોય તેમ કરે. આફતની વેળાએ હું મારો ઉપાય અજમાવી લઈશ.

અને પથ્થરોની આડમાં લપાતું-છુપાતું સસલું જેમ ચાલ્યું જાય, એમ જગત આ જંગલમાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો. એને જાણે કશી વાતનો ભય ન હતો. થોડી વાર નદીના પાણીમાં થોડું હલનચલન થયું. ક્યાંક કોઈ પથરો પડ્યો હોય તેમ લાગ્યું. કોઈ તરતું જણાયું, પણ પળવારમાં સઘળું શાંત થઈ ગયું.

આ બાજુ ડાકુઓ ધીરે ધીરે મિત્રમંડળીની નજીક આવી ગયા. એમની રીત એવી હતી કે એ જેમ જેમ નજીક આવતા હતા, તેમ તેમ તેમની ટોળી ઓછી થતી હતી અને એક પછી એક ડાકુ આજુબાજુની ઝાડીમાં છુપાયેલા કોઈ હુમલો કરે નહીં. ડાકુની ટોળી નજીક આવી, ત્યારે માત્ર પાંચ જ ડાકુઓ રહ્યા હતા.

મુખ્ય ડાકુનો દેખાવ ચિત્રવિચિત્ર હતો. એણે જૂની ખાખી બ્રિજિસ પહેરી હતી. જોકે એ બ્રિજિસ પર લાગેલાં મોટાં થીંગડાં અને ચોંટેલો મેલ દેખાઈ આવતાં હતાં. એમ જણાતું હતું કે આ બિચારી બ્રિજિસને કદાચ બે મહિનાથી સાબુ કે પાણી એકેય નો ચોખ્ખા થવા માટે યોગ નહીં સાંપડ્યો હોય. બ્રિજિસ પર લશ્કરી ઢબનો કોટ હતો. આ કોટ તો બ્રિજિસ કરતાંય વધુ મેલો હતો. એના ઊતરડાઈ ગયેલાં ખિસ્સાં ચાડી ખાતાં હતાં કે એમાં કંઈ ભરેલું હશે જ નહીં. આવા દેદારમાં વળી એક વિચિત્ર વાત એ હતી કે એણે માથે ફાળિયું પહેર્યું હતું. આ ફાળિયું ઘંટીના પડ જેવું પહોળું લાગતું હતું. જોકે એ પછી ભીખાલાલને ખ્યાલ આવ્યો કે આનું કારણ એ છે કે કાંસાની તાંસળી મૂકીને એના પર ફાળિયું બાંધ્યું હતું, જેથી માથા પર ઘા થાય તો રક્ષણ મળી શકે. દાઢી-મૂછ વધી ગયેલી હતી અને એને બુકાની નીચે મુશ્કેટાટ બાંધી હતી. આમ એના દેદારમાં કોઈ ડર દેખાતો નહોતો. માત્ર એટલું જ કે એની લાલઘૂમ ખૂની આંખો ખુદ યમરાજને પણ ડરાવે તેવી હતી.

એની પીઠ પર દેશી બનાવટની બંદૂક લટકતી હતી અને હાથમાં મોટી ડાંગ હતી. કવર પર પતરાંની નાની ચંબૂ આકારની કોથળી ઝૂલતી હતી, જેમાં બંદૂકનો દારૂ ભરેલો હતો.

નજીકનું નરવર ગામ બંદૂકો બનાવવા માટે પ્રખ્યાત હતું અને ડાકુના સરદાર પાસે એ ગામની બનાવટની જ બંદૂક હતી. એની કાયા પડછંદ હતી, પરંતુ અવાજ ખોખરો હતો. એની બિહામણી નજર અને ખોખરો અવાજ સામી વ્યક્તિને ભયભીત કરવા માટે પૂરતાં હતાં. એની લગોલગ ચાલતા ચાર ડાકુઓમાંથી એકની પાસે બંદૂક હતી. બીજા પાસે ભાલા અને ડાંગો

હતાં. તેઓ આ ગોઠિયાઓની મંડળીની સાવ લગોલગ આવી પહોંચ્યા. ભીખાલાલ સાવધ બની ગયા.

જન્મજાત સંસ્કાર અને ગુરુકુળના શિક્ષણને એમને શીખવ્યું હતું કે હિંસા અને મારામારી કરતાં સમજાવટ અને સમાધાન વધુ અસરકારક છે. એમણે જોયું કે બંદૂકની આ સાઠમારીમાં બંને બાજુથી એકાદ માણસ જીવ ગુમાવવાનો આનો અર્થ શો? આથી નાછૂટકે બંદૂક અજમાવવી, એવો ભીખાલાલનો મત હતો અને એથી જ પોતાના મિત્ર જગતને વાર્યો હતો.

પાંચેય ડાકુ નજીક આવ્યા ભીખાલાલના નાના મિત્રો એમની પીઠ પાછળ લપાઈને ઊભા રહ્યા. ભીખાલાલ પોતાની સઘળી હિંમત એકઠી કરીને ડાકુઓ સામે ઊભા રહ્યા. જંગલ ઉપર રૂપેરી ચાંદની વરસતી હતી અને એના અજવાળામાં આખી સૃષ્ટિ ચમકતી હતી. બાજુમાં નદીના વહેતા પાણીનો ધીમો ધીમો અવાજ આવતો હતો. ઊંચાં વૃક્ષોમાંથી ધીમે ધીમે વહેતા પવનનો ખડખડાટ વાતાવરણની ભયાનકતામાં ઉમેરો કરતો હતો. ઘનઘોર ગીચ ઝાડીમાંથી અણધાર્યાં જાગતાં પ્રાણીઓના અવાજથી હૃદયમાં કંપારી છૂટતી હતી. ભીખાલાલે સહેજ નજર ફેરવ તો જુદી જુદી દિશાએથી બે-બે ત્રણ-ત્રણ ડાકુઓ આવીને ઊભા રહ્યા. 'કૌન હો?' ડાકુઓના સરદારનો ખોખરો પણ ડરામણો અવાજ જંગલની નીરવ શાંતિમાં ગાજી ઊઠ્યો.

હિંમતભેર થેલો લઈને ઊભેલા ભીખાલાલે કહ્યું, 'વિદ્યાર્થી!'

ત્યાં સામેથી વળતો દાંચ વચ્ચે કચડાતો અવાજ આવ્યો, 'બિ...દ્યા...ર્થી...' અને પાંચ ડાકુઓ ડાંગ ખખડાવતા બધાની આસપાસ વીંટળાઈ વળ્યા.

ડાકુઓએ ચારે દિશાથી મિત્રમંડળીને ઘેરી લીધા. ભીખાલાલે વિચાર્યું કે સારું થયું કે જગત અહીંથી સરકી ગયો, નહીં તો એણે અકળાઈને બંદૂક ચલાવી હોત અને સારું કરવા જતાં ઘણાના જાન જાત.

'બિદ્યાર્થી છો? આવા જંગલમાં શું કરો છો? કોઈ અહીં લૂંટી જશે, તો તમને કોણ બચાવશે?' મેલાઘેલા કોટ પર હાથ ફેરવતા ડાકુઓના સરદારે એની ગામઠી હિંદીમાં વાત કરી, પરંતુ આ બોલતી વખતે પણ એની નજર તો આ વિદ્યાર્થીના પોશાક અને એમના સામાનની જડતી લઈ રહી હતી.

'અમે પ્રવાસે નીકળ્યા છીએ. આ વહેતી નદીનું સુંદર પ્રકૃતિ દૃશ્ય જોઈને અમે અહીં રાતવાસો કર્યો. અમારી પાસે લૂંટવાનું શું હોય? અમને કોણ લૂંટે? વિદ્યાર્થી તો દખણા (દક્ષિણા)નો હકદાર કહેવાય.' ભીખાલાલે બધી હિંમત ભેગી કરીને જવાબ આપ્યો. બંદૂકની ગોળીની સામે પ્રેમની ભાષાથી ડાકુઓને સમજાવવાનો એમનો હેતુ હતો.

'તમારી પાસે કોઈ સામાન જ નથી?' દૂર ઊભેલા ગાડાવાળા સામે જોઈને સરદારે પૂછ્યું.

વિદ્યાર્થીના ભોળાભાવ સાથે ભીખાલાલે મીઠી જબાનમાં કહ્યું, 'અમારા સામાનમાં આ છે અમારા થેલાઓ. કહો તો અમારા થેલામાં શું છે એ બતાવું?' એમ કહીને ડાકુઓ પાસે સહેજ હસતાં હસતાં જઈને ભીખાલાલે થેલામાંથી એક પછી એક ચીજ કાઢીને રજૂ કરતાંકહ્યું, 'આ લખવાના કાગળો, આ ભણવાનાં પુસ્તકો, આ ચડ્ડી અને ખમીસ, આ ચીતરવાના રંગોની પેટી, આ કંપાસ બૉક્સ, આ અમારી ડાયરી અને દોરી-લોટો. ભૂખ લાગે તો ફાકવા માટે આ ચણા અને હથિયારમાં માત્ર આ પેન્સિલ છોલવાનું નાનું ચપ્પુ.'

ડાકુઓના સરદારે નિરાશ વદને આ બધી વસ્તુઓ સામે જોયું અને પછી બાકીના છોકરાઓની આસપાસ ફર્યો. એને સાચી સ્થિતિનું માપ મળી ગયું, પરિણામે એની ભયાનક મુખમુદ્રા થોડીક સૌમ્ય બની. ભીખાલાલ એના ચહેરા પરના ભાવો પારખી ગયા. એમની હિંમત પણ થોડી વધી ગઈ. એમના સાહસને જોઈને બીજા મિત્રો પણ ઉત્સાહી બન્યા.

ડાકુઓના સરદારે નજીકના એક મોટા ખડક પર ડાકુની આગવી છટાથી બેસતાં કહયું, 'તમે વિદ્યાર્થી છો, એમ કે? તમને ખબર હોવી જોઈએ કે ચાર દિવસ પહેલાં અહીં એક જાન લૂંટાઈ હતી.'

'જાન લૂંટાય એમાં અમારે શું? અમે તો વિદ્યાર્થીઓ. દુનિયામાં ભય માયાનો છે, અમારી પાસે માયા જ ન હોય ત્યાં ભય ક્યાંથી હોય? અને અમનેય ઘણી વાર થાય કે લોકો શા માટે બીજાને મારઝુડ કરતા હશે!- લૂંટતા હશે! એમને કોઈ લૂંટે તો કેવું થાય?'

ભીખાલાલનો આ ઉત્તર સાંભળતાં જ ડાકુઓના સરદારની આંખ જરા ચમકી. એણે ભયંકર અટ્ટહાસ્ય કર્યું અને બોલ્યો, 'છોકરાઓ, આ તો માથા સાટે માલ લેવાનો છે. લૂંટનાર કંઈ મહેમાન થઈને લેવા નથી આવતા. આપનારા કંઈ એમને મા-જણ્યા ભાઈ ગણીને એમ ને એમ આપી દેતા નથી!'

ભીખાલાલની હિંમત હવે વધી ગઈ હતી. ભય નષ્ટ થયો હતો અને સાહસ એક પછી એક ડગલું આગળ વધવા પ્રેરતો હતો. ભયાનક જંગલમાં ડાકુઓની ટોળીને આ વિદ્યાર્થીઓ જાણે એના દિલની વાત કહેતો હોય એવા ભોળપણ સાથે કહ્યું, 'આવી લૂંટ કરવાની શી જરૂર?' ભગવાને ક્યાં હાથપગ નથી આપ્યા.' અને પછી ભીખાલાલે સાંભળેલી એ ઉક્તિ સૂફિયાણી સલાહ રૂપે ડાકુઓને કહી, 'એ મારો વહાલો સહુને ભૂખ્યા ઉઠાડે છે, પણ ભૂખ્યા સુવાડતો નથી. અને પછી ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીની આને લગતી કથા કહેવાનો આ વિદ્યાર્થીઓ પ્રારંભ કર્યો એટલે અકળાઈને સરદારે આ વિદ્યાર્થીને અધવચ્ચે જ અટકાવ્યો.

સરદારની આંખો દૂર દૂર ઝાડીને વીંધતી ચોપાસ ઘૂમતી હતી. એના સાથીદારો ચોતરણ છુપાયેલા હતા. ખૂનની ઇચ્છાવાળો એનો આત્મા અતૃપ્ત અને બેચેન હતો, ત્યારે એણે કહ્યું, 'અલ્યા છોકરાઓ, બીજા કોઈ હોત તો બધી વાતનો બંદૂકથી જવાબ આપત, પણ તમે ઇલમ (વિદ્યા) પઢતા વિદ્યાર્થીઓ છો તેથી એટલું કહી દઉં કે તમને કોઈ સાચું ભણાવતું નથી.'

'એટલે શું?' ડાકુના ભયથી મુક્ત થયેલા ભીખાલાલે એક સાથીએ પ્રશ્ન કર્યો, 'તો શું અમે બધા ભણીએ છીએ એ સાવ ખોટું છે?'

સરદારે કહ્યું, 'દુનિયામાં ક્યાં કોઈ સાચું ભણાવે છે? તમારા દેશનો ખેડૂત એની દેવાદાર સ્થિતિ, દર પાંચ વર્ષે આવતો દુકાળ, ઓછા કસવાળી ભૂમિ-આ બધાં અમારાં દુઃખો કોણ તમને સમજાવે? તમે મોટા થશો એટલે અંગ્રેજી ભણી અમલદાર પણ થશો. કોઈક દિવસ કોઈ લૂંટારાની પાછળ પડો કે એનો ઈન્સાપ તોળવા બેસો તો એટલો ખ્યાલ જરૂર રાખજો કે એને પણ બીબીબચ્ચાં, નિરાંતનું ભોજન ને પરસેવાનો રોટલો ગમતો હતો. એ લૂંટારું ત્યારે જ બન્યો હશે કે જ્યારે પરસેવાનો એક રોટલો પણ પેટ ભરવા મેળવી શક્યો નહિ હોય, બીબી-બચ્ચાં સામે રોતાં-કકળતાં હશે, ત્યારે જ એની અંદરનો શેતાન ધૂણી ઊઠ્યો હશે.'

સરદારના હૃદયસોંસરવા નીકળતા શબ્દોએ વિદ્યાર્થીઓના મનમાંથી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું છેલ્લું)

# સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **વિચારોનું ઘરુવાડિયું**
લેખક : **મનુભાઈ શાહ**
પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
દેરાસર પાસે, ગાંધી રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય : રૂ. ૪૫/, પાના :૮૬, આવૃત્તિ : ૧, ઈ. સ. ૨૦૦૦.

આ પુસ્તકની વિશેષતા એ છે કે તેની ભાષા સાદી, વાક્યો સરળ, વિચારો સચોટ-સ્પષ્ટ સમજાય તેવા અને લખાણ ટૂંકું ટચ છે.

દરેક વાચને રસ પડે તેવા ૮૫ વિચારોને એરણ પર ચડાવી અહીં રજૂ કર્યા છે. આમાંના ઘણાં મુદ્દાઓ જીવાતા જીવનને સ્પર્શે છે. સાથે સાથે ધર્મ, અર્થકરણ, સમાજજીવન, વિજ્ઞાન, પ્રકૃતિ, શિક્ષણ તેમ જ જીવન ઘડતર જેવા અનેક વિષયોને લેખક લાઘવતા પૂર્વક આવરી લીધા છે.

આ પુસ્તકમાં ૮૫ મુદ્દાઓ ઉપર એક-એક પાનામાં રજૂ કરેલા વિચારો વિદ્યાર્થીઓ તથા અન્ય વાચકોને નવી દૃષ્ટિએ વિચાર કરતા કરી મૂકે તેવા છે.

એક અનુભવી શિક્ષક તરીકે લેખકનું ચિંતન સર્જન 'વિચારોનું ઘરુવાડિયું' વાચક વર્ગના જીવન માટે પથદર્શક બની શકે તેવું છે.

x x x

પુસ્તકનું નામ : **સૂર્યના કિરણો અનેક**
લેખક : મનુભાઈ શાહ
પ્રકાશક : **લોકભારતી**
મનુભાઈ શાહ પ્રકાશન, સણોસરા.
મૂલ્ય : રૂ. ૩૦/-, પાના :૯૨, આવૃત્તિ : ૨૦૦૧.

બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા, ઈશુનો પ્રેમ, સોક્રેટિસની લોકપ્રિયતા, રામની પરિવાર ભાવના, કૃષ્ણની રાજનીતિ, હિન્દુધર્મની વિશાળતા, ગીતાનો કર્મયોગ-આ બધાંનો સમન્વય એટલે રાષ્ટ્રપિતા ગાંધીજી. આજે દુનિયા ગાંધીજીના વિચારોને ભૂલવા લાગી છે આજે દુનિયામાં ભયંકર ધરતીકંપ, દુકાળ, વાવાઝોડું, પૂર, હોનારત, તીર્થંકર આગમ. આ બધું થતું રહે છે. તેના કારણોમાં માણસનું દુષ્કૃત્ય અને અતૃપ્ત તૃષ્ણા છે. અને તૃષ્ણા જ સર્વનાશ વહોરનારું પરિબળ છે. કુદરત માનવને પોષે છે એ વાત જાણવા છતાં માનવી ભૌતિક તૃષ્ણા પાછળ આંધળી દોટ મૂકી રહ્યો છે.

આમાંથી બચવા વ્યક્તિ, સમાજ અને દુનિયાને સાચા માર્ગે લાવવા ગાંધી માર્ગ જ અનિવાર્ય છે.

આજના યુગમાં ઝડપી જગતમાં લોકો બહુ લાંબુ લાંબુ વાંચવા તૈયાર નથી એટલે ગાંધી વિચાર પરિચય, વાચન અને સેવન કરાવવાના ધ્યેયથી લેખકે આ પુસ્તક તૈયાર કર્યું છે.

યુવા પેઢીને આ પુસ્તકા વાચનથી આ દેશમાં આવો કોઈ મહામાનવ થઈ ગયો છે તેનો ખ્યાલ આવશે.

x x x

પુસ્તકનું નામ : **મનમાં ખીલ્યો મોગરો**
લેખક : શ્રીમતિ પારુલબેન ગાંધી
પ્રકાશક : **ભરાડ ફાઉન્ડેશન**
સરસ્વતી કોમ્પ્લેક્સ, ધર્મેન્દ્ર કૉલેજની સામે, યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય : રૂ. ૮૮/-, પાના :૧૨૮, આવૃત્તિ :૧-૨૦૦૯.

વાંચન, લેખન, ચિંતન અને મનન જેમના પ્રિય શોખ છે એવા પારુલબેન ગાંધીએ 'મનમાં ખીલ્યો મોગરો' પુસ્તકમાં ૩૬ જેટલી નાની-નાની પરંતુ હૃદયસ્પર્શી અને ચોટદાર બોધક કથાઓ આપી છે.

લેખિકાએ નાના નાના પ્રસંગોને સાંકળી લઈને કથા દ્વારા લોકો સમક્ષ વાત મૂકવાનો આ પુસ્તકમાં પ્રયત્ન કર્યો છે.

જૈન ધર્મની નાની નાની કથાઓના પાત્રો કેશી શ્રમણ, મૃગાપુત્ર, મેઘકુમાર મહાવીર અને ગૌતમ, ભરત ચક્રવર્તી, કપિલ કેવળી, પૂણિયા શ્રાવક, વગેરે ઉપરાંત રામાયણના પાત્રો, રામ અને કૈકેયી, રામરાવણ, સતિ સીતા, વગેરેના આધારે જૈન ધર્મના સિદ્ધાંતોમાં જીવદયા, અહિંસા, પ્રભુ મહાવીરનો સંદેશ વણી લઈ આ પ્રસંગકથાઓનું હૃદયસ્પર્શી આલેખન કર્યું છે.

આ પ્રસંગ કથાઓના શિર્ષક એવા આકર્ષક છે કે તે કથાના મર્મને પ્રકટ કરે છે. સરળ અને રસમય શૈલી દ્વારા પરોક્ષ રીતે આ કથાઓ બોધકાયક આ બની છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રી આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણકમ્ (સંસ્કૃત)**
સંપાદક-સંશોધક : **શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વર**
પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન અમદાવાદ
મૂલ્ય : રૂ. ૧૭૫/, આવૃત્તિ : ૧, ૨૦૧૦.

પરમ તારક પ્રભુ મહાવીરે શાસનના આરાધક ચતુર્વિધ સંઘ માટે અર્થથી પ્રરૂપિત અને ગણધર ભગવંતે સૂત્રિત ગૂંથિત અને ત્યારબાદ ચૌદ પૂર્વધરોએ સૂત્રિત કરેલ જિનવચનને આગમ કહેવાય છે. જય આગમોમાં જે દશપયન્નાનો સમાવેશ થાય છે તેમાં પ્રથમ 'ચતુઃશરણ પ્રકીર્ણકમ્' અને બીજા ક્રમે આવે છે 'આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણકમ્' શ્રી વીરભદ્ર નામના આચાર્ય આ ગ્રંથના મૂળ કર્તા છે.

પ્રસ્તુત આગમનું નામ 'આઉર પચ્ચખાણ પઈન્નયં' જે સંસ્કૃતમાં (આતુર પ્રત્યાખ્યાન પ્રકીર્ણકમ્ નામે પ્રખ્યાત છે આ ગ્રંથમાં મૃત્યુને સમતાભાવે વધાવવાનું કહે છે. આમ આતુર બનેલા સાધક 'આતુર' કહેવાય છે. અને સર્વ ત્યાગ કરવા જે પ્રત્યાખ્યાન-નિયમો કરે તેને 'આતુર પ્રત્યાખ્યાન' કહેવાય છે.

પ્રારંભ ગ્રંથકાર ગ્રંથનો પરિચય કરાવે છે. ૨ થી ૫ ગાથામાં શ્રાવકના બાર વ્રતોની સમજ આપી છે, ૮ સુધી બાલપંડિત મરણની વ્યાખ્યા અને વિધિની વાત કરી છે. ૯ મી ગાથામાં તેનું ફળ બતાવ્યું છે. દસમી ગાથામાં પંડિત મરણની શરૂ કરેલી વાત ૭૧ મી ગાથામાં પૂરી થાય છે.

આ ગ્રંથના વાચન-મનન અને ચિંતન દ્વારા અનેક સાધક આત્માઓને મૃત્યુને મહોત્સવ બનાવવાનો અભિગમ પ્રાપ્ત થશે.

x x x

પુસ્તકનું નામ : **'ધ્યાન શતકમ્' ભાગ-૧-૨ (સંસ્કૃત)**
સંપાદક : પૂ. આ. શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વર
પ્રકાશન : **સન્માર્ગ પ્રકાશન અમદાવાદ**
મૂલ્ય : રૂ. ૨૫૦/-, પાના:૧૬૮, આવૃત્તિ: ૧, '૦૯.

આ ગ્રંથમાં કર્તા ધ્યાન ધ્યયનનું સ્વરૂપ, ધ્યાનના કાળ, ધ્યાન પૂર્ણ થયા પછી શું શું કરવું અને ધ્યાનની વ્યાખ્યા કરી છે. આર્ત ધ્યાનના ચારે પાયાનું વર્ણન, સ્વરૂપ, રૌદ્ર ધ્યાનનું સ્વરૂપ, લેશ્યા તથા લિંગોનું વર્ણન કર્યું છે. ધર્મધ્યાનનું સ્વરૂપ, ૧૨ દ્વારોના નામો, શુકલધ્યાનનું સ્વરૂપ, ધ્યાતાનું સ્વરૂપ, તથા ધર્મધ્યાન અને શુકલધ્યાનનું ફળ બતાવ્યું છે. દશદષ્ટાંત વડે કર્મનાશ અને મોક્ષ સિદ્ધિ બતાવવામાં આવી છે. ધ્યાનના ઈદલૈકિક ફળ અને સાધુનો આચાર કઈ રીતે ધ્યાનરૂપ બને છે તે બતાવ્યું છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે ગ્રંથના વિષયને સમજવા માટે ચાર્ટસ પણ આપ્યા છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month ● Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11



## એ હૃદયસ્પર્શી દૃશ્ય

❑ ભોગીભાઈ શાહ

વર્ષો પહેલાં વડોદરામાં સદ્‌વિચાર પરિવાર અને બરોડા સિટીઝન કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે અખિલ ભારતીય લેપ્રસી કૉન્ફરન્સ ભરાયેલી. ભારતભરના લેપ્રોલોજીસસ, રક્તપિત્તક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો, ગુજરાત સરકારના રક્તપિત્ત વિભાગના તબીબો તથા પરદેશથી લેપ્રસી મિશનના કાર્યકરો આ કૉન્ફરન્સમાં ભાગ લેવા આવેલાં હતા. રક્તપિત્ત અંગેના શોધનિબંધો, પેપર્સ તેમજ તેની કામગીરી અંગેના વાર્તાલાપો રજૂ થયા હતાં. રક્તપિત્તગ્રસ્ત માનવીઓ અને સમાજ વચ્ચેની ગેરસમજ, ધિક્કાર અને ઘૃણાની ખાઈ પૂરવાનો એ પ્રશસ્ય પ્રયત્ન હતો.

બીજા દિવસે રાત્રે મનોરંજન કાર્યક્રમ તથા રક્તપિત્ત વિષય આધારિત શ્રી ડાહ્યાભાઈ ભક્ત દિગ્દર્શિત ફિલ્મ 'સમસ્યા' બતાવવામાં આવેલી. અને સવારે શહેરની લેપ્રસી કૉલોની તેમજ રક્તપિત્તગ્રસ્તો દ્વારા ચાલતા ચરખા કેન્દ્રની મુલાકાતનો કાર્યક્રમ ગોઠવેલો. અમે બધા વિદેશથી આવેલા લેપ્રસી મિશનના કાર્યકરો સાથે આ મુલાકાતમાં જોડાયાં હતાં.

પોતાના ઘરઆંગણે આવેલા મુલાકાતી મહેમાનોનું કૉલોનીના દર્દી ભાઈ-બહેનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું. અમે સૌ દર્દીઓ સાથે તેમની કામગીરી અંગે ઔપચારિક પૂછપરછ કરી રહ્યા હતાં ત્યારે મેં એક કૌતુક જોયું. અમારી સાથે આવેલા પરદેશી મિશનરી ભાઈ-બહેનો ભાષાની મુશ્કેલીને કારણે વાત તો ન કરી શક્યા પણ બધી ભાષા ભેદોને ઓગાળી નાંખે તેવા પ્રેમાળ વર્તાવથી તેઓએ દર્દીઓનું મન જીતી લીધું. આ દર્દી ભાઈઓને તેમની વિકલાંગતાને નજર અંદાજ કરી મિશનરીભાઈઓ તેમને પ્રેમપૂર્વક ભેટી તેમને પ્રેમાળ સ્પર્શથી પંપાળતા હતા.

આ હૃદયસ્પર્શી દૃશ્ય જોઈ હું ભાવવિભોર બની ગયો. મારી આંખો હર્ષાશ્રુથી ભરાઈ ગઈ. હું મનોમન મારી જાતને ઠપકારતો...ટકોરી રહ્યો, રે ! તું તો તારી જાતને રક્તપિત્તનો મોટો કાર્યકર કહેવડાવે છે અને તું આ દરદીનારાયણો વચ્ચે આભડછેડ રાખી સ્પર્શથી દૂર ભાગે છે ? મને મારી જાત માટે શરમ ઉપજી. લેપ્રસી કૉન્ફરન્સોમાં કે સેમીનારોમાં મોટી મોટી વાતો કરીને સરકારી પૈસાને જોરે કાગળ ઉપર મોટા મોટા લેપ્રસી પ્રોજેક્ટસ બતાવવાનો શો અર્થ ? કૉન્ફરન્સના મસમોટા ભોજન અને મિજબાનીઓના ખોટા ખર્ચા કરવાને બદલે આ પિડીત રોગીઓની પાસે જઈ, તેમના અંતરમાં ડોકિયું કરી તેમને શાતા આપવાનો પ્રયત્ન તો કોઈ કરો !

રક્તપિત્ત દર્દીઓને મન આ સેવાભાવી પરદેશી મિશનરીઓનો સ્પર્શ એ સાક્ષાત્ ઈશુનો પ્રેમાળ સ્પર્શ હતો. તે દૈવી સ્પર્શમાં ઋણ અને મનથી ભાંગી પડેલા આ અભાગી માનવીઓ માટે રોગમાંથી બેઠા થવાની શક્તિનો સ્રોત હતો તેમાં કોઈ સંદેહ નથી. જે દવાથી નથી થઈ શકતું તે દુઆથી શક્ય બને છે. રક્તપિત્તના દર્દીને પોતાના સ્વજનસમ ગણી તેમને ભેટી પડનાર એ પરદેશી મિશનરીઓ સમક્ષ મારું મસ્તક નમી પડ્યું. એ હૃદયસ્પર્શી દૃશ્યને જીવનભર હું ભૂલી શકીશ નહિ. સાથે સાથે જ્યારે રક્તપિત્તની કોઈ અસરકારક દવા નહોતી ત્યારે રક્તપિત્તના દર્દી શ્રી પરચૂરે શાસ્ત્રીને પોતાના સેવાગ્રામ (વર્ધા)ના આશ્રમમાં રાખી જાતે સારવાર-સુશ્રુષા કરનાર પૂ. ગાંધી બાપુની એ છબી મને હંમેશાં કુષ્ઠરોગીની સેવાનો પ્રેરક સંદેશો આપતી રહી છે. ✶ ✶ ✶

C/o. સુરેશા એપાર્ટમેન્ટ, ઈશ્વર ભુવન પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ટે. નં. (૦૭૯) ૨૬૪૩૧૮૮૪.

## પંથે પંથે પાથેય...

## જયભિખ્ખુ જીવનધારા–૨૦ : અહિંસાનો મહિમા અને અપરિગ્રહનું પાપ (અનુસંધાન પૃષ્ટ ૨૬થી ચાલુ)

એમનો ભય દૂર કર્યો. ધીરે ધીરે એમ લાગ્યું કે ગામના ચોરે એ કોઈ વડીલ સાથે વાતો કરતા હોય અને એ વડીલ પોતાના અનુભવની વાત કહેતા હોય.

ચાંદની રાત, ઝરણાનું ગાન, દૂર ઊભેલા ખામોશ પર્વતો અને આ બધાંની વચ્ચે એક ખડક પર બેઠેલ ડાકુઓનો બિહામણો સરદાર અને એની આજુબાજુ શાંત ભાવથી ઊભેલા આ વિદ્યાર્થીઓથી એક જુદું જ વાતાવરણ સર્જાય છે.

ધાર્મિક શિક્ષક પાસેથી વ્રતોનું શિક્ષણ અને વિવેચન લેનાર ગુરુકુળના આ વિદ્યાર્થીઓને એ રાત્રે અહિંસાના મહિમાનો અનુભવ થયો, પણ સાથોસાથ પરિગ્રહને કારણે સર્જાતા પાપની કથાઓ જાણવા મળી. ઘરઘોર રાતના જંગલમાં મેળવેલા આ એક કલાકના અનુભવે બાળકોને એવું પ્રત્યક્ષ શિક્ષણ આપ્યું, જે કદાચ જીવનભર એમને મળવું મુશ્કેલ હતું.

એવામાં દૂર કંઈ ખળભળાટ સંભળાયો અને અચાનક બંદૂકનો અવાજ આવ્યો. આગેવાને બંદૂક હાથમાં લીધી અને વિદ્યાર્થીઓ સાથેના ભોમિયાને પૂછ્યું, 'તમે આ તરફ આવ્યા, ત્યારે બીજા કોઈ જંગલમાં આવનારના સમાચાર હતા ?'

ભોમિયાએ કહ્યું, 'હા, નરવરમાં શિકારનો પ્રોગ્રામ ગોઠવાયો હતો એટલે પોલીસની ટુકડી આવવાની હતી.'

'પોલીસ !' આ શબ્દો સાંભળતાં જ હરણ ફાળ ભરે તેમ લાંબી ફાળ ભરતાં બધા દક્ષિણ દિશા તરફ દોડી ગયા. ભીખાલાલ અને બધા ગોઠિયાઓને નિરાંત થઈ, પણ સૌની નજર શોધતી હતી કે આપણો સાથી જગત ક્યાં છે.

**(ક્રમશઃ)**

✶ ✶ ✶

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.